દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 305 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 December 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બાંગ્લાદેશમાં વધુ એક હિંદુને રહેંસી નખાયો


અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ

ઢાકા: બાંગ્લાદેશના રાજબારી જિલ્લામાં બુધવારે મોડી રાતે ગ્રામ્યજનોના ટોળાએ એક હિંદુ માણસને ઢોરમાર મારીને મારી નાખ્યો હતો.

અગાઉ, બાંગ્લાદેશના માયમેનસિંહના ભાલુકામાં કાપડના કારખાનામાં કામ કરતા ૨૭ વર્ષીય હિંદુ દીપુચંદ્ર દાસને ટોળાએ મારમારીને ઝાડ પર લટકાવીને સળગાવી દીધો હતો.

પોલીસ આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ (પાંગશા સર્કલ) દેવવ્રત સરકારે જણાવ્યું હતું કે રાજબારી જિલ્લામાં એક માણસને રાતે ૧૧ વાગ્યે ઢોરમાર મારવામાં આવી રહ્યો હોવાના સમાચાર ફેલાતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ નામના માણસને તેના ગામના જ લોકોએ ઢોરમાર માર્યો હતો. પોલીસને તે ગંભીર હાલતમાં મળ્યો હતો અને તેને પાંગશા ઉપજિલ્લા હેલ્થ કૉમ્પ્લેક્સમાં દાખલ કરાયો હતો. તેને રાતે બે વાગ્યે મૃત જાહેર કરાયો હતો.

પોલીસે સમ્રાટના સાથી મોહંમદ સલીમની ધરપકડ કરી હતી અને અને તેની પાસેથી બે બંદૂક (એક પિસ્તોલ અને બીજી સ્થાનિક બનાવટની વન-શૂટર ગન) જપ્ત કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે સમ્રાટની સામે હત્યા સહિતના બે કેસ અગાઉ નોંધાયા હતા. સમ્રાટ ગુંડાઓની ટોળકી ચલાવતો હતો અને તે બળજબરીથી નાણાં પડાવવાની તેમ જ અન્ય ગેરકાયદે પ્રવૃત્તિ કરતો હતો. સમ્રાટ ભારતમાં લાંબા સમયથી છુપાયો હોવાનું કહેવાય છે અને તે ગામમાં પાછો ફર્યો ત્યારે ગ્રામ્યજનોએ તેને ઢોરમાર માર્યો હતો.

સમ્રાટે સ્થાનિક રહેવાસી શહિદુલ ઇસ્લામ પાસેથી બળજબરી નાણાં પડાવવાનો પ્રયાસ કર્યો હોવાનું કહેવાય છે. (એજન્સી)

## હિન્દુ, મુસ્લિમ...બધાનું છે બાંગ્લાદેશ

### ૧૭ વર્ષે બાંગ્લાદેશમાં પાછા ફરેલા ખાલિદા ઝિયાના દીકરા તારિક રહેમાને કહ્યું : લાખો લોકોની મેદનીએ તેમને આવકાર્યા

ઢાકા: બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ના કાર્યકારી અધ્યક્ષ તારિક રહેમાને ગુરુવારે ૧૭ વર્ષના અંતરાલ પછી ઢાકા પહોંચ્યાના કલાકો પછી પક્ષના સમર્થકોને આપેલા પોતાના પ્રથમ સંબોધનમાં દેશવાસીઓને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે હાથ મિલાવવા હાકલ કરી હતી.

તેમણે એક્સપ્રેસવે પર એકઠા થયેલા પક્ષના લાખો સમર્થકોને કહ્યું, જ્યાં તેઓ એરપોર્ટ પર પહોંચ્યા પછી સીધા જ ગયા હતા કે આપણે ગમે તે રાજકીય પક્ષના હોઈએ, ગમે તે ધર્મમાં માનીએ, ભલે આપણે બિન-પક્ષીય વ્યક્તિઓ હોઈએ - કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે બધાએ હાથ મિલાવવા જોઈએ.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના કાર્યવાહક અધ્યક્ષ તારીક રહમાન ૧૭ વર્ષ કરતાં વધુ સમય માટે જાતે જ દેશવટો ભોગવ્યા બાદ ગુરુવારે સ્વદેશ પાછા ફરતા લાખો લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું.


તારિક રહેમાન

તારીક રહમાન લાંબા-ગાળા બાદ બાંગ્લાદેશમાં પાછા ફરતા પક્ષના કાર્યકરોમાં ૧૨ ફેબ્રુઆરીએ યોજાનારી સામાન્ય ચૂંટણી લડવા નવો ઉત્સાહ આવ્યો હતો.૬૦ વર્ષીય રહમાન બીમાર ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાના દીકરા છે. તેઓ બાંગ્લાદેશની આગામી સામાન્ય ચૂંટણીમાંના વડા પ્રધાનપદના અગ્રણી સ્પર્ધક મનાય છે.

બાંગ્લાદેશની ઇસ્લામિક પાર્ટી 'જમાતે ઇસ્લામી' હાલમાં અન્ય રાજકીય પક્ષો સાથે યુતિ કરવા કે તેઓનો ટેકો મેળવવા પ્રયાસ કરી રહી છે. રહેમાનનો કાયદો અને વ્યવસ્થા જાળવવાનો આહ્વાન એવા સમયે આવ્યો જ્યારે બાંગ્લાદેશમાં અશાંતિ અને રાજકીય અસ્થિરતાના નવા મોજા ફેલાયા છે, જે ગયા વર્ષના મોટા વિરોધ પ્રદર્શનોમાં એક અગ્રણી ચહેરો હતા અને શેખ હસીના સરકારનું પતન થયું હતું. બીમાર ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાના ૬૦ વર્ષીય પુત્ર રહેમાન ચૂંટણીમાં વડા પ્રધાનપદના અગ્રણી દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે. અમેરિકાના નાગરિક અધિકાર કાર્યકર્તા માર્ટિન લ્યુથર કિંગના એક લોકપ્રિય વાક્ય મારું સ્વપ્ન છે નો ઉલ્લેખ કરતા રહેમાને કહ્યું કે, મારી પાસે મારા દેશના લોકો માટે અને મારા દેશ માટે એક યોજના છે.

આ યોજના લોકોના હિત માટે, દેશના વિકાસ માટે, દેશની સ્થિતિ બદલવા માટે છે. યોજનાને અમલમાં મૂકવા માટે, મને દેશના તમામ લોકોના સમર્થનની જરૂર છે. જો તમે અમારી સાથે ઉભા રહો, તો ભગવાનની ઇચ્છા હોય, અમે મારી યોજનાને અમલમાં મૂકી શકીશું, તેવું રહેમાને ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે આ દેશમાં અમારી પાસે પહાડીઓ અને મેદાનોના લોકો છે - મુસ્લિમો, હિન્દુઓ, બૌદ્ધ અને ખ્રિસ્તીઓ. અમે એક સુરક્ષિત બાંગ્લાદેશ બનાવવા માંગીએ છીએ, જ્યાં દરેક સ્ત્રી, પુરુષ અને બાળક સુરક્ષિત રીતે ઘર છોડી શકે અને સુરક્ષિત રીતે પાછા ફરી શકે. રહેમાનનું એકતા માટેનું આહ્વાન એવા સમયે આવ્યું જ્યારે ૨૦૦૧-૨૦૦૬ દરમિયાન સત્તામાં રહેલા બીએનપીના ગઠબંધન ભાગીદાર જમાત-એ-ઇસ્લામી, દેશના કઠિન આતંકવાદ વિરોધી કાયદા હેઠળ અવામી લીગની ભાગીદારીને અવરોધિત કર્યા પછી, આગામી ચૂંટણીઓમાં તેના મુખ્ય હરીફ તરીકે ઉભરી આવ્યા છે. તેમણે લોકોને તેમની બીમાર માતા અને બીએનપી અધ્યક્ષ ખાલિદા ઝિયા માટે પ્રાર્થના કરવા વિનંતી કરી, જેમને તેઓ સ્થળ છોડ્યા પછી ઢાકાની એવરકેર હોસ્પિટલમાં મળવાના હતા. ત્રણ વખતના વડા પ્રધાન ઝિયા, હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર લઈ રહ્યા છે. ફેબ્રુઆરીની ચૂંટણીમાં બીએનપી સત્તા કબજે કરવા માટે અગ્રણી તરીકે ઊભરી આવ્યું, કારણ કે ભૂતપૂર્વ વડા પ્રધાન હસીનાના અવામી લીગ પક્ષને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## કર્ણાટકમાં અકસ્માત પછી બસ અગનગોળો બની, છ જણ ભડથું


**અકસ્માત:** કર્ણાટકના ચિત્રદુર્ગ ખાતે એક ટ્રક અને લક્ઝરી સ્લીપર બસની અથડામણ બાદ લાગેલી આગમાં ભારે જાનહાનિ થઇ હતી. (પીટીઆઇ)

ચિત્રદુર્ગ (કર્ણાટક) : કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લામાં બુધવારે મોડી રાત્રે એક પૂરઝડપે આવતી ટ્રક સાથે અથડાયા બાદ એક સ્લીપર બસમાં આગ લાગતાં છ લોકોનાં મોત થયા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બુધવારે રાત્રે લગભગ બે વાગ્યે હિરિયુર નજીક એક ટ્રકે એક ખાનગી સ્લીપર બસને ટક્કર મારી હતી, જેના કારણે બસમાં આગ લાગી હતી અને ઓછામાં ઓછા છ લોકોના મોત થયા હતા.

આ ટક્કર એટલી ભીષણ હતી કે તુરંત આગ ફાટી નીકળી હતી અને બસ અગનગોળામાં ફેરવાઇ ગઇ હતી. આ દુર્ઘટનામાં છ લોકોના મોત નીપજ્યા હતા.

આ ગોઝારા અકસ્માત બાદ ઘટનાસ્થળેથી સામે આવેલા દૃશ્યોમાં બસ આગની જ્વાળાઓમાં લપેટાયેલી જોવા મળે છે અને ચારેકોર કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા નજરે પડે છે. આ દુર્ઘટનાને લોકો દૂરથી જોઇ રહ્યા હોવાનું પણ ફૂટેજમાં દર્શાઇ છે.

સમાચાર એજન્સીના વીડિયો ફૂટેજમાં બસની બારીઓ અને છતમાંથી આગની જ્વાળાઓ નીકળી રહી છે અને કાળો ડિબાંગ ધુમાડો છવાયેલો છે. આગની જ્વાળાઓને કારણે દૂરથી જ આંખઆંજતો પ્રકાશ દેખાઇ રહ્યો હતો. આ ઘટનામાં બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઇ ગઇ હતી. કેટલાક લોકો પોતાના મોબાઇલ ફોનમાં અકસ્માતનું દૃશ્ય રેકોર્ડ કરતાં પણ નજરે પડે છે.

પૂર્વ ઝોનના પોલીસ મહાનિરીક્ષક રવિકાંત ગોવડાએ પ્રાથમિક તપાસના આધારે શરૂઆતમાં નવ લોકોના મોતની જાણ કરી હતી, પરંતુ બાદમાં તેમણે અને જિલ્લા પોલીસ વડાએ પુષ્ટી કરી હતી કે અકસ્માતમાં છ લોકોનાં મોત થયા છે. પોલીસ અધિક્ષક (એસપી) રણજીત કુમાર બંડારુએ પીટીઆઈને જણાવ્યું હતું કે, છ લોકોના મોત થયા છે. જે ત્રણ લોકોની ઓળખ થઈ શકી નથી તેઓ કદાચ બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા. મૃતકોમાં ચાર બસ મુસાફરો અને ટ્રક ડ્રાઈવરનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાએ અકસ્માતમાં લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો અને મૃતકોના પરિવારજનો માટે સહાયની જાહેરાત કરી હતી. સિદ્ધારમૈયાએ પણ આ ભયાનક અકસ્માતની યોગ્ય તપાસની વાત કરી હતી.

ગોવડાએ પત્રકારોને જણાવ્યું હતું કે ટ્રક ડિવાઇડર તોડીને સામેથી આવતી બસ સાથે અથડાઈ હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો. બેંગલુરુથી ગોકર્ણ જઈ રહેલી બસમાં ૩૦ મુસાફરો સહિત ૩૨ લોકો સવાર હતા. આ અકસ્માત હિરિયુર તાલુકાના ગોલાર્થી નજીક થયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે વાહનમાં આગ લાગી ગઈ અને મોટાભાગના મુસાફરો બસની અંદર જીવતા બળી ગયા હતા. બસ ડ્રાઈવર અને કંડક્ટર બચી ગયા, જ્યારે ટ્રક ડ્રાઈવરનું મોત નીપજ્યું હતું. અત્યાર સુધીની તપાસ મુજબ ટ્રક બસની ડીઝલ ટાંકી સાથે અથડાઈ, જેના કારણે ડીઝલ લીકેજ થયું અને આગ લાગી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બચી ગયેલા લોકોમાં ત્રણ મિત્રોનો સમાવેશ થાય છે. બે અન્ય મુસાફરોએ પણ પોતાનો જીવ બચાવવા બસમાંથી કૂદી પડ્યા હતા. ગોવડાએ જણાવ્યું હતું કે, ૧૨ ઘાયલોમાંથી નવને સિરા અને ત્રણને કુમકુરૂ મોકલવામાં આવ્યા હતા. ગંભીર રીતે દાઝી ગયેલા એક દર્દીને બેંગલુરુની વિક્ટોરિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ઘાયલોની હાલત ખતરાની બહાર છે.

ગૌડાએ કહ્યું હતું કે, ''સ્કૂલના બાળકોને લઈ જતી બસના ડ્રાઈવરે પાછળથી અકસ્માતગ્રસ્ત બસને ટક્કર મારી હતી પરંતુ સદનસીબે બસમાં સવાર કોઈને ઈજા થઈ નહોતી. બાળકોને બીજી બસમાં મોકલવામાં આવ્યા હતા અને સ્કૂલ બસનો ડ્રાઈવર અકસ્માતનો મુખ્ય પ્રત્યક્ષદર્શી છે, જેનું નિવેદન નોંધવામાં આવશે. તેમણે કહ્યું કે અકસ્માતનો ભોગ બનેલી બસમાં મોટાભાગના મુસાફરોએ ઓનલાઈન ટિકિટ બુક કરાવી હતી. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, ''અમે તેમના ફોન નંબર લીધા છે અને તેમના પરિવારજનોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.'' વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કર્ણાટકના ચિત્રદુર્ગમાં થયેલા માર્ગ અકસ્માતમાં થયેલા મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું અને મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેકને બે-બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી. કર્ણાટકમાં સર્જાયેલા ચિત્રદુર્ગ બસ અકસ્માતના કારણોની યોગ્ય અને ગહન તપાસ થશે. આ નિવેદન રાજ્યના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ ગુરુવારે આપ્યું હતું. મુખ્ય પ્રધાને જાનહાનિ પર દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું કે આ ભયાનક અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને પાંચ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવામાં આવશે. સિદ્ધારમૈયાએ એક્સ પર જણાવ્યું કે ચિત્રદુર્ગ નજીક એક ટ્રક અને બસ વચ્ચે થયેલા ભયંકર અકસ્માત વિશે સાંભળીને મારું હૃદય દ્રવી ઉઠ્યું છે. જેમાં ઘણા મુસાફરો જીવતા બળી ગયા છે. નાતાલની રજાઓ માટે ઘરે જતા લોકોની યાત્રા આવી દુઃખદ ઘટનામાં સમાપ્ત થઇ તે ખૂબ જ દુઃખદ છે. તેમણે જણાવ્યું કે અકસ્માતની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને કારણોની ભાળ મેળવવામાં આવશે. મૃતકોના આત્માની શાંતિ માટે હું પ્રાર્થના કરું છું. હું અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારોના દુઃખમાં પણ ભાગીદાર બનું છું.

## ૩૭૦મી કલમની દીવાલ અમે તોડી એનો મને ગર્વ છે: મોદી

લખનઊ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે ભાજપને પોતાના નેતૃત્વ હેઠળની સરકારને બંધારણની ૩૭૦મી કલમ રદ કરવાની તક મળી તેનું ગૌરવ છે, ૩૭૦ કલમની દીવાલ અમે તોડી.

મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની ૧૦૧મી જન્મ જયંતી નિમિત્તે લખનઊમાં 'રાષ્ટ્ર પ્રેરણા સ્થળ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

મોદીએ જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર કેન્દ્ર અને રાજ્યને નવી ઊંચાઇએ લઇ ગઇ છે. આપણે એ વાત ભૂલવી ન જોઇએ કે દેશની સ્વતંત્રતા પછી દરેક સિદ્ધિનું શ્રેય માત્ર એક જ પરિવારને દેવાની પ્રણાલી ચાલુ થઇ હતી.

વડા પ્રધાને જણાવ્યું હતું કે અમારી સરકાર દરેક સરકારી યોજનાનો લાભ કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના ગરીબો સુધી પહોંચાડવા પ્રયાસ કરી રહી છે. અગાઉ, ૨૦૧૪ની પહેલા દેશના અંદાજે પચીસ કરોડ લોકોને સોશ્યલ સિક્યોરિટી સ્કીમ્સનો લાભ મળતો હતો, જ્યારે આજે આ સંખ્યા વધીને ૯૫ કરોડ થઇ છે. મોદીએ જણાવ્યું હતું કે એ દિવસો હવે દૂર નથી કે જ્યારે ઉત્તર પ્રદેશની ડિફેન્સ કૉરિડૉર સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે સ્થાન પામશે.

આ પ્રસંગે મોદીની સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, રાજ્યપાલ આનંદીબહેન પટેલ, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યાં હતાં.

'રાષ્ટ્ર પ્રેરણા સ્થળ' ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની યાદમાં તૈયાર કરાયું છે અને ત્યાં વાજપેયી, શ્યામાપ્રસાદ મુખરજી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૬૫ ફૂટ ઊંચી કાંસાની પ્રતિમા છે. અહીંનું કમળ આકારનું સંગ્રહાલય અંદાજે ૯૫,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે. (એજન્સી)


**અટલજીનું વિરાટ સ્વરૂપ:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની ૧૦૧મી જન્મજયંતી પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને કહ્યું હતું કે તેમનું વ્યક્તિત્વ, કાર્ય અને નેતૃત્વ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શક પ્રકાશ બની રહેશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે લખનઊમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળનું ઉદ્‌ઘાટન કર્યું હતું, જે ભારત રત્ન અટલ બિહારી વાજપેયીના જીવન અને આદર્શોની ઉજવણી માટે સમર્પિત એક ઐતિહાસિક રાષ્ટ્રીય સ્મારક અને સંકુલ છે. (એજન્સી)

## મૂળ ભારતીય પદ્મજા પટેલને સ્ટેટ એડવાઈઝરી ન્યુટ્રિશન એડવાઈઝરી પેનલમાં સ્થાન મળ્યું

હ્યુસ્ટન : ગવર્નર ગ્રેગ એબોટે ભારતીય મૂળનાં ફિઝિશિયન પદ્મજા પટેલને ટેક્સાસ ન્યુટ્રિશન એડવાઈઝરી કમિટીમાં સ્થાન આપ્યું હતું. મિડલૅન્ડ સ્થિત ફિઝિશિયન પહેલી સપ્ટેમ્બર, ૨૦૨૯ સુધી સેવા આપશે. સમિતિ રાજ્યમાં ભીષણ રોગ અટકાવવા અને કાબૂમાં લાવવા આહાર અને પોષણની સલાહ આપે છે અને ફૂડની ભૂમિકા તપાસે છે.

રાજ્યપાલ સમિતિના સભ્યોની નિમણૂક કરે છે અને આમાં મેડિકલ અને જાહેર આરોગ્યના શાખાના તબીબોનો સમાવેશ થાય છે. રાજ્યપાલની ઑફિસે અનેક નિમણૂક કરી હતી. પટેલ સાથે ચેરીલ સેવ હોય, જેકલીન એલ્બિન અને કેથલીન ડેવિસની પણ નિમણૂક કરવામાં આવી છે. બધાની મુદત ૨૦૨૯માં પૂરી થાય છે.

ભારતમાં જન્મેલાં પદ્મજાએ વડોદરાની મેડિકલ કૉલેજમાં મેડિકલ ડિગ્રી મેળવી હતી. તેણે અમેરિકામાં તબીબીની તાલીમ મેળવી હતી.

અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે નડજ હેલ્થના ચીફ મેડિકલ ઑફિસર તરીકે પદ્મજાએ કામ કર્યું છે અને અમેરિકન કૉલેજ ઑફ લાઈફસ્ટાઈલ મેડિસિનનાં પ્રમુખ છે. પદ્મજા મિડલૅન્ડસ્થિત છે. તેણીએ લાઈફસ્ટાઈલ મેડિસિન અને કમ્યુનીટી હેલ્થમાં કામ કર્યું છે. (એજન્સી)


નગર કીર્તન: પ્રયાગરાજમાં દસમા અને અંતિમ શીખ ગુરુ, ગુરુ ગોવિંદસિંહની ૩૫૮મી જન્મ જયંતી પ્રસંગે 'પ્રકાશ ઉત્સવ'ના ભાગરૂપે નીકળેલા નગર કીર્તનમાં માર્શલ આર્ટ્સના કરતબ દેખાડતો શ્રદ્ધાળુ. (પીટીઆઇ)

## ₹૧.૧ કરોડના ઇનામવાળો નક્સલવાદી નેતા ઠાર મરાયો

ભુવનેશ્વર: માઓવાદી સેન્ટ્રલ કમિટીનો સભ્ય અને ઓડિશા એકમનો વડો ૬૯ વર્ષીય ગણેશ ઉઇકે સહિત ચાર નક્સલવાદી ગુરુવારે કંધમલ જિલ્લામાં સલામતી દળો સાથેની અથડામણમાં માર્યા ગયાં હતાં.

છેલ્લા બે દિવસ દરમિયાન આ જિલ્લામાં સુરક્ષા દળો દ્વારા મરાયેલા નક્સલવાદીઓની સંખ્યા વધીને છ થઇ હતી. અગાઉ, બુધવારે માઓવાદીઓની પ્રાદેશિક સમિતિના સભ્ય સહિત બે નક્સલવાદી ઠાર મરાયા હતા.

ઓડિશામાં સુરક્ષા દળોએ ચાલુ વર્ષોમાં આ પ્રથમ વખત માઓવાદી સેન્ટ્રલ કમિટીના સભ્ય અને કમાંડર સ્તરના નેતાને ઠાર માર્યો હતો.

એડીજી (નક્સલવાદ-વિરોધી કામગીરી) સંજીવ પાંડાએ જણાવ્યું હતું કે ગણેશ ઉર્ફે રૂપા, ચામુ, પક્કા હનુમંતા મૂળ તેલંગણાના નાલગોન્ડાનો રહેવાસી હતો અને તેના માથે રૂપિયા ૧.૧ કરોડનું ઇનામ હતું.

પાંડાએ જણાવ્યું હતું કે કંધમલ જિલ્લામાં ચકાપાડા પોલીસની સીમામાં આવેલા વનવિસ્તારમાં સલામતી દળો સાથેની અથડામણમાં નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે સામસામો ગોળીબાર થયો હતો.

અથડામણ બાદ સલામતી દળોને ઘટના સ્થળેથી માઓવાદી ગણવેશમાં ચાર જણના મૃતદેહ, બે આઇએનએસએએસ રાઇફલ અને એક ૦.૩૦૩ રાઇફલ મળ્યા હતા.

ગણેશની ઓળખને તાત્કાલિક સમર્થન મળ્યું હતું.

અગાઉ, ઓડિશાના મલકાનગિરિ જિલ્લામાં છત્તીસગઢના ૨૨ માઓવાદી શરણે થયા હતા.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજ-ઉદ્ધવનો ભરત મિલાપઃ બે ડૂબતાએ એકબીજાને ઝાલ્યા

**ગુજરાતીમાં** કહેવત છે કે, ડૂબતો માણસ તરણું ઝાલે અને રાજ ઠાકરે સાથે હાથ મિલાવીને બાળાસાહેબ ઠાકરેના વારસ અને શિવસેના (યુબીટી)ના કર્તાહર્તા ઉદ્ધવ ઠાકરેએ આ કહેવત અંશતઃ સાચી પાડી છે. વાસ્તવિક રીતે બે ડૂબતા માણસોએ તરતા રહેવા એકબીજાને ઝાલ્યા છે.

મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરીએ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) અને પુણે સહિતની ૨૯ કોર્પોરેશન માટે મતદાન થવાનું છે અને ૧૬ જાન્યુઆરીએ પરિણામ આવવાનું છે. આ ચૂંટણી આડે ગણીને ૨૦ દિવસ પણ બચ્યા નથી ત્યારે ઉદ્ધવ ઠાકરેએ પોતાના પિતરાઈ અને ૨૦ વર્ષ પહેલાં શિવસેના છોડીને નોખો ચોકો બનાવનારા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) સાથે હાથ મિલાવવાનું એલાન કર્યું છે.

શિવસેના (યુબીટી) અને મનસે વચ્ચે જોડાણના ભણકારા ક્યારના વાગ્યા જ કરતા હતા કેમ કે બંને ભાઈઓ વચ્ચે ભરત મિલાપની ઘટનાઓ અચાનક વધવા લાગી હતી. બંને ભાઈ નાના નાના પારિવારિક પ્રસંગોમાં એકબીજાને ત્યાં ઉમળકાથી મળવા જ માંડેલા પણ રાજકીય મંચ પર પણ સાથે દેખાવા લાગ્યા હતા. આ વર્ષે જુલાઈમાં મુંબઈના વરલી ડોમમાં યોજાયેલી મરાઠા એકતા રેલીમાં ઉદ્ધવ અને રાજ એકસાથે મંચ પર આવ્યા હતા. એ વખતે જ બંને ઠાકરે એક થઈ જશે તેનો સંકેત મળી ગયેલો ને આ સંકેત સાચો પડ્યો છે. રાજ અને ઉદ્ધવે હાથ મિલાવ્યા તેના કારણે બંનેને ફાયદો થાય છે કે નહીં એ તો ચૂંટણીનાં પરિણામો પરથી જ ખબર પડશે પણ સાથે આવવામાં બંનેએ કશું ગુમાવવાનું નથી. બલકે બંને માટે વકરો એટલો નફો જેવી જ હાલત છે. બંને લાગ્યું તો તીર નહીં તો તુક્કો કરીને એક પ્રયોગ કરી રહ્યાં છે. જોડાણથી ફાયદો થાય તો ભવિષ્યમાં સાથે રહેશે ને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનું ઉદ્ધવની શિવસેનામાં વિલીનીકરણ પણ થઈ જાય. જોડાણથી ફાયદો ના થાય તો કંઈ નહીં, તું તારા રસ્તે ને હું મારા રસ્તે.

રાજ ઠાકરેની રાજકીય કારકિર્દી સાવ પતી જ ગયેલી છે અને ૨૦ વર્ષમાં રાજની મનસે સુપર ફ્લોપ સાબિત થઈ છે. ૯ માર્ચ ૨૦૦૬ના રોજ શિવાજી પાર્કમાં રાજ ઠાકરેએ પોતાની પાર્ટી 'મહારાષ્ટ્ર નવનિર્માણ સેના' એટલે કે મનસેની જાહેરાત કરી ત્યારે મનસેને 'મરાઠી માણસની પાર્ટી' ગણાવી હતી.

રાજ ઠાકરેએ દાવો કરેલો કે, એક દિવસ આ પાર્ટી મહારાષ્ટ્ર પર રાજ કરશે પણ વીસ વર્ષ પછી મનસે માત્ર કાગળ પરની પાર્ટી રહી ગઈ છે. મનસેએ શરૂઆતનાં વરસોમાં થોડાક ચમકારા બતાવેલા પણ છેલ્લી કેટલીક ચૂંટણીમાં તો મનસેને કોઈ ગણકારતું જ નથી એવી હાલત છે. રાજ ઠાકરે માટે મહારાષ્ટ્ર વિધાનસભાની છેલ્લી ચૂંટણી તો વ્યક્તિગત રીતે પણ આઘાતજનક સાબિત થઈ હતી કેમ કે રાજ ઠાકરેનો દીકરો અમિત ઠાકરે પોતે જીતી શક્યો નહોતો.

અમિત ઠાકરે મુંબઈની માહિમ બેઠક પરથી ચૂંટણીના મેદાનમાં ઉતર્યો હતો પણ છેક ત્રીજા નંબરે આવ્યો હતો. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના મહેશ બલિરામ સાવંતે અમિત ઠાકરેના વિધાનસભામાં બેસવાના સપનાને ચકનાચૂર કરી દીધું અને આ પરિણામે સાબિત કરી દીધું કે, રાજ ઠાકરેનું કોઈ જ રાજકીય વજન જ નથી.

ઉદ્ધવ રાજ ઠાકરેની સાવ પતી ગયેલી પાર્ટી નથી પણ એકાદ મોટો ફટકો પડે તો તેની હાલત પણ મનસે જેવી થઈ જ જાય કેમ કે એકનાથ શિંદેના બળવા પછી ઉદ્ધવ ઠાકરે માટે પણ રાજકીય અસ્તિત્વ ટકાવવાનું મુશ્કેલ બની ગયું છે. શિંદેની બગાવત પછી યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઉદ્ધવની શિવસેનાએ સારો દેખાવ કરેલો તેથી એવું લાગતું હતું કે, ઉદ્ધવ ફરી બેઠા થઈ જશે પણ પછી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કારમી પછડાટ અને હવે આ મહિને જ યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ ઉદ્ધવની શિવસેનાનું પડીકું થઈ જતાં ઉદ્ધવ માટે પણ કપરાં ચઢાણ તો થઈ જ ગયાં છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને ગણીને ૨૦ બેઠકો મળી હતી. ઉદ્ધવ ઠાકરેનો દીકરો આદિત્ય ઠાકરે મુંબઈની વરલી બેઠક પરથી માંડ માંડ જીત્યો. બાકી એ પણ એક સમયે હારી જશે એવું લાગતું હતું પણ છેવટે શિંદેની શિવસેનાના મિલિન્દ દેવરા સામે ૮૦૦૦ મતે જીતતાં સાવ આબરૂ ના ગઈ પણ શિવસેનાની કારમી હાર ચોક્કસ થઈ હતી.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તો તેના કરતાં પણ ખરાબ દેખાવ થયો છે. લોકસભાની ચૂંટણીમાં ઉદ્ધવની શિવસેનાએ ૯ બેઠકો જીતતાં લોકોએ બાળાસાહેબના સાચા વારસ તરીકે ઉદ્ધવને સ્વીકાર્યો છે એવી ધારણા બંધાયેલી પણ એક વર્ષમાં તો આ ધારણાના ભાંગીને ભુક્કા થઈ જતાં રાજ અને ઉદ્ધવ બંનેની હાલત લગભગ સરખી જેવી જ છે. આ સંજોગોમાં આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા જેવી જ છે.

ઉદ્ધવ ઠાકરે માટે આ ચૂંટણીમાં પ્રતિષ્ઠાનો સૌથી મોટો પ્રશ્ન બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએસી) છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉદ્ધવનો છેલ્લો ગઢ અને છેલ્લી આશા છે. લગભગ ૭૪,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ધરાવતી એશિયાની સૌથી મોટી સ્થાનિક સ્વરાજની સંસ્થા બીએમસીમાં શિવસેનાએ લગભગ બે દાયકા સુધી રાજ કર્યું હતું પણ એ વખતે શિવસેના એક હતી અને ભાજપ તેની સાથે હતો. હવે શિવસેનાનાં ઊભાં ફાડિયાં થઈ ગયાં છે અને એકનાથ શિંદે ઉદ્ધવ કરતાં મોટી રાજકીય તાકાત બની ચૂક્યા છે. આ કારણે ઉદ્ધવની પાર્ટી પહેલાં જેવી મજબૂત સ્થિતીમાં નથી.

ઉદ્ધવની શિવસેના બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ હારી જાય તો તેના માટે ફરી બેઠા થવું લગભગ અશક્ય થઈ જાય. આ કારણે ઉદ્ધવ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તા જાળવવા મરણિયા બન્યા છે અને રાજ સાથે હાથ મિલાવી લીધા છે. અત્યાર સુધી શિવસેના (ઉદ્ધવ જૂથ) અને મનસે (રાજ ઠાકરે) અલગ-અલગ લડતાં તેથી મરાઠી મતો વહેંચાઈ જતા હતા. ભાજપને તેનો ફાયદો મળ્યો કેમ કે ભાજપ પાસે ગુજરાતીઓ અને ઉત્તર ભારતીયોની મજબૂત મતબેંક છે. રાજ સાથે હાથ મિલાવી લેવાથી તે મરાઠી મતો વહેંચાશે નહીં અને પોતે ભાજપને પછાડી શકશે એવી ઉધ્ધવની ગણતરી છે.

ઉદ્ધવની શિવસેના બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ હારી જાય તો મુંબઈમાંથી ઠાકરે પરિવારનો દબદબો પણ ખતમ થઈ જાય. મહારાષ્ટ્રના રાજકારણમાં ઠાકરે પરિવારનો દબદબો છેલ્લાં ચાર દાયકાથી છે. મુંબઈ તેમાં કેન્દ્રસ્થાને છે. વિધાનસભાની ચૂંટણીમાં મુંબઈનાં પરાંમાં ભાજપનો દબદબો રહ્યો હતો જ્યારે ઉદ્ધવની પાર્ટીએ મુંબઈ શહેરમાં ઠીક ઠીક દેખાવ કર્યો હતો તેના કારણે મુંબઈમાં હજુ શિવસેના સાવ પતી નથી ગઈ એવું લાગતું હતું. આ ચૂંટણીમાં આ વાત સાચી છે કે નહીં એ સ્પષ્ટ થઈ જશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, શુક્રવાર, તા. ૨૬-૧૨-૨૦૨૫, અનરૂપા છઠ્ઠ (બંગાળ)

- ભારતીય દિનાંક ૫, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા સવારે ક. ૦૮-૫૯, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૦ સુધી (તા. ૨૭), પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૬ (તા. ૨૭)
- ઓટઃ સવારે ક. ૧૦-૦૪, રાત્રે ક. ૨૧-૩૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ - ષષ્ઠી. અનરૂપા છઠ્ઠ (બંગાળ), જોરમેલા (પંજાબ), પંચક,
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શુક્ર-ગુરુ રાહુ દેવતાનું પૂજન, આંબો વાવવો, વરુણ દેવતાનું પૂજન, અજૈંક્યપાદ દેવતાનું પૂજન, અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું, સર્વશાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, વિદ્યારંભ પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ. નોકરી-દુકાન વેપાર, વાહન, પશુ લે-વેંચ, રત્નધારણ.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ જુઠ્ઠુ બોલવાની આદત, ચંદ્ર-ગુરુ ત્રિકોણ ચપળતા સારી મેળવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## ભગવાન વિષ્ણુની પ્રતિમા તોડવાનો હેતુ ધાર્મિક લાગણી દુભાવવાનો નથીઃ થાઈલૅન્ડ

બેંગકોકઃ થાઇલૅન્ડે સ્પષ્ટતા કરી હતી કે થાઇલૅન્ડ - કમ્બોડિયાની સરહદ નજીક ભગવાન વિષ્ણુની વિશાળ પ્રતિમા તોડી પાડવાનો હેતુ કોઇની ધાર્મિક લાગણી દુભાવવાનો નથી, પરંતુ દેશની સુરક્ષાનો છે.

થાઇલૅન્ડના સૈનિકો દ્વારા ચાલુ અઠવાડિયાની શરૂઆતમાં ભગવાન વિષ્ણુની પ્રતિમા તોડાઇ હતી. અગાઉ, આ પ્રતિમાનું નિર્માણ ૨૦૧૪માં થયું હતું. આ પ્રતિમા તોડવાની ઘટનાનો ભારતે જોરદાર વિરોધ કર્યો હતો.

થાઇ - કમ્બોડિયન બૉર્ડર પ્રેસ સેન્ટરે ખુલાસો કર્યો હતો કે થાઇલૅન્ડના સુરક્ષા દળોએ આ પ્રદેશનો કબજો લીધો, તે પછી સલામતીને ધ્યાનમાં રાખીને આ પ્રતિમા તોડાઇ હતી.

થાઇલૅન્ડના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે આ પ્રતિમા અને તેની આસપાસના વિસ્તારને 'ધાર્મિક સ્થળ' તરીકે કોઇ સત્તાવાર માન્યતા નથી અપાઇ. આ સ્થળે રખાયેલા અમુક ચિહ્નથી સંવેદનશીલ સરહદે તંગદિલી વધવાની શક્યતા હોવાથી લશ્કરે આ પગલું ભર્યું હતું. અગાઉ, ભારતના વિદેશ મંત્રાલયે આ ઘટના અંગે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે થાઇલૅન્ડના લશ્કર દ્વારા ભગવાન વિષ્ણુની પ્રતિમા તોડાતા દુનિયાભરના હિંદુઓની લાગણી દુભાઇ છે. થાઇલૅન્ડ અને કમ્બોડિયાએ મંત્રણા દ્વારા શાંતિ સ્થાપવા પ્રયાસ કરવા જોઇએ.

## શિવકુમાર મળ્યા મલ્લિકાર્જુન ખડગેનેઃ કર્ણાટકમાં મુખ્ય પ્રધાન બદલવાની ફરી શરૂ થઈ ચર્ચા

બેંગલુરુઃ કર્ણાટકના રાજકારણમાં ફરી એકવાર ઉથલપાથલ મચી ગઈ છે. નાયબ મુખ્યપ્રધાન ડી.કે. શિવકુમારની કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે તેમના બેંગલુરુ નિવાસસ્થાને થયેલી મુલાકાતથી મુખ્યપ્રધાનના પદને લઈને ફરી અટકળો શરૂ થઈ હતી. આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે કોંગ્રેસ સરકારનો કાર્યકાળ અડધો પૂર્ણ થયો છે.

મુલાકાત પછી શિવકુમારે સ્પષ્ટતા કરી હતી કે તેમણે કોઈ રાજકીય મુદ્દો ઉઠાવ્યો નથી. તેમના મતે ચર્ચા કેન્દ્ર સરકાર દ્વારા મનરેગાના સ્થાને નવો કાયદા લાવવા અને તેના પર પાર્ટીના વલણ વિશે હતી. તેમણે કહ્યું હતું કે તેઓ અને મુખ્યપ્રધાન સિદ્ધારમૈયા હાઈકમાન્ડના નિર્ણયનું સન્માન કરે છે અને તે મુજબ કાર્ય કરશે.

સરકારે તેના પાંચ વર્ષના કાર્યકાળનો અડધો કાર્યકાળ પૂર્ણ કર્યો ત્યારથી કોંગ્રેસ પાર્ટીમાં નેતૃત્વ પરિવર્તનની અટકળો વધુ ઉગ્ર બની છે. જોકે, ખડગે પહેલાથી જ કહી ચૂક્યા છે કે નેતૃત્વની મૂંઝવણ ફક્ત સ્થાનિક સ્તરે જ છે, હાઈકમાન્ડમાં નહીં. શિવકુમારે આને એક વરિષ્ઠ નેતાની સલાહ માનતા કહ્યું હતું કે પાર્ટીના આંતરિક મામલાઓ સંગઠનમાં જ ઉકેલાશે.

પોતાને આજીવન પાર્ટી કાર્યકર ગણાવતા શિવકુમારે કહ્યું હતું કે તેમણે દરેક સ્તરે કોંગ્રેસ માટે કામ કર્યું છે. પદ તેમની પ્રાથમિકતા નથી. જ્યારે તેમને તેમની મહેનતનું ઈનામ મળવા અંગે સવાલ પૂછવામાં આવતા તેમણે આ મામલે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

શિવકુમારે કેન્દ્ર સરકારની નવી યોજના પર કડક વલણ અપનાવતા કહ્યું હતું કે તે ગરીબો, મજૂરો અને ખેડૂતોની વિરુદ્ધ છે. તેમણે સંકેત આપ્યો હતો કે રાજ્ય કોંગ્રેસ મનરેગાને ફરીથી લાગુ કરવા માટે એક મોટું આંદોલન શરૂ કરશે. ૨૭ ડિસેમ્બરે કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠકમાં આ મુદ્દા પર રણનીતિ નક્કી કરવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે તેમણે ખડગે સાથે બીજા કોઈ મુદ્દા પર ચર્ચા કરી નથી. આમ કરવાની કોઈ જરૂર નથી, હાલમાં એવું કંઈ નથી. સિદ્ધારમૈયા અને મેં કહ્યું છે કે અમે હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરીને કામ કરીશું અને અમે તેના માટે પ્રતિબદ્ધ છીએ. તેમનો મતલબ પાર્ટીનો આજીવન સભ્ય રહેવાનો અને સંગઠનની સેવા કરવાનો હતો, પછી ભલે તેઓ કોઈપણ પદ પર હોય. વધુમાં શિવકુમારે કહ્યું હતું કે "હું પાર્ટીનો આજીવન કાર્યકર રહીશ. મેં પાર્ટીના પોસ્ટરો ચોંટાડ્યા છે અને મેં સફાઈનું કામ કર્યું છે. મેં કોંગ્રેસ પાર્ટી માટે બધું જ કર્યું છે. હું ફક્ત સ્ટેજ પર બેસીને ભાષણ આપવા આવ્યો નથી. મેં પાર્ટી માટે બધું જ કામ કર્યું છે."

## કૅનેડામાં ભારતીયનું હૉસ્પિટલમાં આઠ કલાક સારવાર ન મળતાં મૃત્યુ

એડમન્ટન : કૅનેડાના એડમન્ટનની હૉસ્પિટલમાં ભારતીય મૂળના ૪૪ વર્ષના માણસ અને ત્રણ સંતાનના પિતાને છાતીમાં અસહ્ય દુઃખાવો બાદ આઠ કલાક સારવાર ન અપાતા તેનું મરણ થયું હતું. પ્રશાંત શ્રીકુમારે તેના પિતા કુમારને કહ્યું હતું કે મારાથી દુઃખાવો સહન થતો નથી અને આ વાત હૉસ્પિટલના કર્મચારીને જણાવી હતી. આના બદલામાં પ્રશાંતને ટાયલેનોલ ટેબ્લેટ આપવામાં આવી હતી અને તનો ઈસીજી કાઢવામાં આવ્યો હતો. હૉસ્પિટલના કર્મચારીએ કહ્યું હતું કે કશું ગભરાવા જેવું નથી.

બાવીસ ડિસેમ્બરે પ્રશાંતે કામના સ્થળે છાતીમાં અસહ્ય દુઃખાવાની ફરિયાદ કરી હતી. તેના ક્લાયન્ટે તેને નૈઋત્ય એડમન્ટનની ગ્રે નન્સ હૉસ્પિટલમાં લઈ ગયો હતો અને તેને ઓપીડી રૂમમાં લઈ જવાયો હતો. ત્યાર બાદ તેને વેઈટિંગ રૂમમાં રાહ જોવાનું કહ્યું હતું. કુમારે કહ્યું હતું કે તબીબો તેની સારવાર કરે એની રાહ જોઈ રહેલા મારા પુત્રે કહ્યું હતું કે મારાથી દુઃખાવો સહન થતો નથી. પ્રશાંતે હૉસ્પિટલના સ્ટાફને કહ્યું હતું કે મારો દુઃખાવો અસહ્ય છે. તેઓએ ઈસીજી કાઢીને ટાયલેનોલ ટેબ્લેટ આપી હતી. સ્ટાફે તેને રાહ જોવાનું કહ્યું હતું. આ દરમિયાન નર્સ તેનું બ્લડ પ્રેસર તપાસતી હતી.

કુમારે કહ્યું હતું કે બ્લડ પ્રેસર ઊંચું અને ઊંચું જતું હતું. આઠ કલાક બાદ તેને ઈમર્જન્સી રૂમમાં સારવાર માટે લઈ જવાયો હતો. તે ઢળી પડ્યો હતો અને દસ સેકન્ડમાં મરણ પામ્યો હતો. ૪૪ વર્ષના પ્રશાંતના પરિવારમાં તેની પત્ની અને ત્રણ બાળકનો સમાવેશ થતો હતો.

ગ્રે નન્સ હૉસ્પિટલે ખુલાસો કર્યો હતો કે અમે દર્દીના કુટુંબ અને મિત્રો તરફ સહાનુભૂતિ ધરાવીએ છીએ. જોકે પ્રાઈવસીને લીધે દર્દીના સારવાર વિશે વાત નહીં કરીએ. અમારા માટે દર્દી અને સ્ટાફની સુરક્ષા અને સંભાળ મહત્ત્વની છે.

## દેશમાં કે-૪ બેલિસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હીઃ ભારતે મંગળવારના રોજ બંગાળની ખાડીમાં પરમાણુ સંચાલિત સબમરીન આઇએનએસ અરિઘાટ પરથી કે-૪ નામની મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઇલ ૩૫૦૦ કિ.મી. દૂરના લક્ષ્યને ભેદવા માટે બનાવવામાં આવી છે. જો કે આ મિસાઇલ પરીક્ષણ અંગે સંરક્ષણ મંત્રાલય તરફથી કોઇ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

જો કે સૂત્રોએ પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે આ મિસાઇલ સોલિડ-ફ્યૂઅલથી ચાલતી કે-૪ હતી. જે બે ટન પરમાણુ પેલોડ વહન કરી શકે છે. જે ભારતના ન્યૂક્લિયર ટ્રાયડના દરિયાઇ ઘટકને મજબૂત બનાવવા માટે અતિ મહત્વની છે. સૂત્રએ જણાવ્યું કે એક વ્યાપક વિશ્લેષણથી નક્કી થશે કે મંગળવારના પરીક્ષણે ખરેખર તમામ નિર્ધારીત તક્નીકી માપદંડો અને મિશન ઉદ્દેશ્યોને પૂર્ણ કર્યા છે કે કોઇ ખામીઓ સામે આવી છે. બેલિસ્ટિક મિસાઇલો ખાસ કરીને સબમરીનથી લોન્ચ કરવામાં આવતી મિસાઇલો સંપૂર્ણ કાર્યરત સ્થિતિમાં પહોંચવા માટે સામાન્ય રીતે ઘણા પરીક્ષણો માંગતી હોય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં સબમર્સિબલ પોન્ટૂનના રૂપમાં પાણીની અંદરના પ્લેટફોર્મ પરથી અનેક પરીક્ષણો કર્યા બાદ બે તબક્કાવાળી કે-૪ મિસાઇલનું ગયા વર્ષે નવેમ્બરમાં પહેલી વાર આઇએનએસ અરિઘાટ પરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## ભારત નજીકનું ભાગીદાર ચીનનો અમેરિકાને સણસણતો જવાબ

બીજીંગઃ અમેરિકાના રક્ષા વિભાગ પેન્ટાગોને તાજેતરમાં જાહેર કરેલા વાર્ષિક રિપોર્ટમાં ભારતને ચેતવણી આપતા જણાવ્યું છે કે ચીન સાથી દેશમાં લળકરી થાણા બનાવી રહ્યું છે. પેન્ટાગોનના રિપોર્ટમાં કરેલા દાવા અનુસાર ચીન ભારતના પડોશી દેશોમાં લશ્કરીમથકો બનાવી રહ્યું છે. સાથોસાથ શસ્ત્રો આપીને મદદ પણ કરી રહ્યું છે. પેન્ટાગોનનો રિપોર્ટ પ્રકાશિત થયા બાદ ચીન અમેરિકા પર રોષે ભરાયું છે, જ્યારે ડ્રેગને પણ આકરા શબ્દોમાં જવાબ પણ આપ્યો છે. પેન્ટાગોનના રિપોર્ટને લઈને ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને જણાવ્યું કે, ચીન પોતાની રાષ્ટ્રીય રક્ષા નીતિને લઈને પેન્ટાગોનના રિપોર્ટના દાવાઓનો વિરોધ નોંધાવે છે. ચીન ભારતનું નજીકનું ભાગીદાર છે. ચીન-ભારત સાથેના સંબંધોને વ્યૂહાત્મક અને લાંબાગાળાના દૃષ્ટિકોણથી જુએ છે. ભારત વિકસિત બને એ વાતને ચીન સમર્થન આપે છે. ચીન ભારત સાથેની વાટાઘાટોને મજબૂત કરવા, વિશ્વાસ વધારવા અને દ્વિપક્ષીય સંબંધોને સ્થિર, સ્વસ્થ અને સ્થાયી વિકાસની દિશામાં આગળ વધારવા માટે તૈયાર છે.

લિન જિયાને આગળ જણાવ્યું કે, એલએસી (લાઈન ઓફ કંટ્રોલ) પર તણાવ ઓછો થયા બાદ ચીન ભારત સાથેના સંબંધો સ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેથી ભારત અને અમેરિકા વચ્ચેના વ્યુહાત્મક સંબંધોને ગાઢ બનતા અટકાવી શકાય.

## વડા પ્રધાને નાતાલની પ્રાર્થનામાં ભાગ લીધો

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દિલ્હી અને ઉત્તર ભારતના ખ્રિસ્તી સમુદાયના સભ્યો સાથે અહીં કેથડ્રલ ચર્ચ ઓફ ધી રિડમ્પશન ખાતે નાતાલની સવારની પ્રાર્થનામાં ભાગ લીધો હતો. તેમજ દેશવાસીઓને નાતાલની શુભેચ્છા પાઠવી હતી.

સવારની સભામાં પ્રાર્થના, કેરોલ, ભજન અને દિલ્હીના બિશપ રેવરેંડ ડો. પોલ સ્વરૂપ દ્વારા વડા પ્રધાન માટે ખાસ પ્રાર્થનાનો સમાવેશ થતો હતો. વડા પ્રધાને એક્સ પર જણાવ્યું કે દિલ્હીમાં કેથેડ્રલ ચર્ચ ઓફ ધી રિડમ્પશન ખાતે નાતાલની સવારની પ્રાર્થના સભામાં હાજરી આપી હતી. આ સભામાં પ્રેમ, શાંતિ અને કરુણાના શાશ્વત સંદેશની ઝલક હતી. નાતાલની ભાવના આપણા સમાજમાં સંવાદિતા અને સદ્ભાવના લાવે તેવી પ્રાર્થના.

અગાઉ વડા પ્રધાને દેશવાસીઓને નાતાલની શુભેચ્છા પાઠવી હતી. તેમણે એક્સ પર અન્ય એક પોસ્ટમાં જણાવ્યું હતું કે દરેકને શાંતિ, કરુણા અને આશાભર્યા નાતાલની શુભેચ્છાઓ.



પર્યટનઃ ઉત્તર પ્રદેશના આગરામાં ક્રિસ્મસ નિમિત્તે તાજ મહાલની મુલાકાત લેતા પર્યટકો. (પીટીઆઇ)

## અલીગઢ યુનિવર્સિટીમાં સ્કૂલ શિક્ષકની માથામાં ગોળી મારી હત્યા

લખનઊ : ઉત્તર પ્રદેશના અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી કેમ્પસમાં બુધવારે એક સ્કૂલના શિક્ષકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. રાવ દાનિશ અલી પોતાના બે સહકર્મચારીઓ સાથે ટહેલતા હતા ત્યારે રાત્રે નવ વાગ્યે બે બુકાનીધારી લોકોએ તેમને રોક્યા હતા અને ફાયરિંગ કર્યું હતું. રાવ દાનિશ અલી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી સાથે જોડાયેલી એલબીકે હાઈસ્કૂલમાં શિક્ષક હતા. યુનિવર્સિટીના પ્રોક્ટર પ્રોફેસર મોહમ્મદ વસીમ અલીએ જણાવ્યું હતું કે, આ ઘટના ત્યારે બની જ્યારે રાવ દાનિશ અલી રાત્રે ૯ વાગ્યે ટહેલવા નીકળ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે દાનિશના માથામાં ગોળી વાગી હતી.

પ્રોક્ટરે ન્યૂઝ એજન્સી એએનઆઈને જણાવ્યું હતું કે રાત્રે ૯ વાગ્યાની આસપાસ અમને માહિતી મળી કે લાઇબ્રેરી નજીક ગોળીબાર થયો છે અને એક વ્યક્તિ ઘાયલ થયો છે અને તેને તબીબી સારવાર માટે લઈ જવામાં આવી રહ્યો છે. અમને જાણવા મળ્યું કે જે વ્યક્તિને ગોળી વાગી છે તેમની ઓળખ રાવ દાનિશ અલી તરીકે થઈ છે અને તે યુનિવર્સિટીની એબીકે સ્કૂલમાં શિક્ષક હતા. બુધવારે રાત્રે દાનિશ તેના બે સાથીદારો સાથે કેનેડી ઓડિટોરિયમ નજીક ચાલી રહ્યા હતા ત્યારે કેટલાક બુકાનીધારીઓએ તેમને ઘેરી લીધા અને તેમની સાથે થોડી વાત કર્યા પછી પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હતી. મોહમ્મદ વસીમ અલીએ જણાવ્યું હતું કે, તે ઘટનાસ્થળે જ ઢળી પડ્યા હતા અને તેને જવાહરલાલ નહેરુ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે દાનિશ એએમયુ કેન્ટીનમાં ચા પીવા ગયા હતા, જે તેમની દિનચર્યાનો ભાગ હતો

મીડિયા રિપોર્ટ અનુસાર, દાનિશ ૧૧ વર્ષ સુધી કેમ્પસમાં એબીકે હાઈસ્કૂલમાં કોમ્પ્યૂટર સાયન્સનો અભ્યાસ કરાવતા હતા. એક બંદૂકધારીએ ફાયરિંગ અગાઉ દાનિશને કહ્યું હતું કે, તમે મને હજુ સુધી ઓળખતા નથી, હવે તમે ઓળખશો. કેસની તપાસ માટે પોલીસની છ ટીમો બનાવવામાં આવી છે. ઘટનાની જાણ થતા સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસએસપી) નીરજ કુમાર સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને હુમલાખોરોને શોધવા માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે પોલીસે હત્યા પાછળનો ઈરાદો જાણવા માટે પીડિતાના પરિવાર અને સાથીદારો સાથે વાત કરી છે.

## યુનુસ જ ચૂંટણી ખોરવવા સરકારમાંના જૂથે હાદીની હત્યા કરાવીઃ ભાઈનો આક્ષેપ

ઢાકા : બાંગ્લાદેશના માર્યા ગયેલા ક્રાંતિકારી નેતા શરીફ ઓસમાન હાદીના ભાઈએ આક્ષેપ કર્યો હતો કે મુખ્ય સલાહકાર મોહંમદ યુનુસની વચગાળાની સરકારની અંદરના જ જૂથે જ સામાન્ય ચૂંટણીને ખોરવી નાખવા આ હત્યાનું કાવતરું ઘડ્યું હતું. આ દાવાના કલાકો બાદ મુખ્ય સલાહકારના ગૃહ બાબતોના સ્પેશ્યલ આસિસ્ટન્ટ મોહંમદ ખુદા બક્ષ ચૌધરીએ હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. હાદીના ભાઈ ઓમર હાદીએ ઈંકલાબ મંચે યોજેલા વિરોધ પ્રદર્શનમાં કહ્યું હતું કે તમે ઓસમાન હાદીને મરાવી નાખ્યો હતો અને હવે તમે આ બાબતે ચૂંટણીને ખોરવી નાખવા માગો છો. હાદીની હત્યા વખતે જે લોકો સત્તામાં હતા એ લોકો જવાબદારીમાંથી છટકી ન શકે. ઓમરે કહ્યું હતું કે સરકારે મારા ભાઈની હત્યામાં સંડોવાયેલા આખા જૂથને ઉઘાડું પાડવું જ જોઈએ. નહીં, તો મારે દેશ છોડીને ભાગી જવું પડશે. ઓમરે પદભ્રષ્ટ કરાયેલાં વડાં પ્રધાન શેખ હસીનાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંડળે એક જાહેરનામું બહાર પાડીને પોલીસના ભૂતપૂર્વ વડા ચૌધરીનું રાજીનામું પ્રમુખે સ્વીકાર્યું છે એવી જાહેરાત કરી હતી. ઓમરે કહ્યું હતું કે હાદીની ઈચ્છા હતી કે રાષ્ટ્રીય ચૂંટણી ફેબ્રુઆરી સુધી યોજાય. (એજન્સી)

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેઃ ગુજરાતમાં ૩૫ કિમી સેક્શનમાં કામગીરી ધીમી હોવાથી કોન્ટ્રાક્ટરને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ નેશનલ હાઈ વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)એ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના ગુજરાત ભાગમાં કામ કરનાર પૂણે સ્થિત રોડવેઝ સોલ્યુશન્સ ઈન્ડિયા ઈન્ફ્રા લિમિટેડ (આરએસઆઈએલ) સામે કોન્ટ્રાક્ટ રદ કરવાની મંજૂરી પૂર્વની અંતિમ કાર્યવાહી હાથ ધરી હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. ૩૫ કિમીના જુજુવા-ગંડેવા સેક્શન પર નિર્ધારિત લક્ષ્યાંકો સામે ફિઝિકલ પ્રોગ્રેસ માત્ર ૪.૯ ટકા અને નાણાકીય પ્રગતિ ૪.૬ ટકા સુધી જ સીમિત રહી હોવાને કારણે એનએચએઆઈએ કંપનીને 'ઈન્ટેન્શન ટુ ટર્મિનેશન નોટિસ' આપી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. કુલ ૮૭ કિમીના ત્રણ પેકેજમાંમાંથી બાકીનાં ૨૭ અને ૨૫ કિમીના બે બીજા સેક્શન પર પણ પ્રગતિ અનુક્રમે ૨૩ ટકા અને ૩૬ ટકા કામ થયું છે. આ પ્રોજેક્ટ ડેડલાઈન પર પૂરો ન થાય તેવી સંભાવના અધિકારીએ વ્યક્ત કરી હતી.

માહિતી અનુસાર, રસ્તા અને હાઈવે ક્ષેત્રમાં મુખ્યત્વે કાર્યરત પૂણેની આ કંપનીને ગુજરાતનો આ કોન્ટ્રાક્ટ ૨૦૨૧માં આપવામાં આવ્યો હતો. આશ્ચર્યજનક રીતે, માર્ચ ૨૦૨૩માં એનએચએઆઈએ આરએસઆઈએલનો બે સેક્શનનો કોન્ટ્રાક્ટ રદ કર્યો હતો, પરંતુ નવેમ્બર ૨૦૨૩માં ફરીથી સૌથી નીચી ટેન્ડર રકમ આપતાં કંપનીને જ કામ સોંપાયું હતું. એનએચએઆઈએ પત્રમાં નોંધ્યું છે કે ત્રણ-ત્રણ સેટલમેન્ટ એગ્રીમેન્ટ કરીને અનેક તક અને વધારાનો સમય આપ્યા છતાં ૩૧ ઓગસ્ટ ૨૦૨૪થી શરૂ થયેલા ૧૬ મહિનામાં કંપનીએ માત્ર ૪.૫૯ ટકાની નાણાકીય પ્રગતિ જ દર્શાવી છે, જ્યારે પ્લાનિંગ પ્રમાણે કંપનીએ ૧૮ મહિનામાં લગભગ ૭૦ ટકાનું કામ પૂરું કરવાનું હતું.

એનએચએઆઈનું માનવું છે કે, આટલી ધીમી ગતિના કારણે ૧૫ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં જુજુવા-ગંડેવા સેક્શન પૂરું થવું લગભગ અશક્ય લાગે છે. એજન્સીએ દાવો કર્યો છે કે, વારંવાર સહાય અને માર્ગદર્શન આપ્યા છતાં કંપની કામ કરવામાં નિષ્ફળ રહી છે. અહેવાલ અનુસાર સેટલમેન્ટ એગ્રીમેન્ટમાં સ્પષ્ટ શરત હતી કે નક્કી થયેલા લક્ષ્યાંકો પ્રાપ્ત ન થાય તો કોન્ટ્રાક્ટ નોટિસ વિના જ રદ કરી શકાય. હાલ આપવામાં આવેલી નોટિસને સત્તાવાર રીતે ૧૫ દિવસની નોટિસ માનવામાં આવશે, ત્યારબાદ એનએચએઆઈને કોન્ટ્રાક્ટ સમાપ્ત કરવાની છૂટ રહેશે, જ્યારે બાકીનાં બે સેક્શન માટે આરએસઆઈએલને નોટિસ આપવાની શક્યતા છે, તેમ અહેવાલ જણાવે છે.

આ મામલે કંપનીનાં સૂત્રો સાથે વાત થઈ શકી ન હતી. ■

# સુરતમાં દસમા માળેથી પટકાયેલી વ્યક્તિ આઠમા માળની બારીમાં ફસાતા જીવ બચ્યો

(અંમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ સુરત શહેરમાં ગુરુવારે એક ચમત્કારીક કહી શકાય તેવી ઘટના ઘટી હતી, જે રામ રાખે તેને કોણ ચાખે તે કહેવતની યાદ અપાવે છે. અહીં દસમાં માળેથી પટકાયેલા લગભગ ૫૭ વર્ષીય વ્યક્તિ ૮મા માળની બારીની ગ્રીલમાં ફસાયા હતા. સુરત ફાયર બ્રિગેડે દિલધડક રેસ્કયૂ ઓપરેશન કરી તેમને બચાવ્યા હતા.

શહેરના જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલી એક હાઇરાઇઝ બિલ્ડિંગના ૧૦મા માળેથી નીચે પટકાયેલા એક આધેડ ૮મા માળની બારીની જાળી અને છજા વચ્ચે ફસાઈ ગયા હતા. તેમને બચાવવા માટે ફાયરબ્રિગેડની ટીમે જહેમત ઉઠાવી હતી.

ફાયર વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, નીતિન અડિયા નામની વ્યક્તિ તેમના એપાર્ટમેન્ટની બારી પાસ ઊભા હતા ત્યારે અકસ્માતે બહારની તરફ પટકાયા હતા. નીચે પડતી વખતે તેમનો પગ ૮મા માળની બારીની ગ્રીલ અને બહારના પ્રોજેક્શનમાં ભરાઈ ગયો હતો, જેના કારણે તેઓ હવામાં લટકતી હાલતમાં હતા.

ફાયર કંટ્રોલ રૂમને જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ફાયરના જવાનોએ પહેલા ૮મા માળની ગ્રીલ કાપીને અંદર જવાનો રસ્તો બનાવ્યો હતો અને ત્યારબાદ ૧૦મા માળેથી દોરડા અને સેફટી બેલ્ટ વડે નીતિનભાઈને સુરક્ષિત રીતે બાંધી લીધા હતા.

લગભગ એક કલાકની સખત મહેનત બાદ ફાયર ટીમે તેમનું રેસ્કયૂ કર્યું હતું. આ અકસ્માતમાં તેમને ઈજાઓ પહોંચી હોવાથી તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નીતિનભાઈ બારીમાંથી કેવી રીતે પડ્યા તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.■

# સુરતમાં એક દિવસમાં બે અધિકારીને એસીબીએ લાંચ લેતા પકડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ ગુજરાતમાં અધિકારીઓની લાંચ લેતા સમયે થતી ધરપકડ ગંભીર વિષય બની ગઈ છે. સુરેન્દ્રનગરના કલેક્ટર અને ડેપ્યુટી મામલતદારના કરોડોના કથિત કૌભાંડોએ સમગ્ર રાજ્યને હચમચાવ્યું છે ત્યારે ફરી સુરતમાં એક અધિકારી લાંચ લેતા ઝડપાયો હોવાની ઘટના બહાર આવી હતી.

સુરતના ઉધનામાં સર્કલ ઓફિસર લાંચ લેતા રંગે હાથે ઝડપાયો હતો. મામલતદાર કચેરીનો સર્કલ ઓફિસર એસીબીના હાથે લાંચ લેતા ઝડપાયો છે.સુરત એસીબી દ્વારા કૃષ્ણકુમાર ડાભી ૧૦ હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાયો હતો. ઘટનાની વિગતો અનુસાર, ફરિયાદીએ કાચી નોંધ પ્રમાણિત કરવા અરજી કરી હતી. જમીનમાં નામોની કાચી નોંધ પ્રમાણિત કરવાની હતી, આ કામના અવેજ પેટે કૃષ્ણકુમાર ડાભીએ ૧૦ હજાર રૂપિયાની લાંચ માગણી કરી હતી. આ અંગે ફરિયાદ કરતા સુરત એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું.

સુરત એસીબીએ કૃષ્ણકુમાર ડાભીને રૂ. ૧૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપ્યો હતો. જમીનની કાચી નોંધ પ્રમાણિત કરવા માટે ડાભીએ ફરિયાદી પાસેથી લાંચ માગી હતી. ફરિયાદીએ જાગૃત નાગરિક તરીકેની ફરજ બજાવતા ફરિયાદ કરી હતી. જેના આધારે એસીબીએ છટકું ગોઠવ્યું હતું અને ડાભીને પકડી લીધો હતો.

તો અન્ય એક કેસમાં એસીબીની ટીમ દ્વારા ઉધના અને લિંબાયત ઝોનના ઇન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઇશ્વર મગનભાઈ પટેલને લાંચ લેતા ઝડપી લેવામાં આવ્યા હતા. ફરિયાદીએ હોટેલ માટે ફાયર એનઓસીની અરજી કરી હતી. એનઓસી આપવા માટે અધિકારી પટેલે રૂ. એક લાખ લાંચપેટે માગ્યા હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. આ ફરિયાદને આધારે અધિકારીને પકડી પાડવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિરનું રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ વિવિધ જવાબદારીઓ અને વ્યસ્તતાનું કારણ આપી વિધાનસભાના ઉપાધ્યક્ષપદેથી જેઠાભાઈ આહિરે રાજીનામું આપ્યું હતું. આ અંગે પ્રવકતા પ્રધાન જીતુભાઈ વાઘાણી એ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહીરે કામની વ્યસ્તતા અને વિવિધ જવાબદારીઓના કારણે ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું છે. ગુરુવારે ગાંધીનગર ખાતે તેમણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને તેમના નિવાસસ્થાને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને પક્ષના સંગઠન મંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં રાજીનામું સોપ્યું હતું, જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે જેઠાભાઈ આહીર અમારા સંનિષ્ઠ સહકારી આગેવાન છે અને તેઓ પંચમહાલ ડેરી, નાફેડ સહિત અન્ય સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જેથી કામના ભારણ અને વ્યસ્તતાના લીધે અગાઉ ઘણી વખત પક્ષમાં રજૂઆત કરી હતી. આથી પક્ષ દ્વારા તેમની રજૂઆતને ગ્રાહ્ય રાખીને રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું. જેઠાભાઈએ આજે રાજીખુશીથી સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સ્વેચ્છાએ આ રાજીનામુ આપ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. ■



**સેન્ટા સુરતમાંઃ** ગઈ કાલે નાતાલના તહેવારના પ્રસંગે તાપી નદીમાં હોડી લઈને સેન્ટા ક્લોઝનો વેશ ધારણ કરીને બે જણ નીકળ્યા હતા. (એજન્સી)

# સાપુતારા-નાશિક વચ્ચે ફોર લેન રોડ બનશે, પર્યટન સહિત વેપાર-ધંધાને પણ મળશે વેગ

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ પર્યટન અને બે રાજ્ય વચ્ચેની રોડ કનેક્ટિવિટી વધારવા કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે નાસિક જિલ્લામાં વાણી અને હટગઢ વચ્ચેના ૧૭ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પટ્ટાને ફોર લેન રોડ તરીકે વિકસાવવાની મંજૂરી આપી હતી. આમ થવાથી ગુજરાતનું સાપુતારા પણ નાશિક સાથે સીધું જોડાશે. મંત્રાલયે આ પ્રોજેક્ટ માટે અંતિમ જમીન સંપાદન સૂચના જાહેર કરી હતી, જે હેઠળ ૩ હેક્ટર અને ૫૭ ગુંઠા જમીન સંપાદન કરવામાં આવશે. ૨૦૨૪ માં જાહેર વાંધાઓ મંગાવવા માટે એક પ્રારંભિક સૂચના જાહેર કરવામાં આવી હતી. નિર્ધારિત એક વર્ષના સમયગાળામાં કોઈ વાંધો ન મળતાં, અંતિમ સૂચના હવે જાહેર કરવામાં આવી છે, જેનાથી બાંધકામ વહેલા શરૂ થાય તેવી શક્યતા છે. રાજ્યના જાહેર બાંધકામ વિભાગે આગામી કુંભ મેળાને ધ્યાનમાં રાખીને નાસિક-વાણી માર્ગને ચાર-માર્ગીય બનાવવા માટે ૧૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને પહેલાથી જ મંજૂરી આપી દીધી હતી. વાણી-હાટગઢ પહોળો કરવાનો પ્રોજેક્ટ એકસાથે આગળ વધી રહ્યો હોવાથી, નાશિક-સાપુતારા કોરિડોર ઝડપી તો બનશે જ, પણ સાથે યુઝર ફ્રેન્ડલી પણ બનશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. નાશિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ મેળા દરમિયાન યાત્રાળુઓ અને પ્રવાસીઓની અવરજવરમાં અપેક્ષિત વધારાને ધ્યાનમાં રાખીને કોરિડોર બનાવવામાં આવી રહી છે. આ ફોર લેન રોડ બન્યા બાદ નાશિક અને સાપુતારા વચ્ચેની એક ખૂબ જ સારી કનેક્ટિવિટી મળી જશે.

# સુરતના અલથાણમાં માતાએ પુત્ર સાથે ૧૪મા માળેથી છલાંગ લગાવી, દીકરાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ સુરતના અલથાણ વિસ્તારમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની હતી. એક માતાએ પોતાના માસૂમ પુત્ર સાથે બિલ્ડિંગના ૧૪મા માળેથી નીચે પડતું મૂકી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. ૧૪મા માળેથી પટકાવાને કારણે ગંભીર ઈજાઓ થતાં માસૂમ દીકરાનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. જ્યારે માતા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં તાત્કાલિક સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા. તબીબોના જણાવ્યાં પ્રમાણે માતાની હાલત હજી અત્યંત ગંભીર છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ પણ દોડી આવી અને અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. માતાએ કયાં કારણસર આટલું આત્મઘાતી પગલું ભર્યું એ દિશામાં પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. મહિલા અને બાળક ૧૪મા માળેથી પડતા નીચે પાર્ક કરેલી કાર પર પટકાયા હતી. મહિલા કારના પાછળના ભાગે પડતાં કારનો કાચ સંપૂર્ણપણે તૂટી ગયો હતો અને પાછળનો ભાગ દબાઈ ગયો હતો.

પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન મહિલા આવાસની રહેવાસી ના હોવાનું જાણવા મળ્યું હતું. માતાની ઉંમર ૩૦ વર્ષ અને બાળકની ઉંમર ૫ વર્ષની હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આખરે આ મહિલા કોણ છે, ક્યાંથી આવી અને શા માટે ૧૪મા માળેથી છલાંગ લગાવી તે મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં આત્મહત્યાનો પ્રયાસ જણાવી રહ્યો હતો. ■

# યોગ્ય પુરાવાના અભાવે દીકરીના બળાત્કાર અને હત્યાના આરોપી પિતાને કોર્ટે છોડી મૂક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)
સુરતઃ ગુજરાત હાઈ કોર્ટે એક અત્યંત સંવેદનશીલ કેસમાં મહત્ત્વનો ચુકાદો આપતા સગીર પુત્રી પર દુષ્કર્મ અને હત્યાના આરોપી પિતાને છોડી મૂક્યો હતો. સુરતની નીચલી અદાલતે આ કેસને 'રેરેસ્ટ ઓફ રેર' ગણીને પિતાને ફાંસીની સજા ફટકારી હતી. જોકે, હાઈ કોર્ટે પ્રક્રિયાગત ખામીઓને ટાંકીને જણાવ્યું હતું કે, માત્ર શંકાના આધારે કોઈ વ્યક્તિને ફાંસી આપી શકાય નહીં. આ ચુકાદાએ ફોરેન્સિક પુરાવાઓની વિશ્વસનીયતા અને તપાસની પદ્ધતિઓ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. આ કેસ જૂન ૨૦૧૭નો છે, જ્યારે સુરતના ડુમસ બીચ પરથી ઓડિશાના એક શ્રમિક પરિવારની ૧૪ વર્ષની કિશોરીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે કિશોરી ગર્ભવતી હતી અને તેની ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે પરિસ્થિતિજન્ય પુરાવા અને ડીએનએ ટેસ્ટના આધારે પિતાની ધરપકડ કરી હતી. વર્ષ ૨૦૨૦માં સુરતની કોર્ટે પિતાને પોતાની જ પુત્રી સાથે દુષ્કર્મ કરવા અને ગર્ભવતી બનાવી હત્યા કરવા બદલ પોક્સો એક્ટ હેઠળ દોષિત ઠેરવી મૃત્યુદંડની સજા સંભળાવી હતી.

હાઈ કોર્ટે નોંધ્યું હતું કે તપાસ દરમિયાન ગંભીર ક્ષતિઓ રહી ગઈ હતી. જે ડીએનએ રિપોર્ટને સજાનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો હતો, તેને કોર્ટે નકારી કાઢ્યો હતો. કોર્ટે અવલોકન કર્યું કે અત્યંત સંવેદનશીલ બાયોલોજિકલ નમૂનાઓને આઈસ બોક્સમાં રાખવાને બદલે સામાન્ય રીતે મોકલવામાં આવ્યા હતા.

અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ફોજદારી કેસમાં જ્યારે ફાંસીની સજાનો મામલો હોય ત્યારે પુરાવાની સાંકળ સંપૂર્ણ હોવી જોઈએ. આ કેસમાં પ્રોસિક્યુશન એવા કોઈ સચોટ પુરાવા રજૂ કરી શક્યું નથી જે નિઃશંકપણે સાબિત કરે કે પિતા જ ગુનેગાર છે. આ સાથે પીડિતાની માતા અને ભાઈની સાક્ષી તરીકે તપાસ કરી નથી, આરોપીની ગુનો કર્યા બાદની વર્તણૂક, બન્ને છેલ્લે સાથે હોવાની માહિતી વગેરે સામે કોર્ટે અસંતોષ જાહેર કર્યો હતો. ■

# વિદેશમાં નોકરીની લાલચે ગયેલા ગુજરાતના ૧૦ યુવક મ્યાનમારમાં ફસાયા, સરકાર પાસે માગી મદદ

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ વિદેશમાં નોકરી કરી વધારે રૂપિયા કમાવવાની લાલચે ગયેલા ગુજરાતના ૧૦ યુવકો મ્યાનમારમાં ફસાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. છેલ્લા ૨૦ દિવસથી મ્યાનમારમાં અટવાયેલા યુવકોએ વીડિયો વાયરલ કરી મદદ અપીલ કરી હતી. આ યુવકોનું કહેવું છે કે, તેમને દગો કરીને ત્યા લઈ જવામાં આવ્યાં છે. વીડિયોમાં ઘણા બધા યુવકો અને યુવતીઓ છે, જે મોઢે માસ્ક પહેરી ઊભેલા નજરે પડ્યાં હતાં. આ લોકોએ ભારત સરકારને મદદ કરવા માટે અપીલ કરી હતી.

વાયરલ વીડિયોમાં યુવકે જણાવ્યું હતું કે, અમને દગો કરીને અહીં લાવવામાં આવ્યા છે. અમને કહ્યું હતું કે તમને ડેટા એન્ટ્રીનું કામ મળશે. અહીં આવ્યા ત્યારે ખબર પડી કે અમને અલગ જ કામ કરાવે છે. અમારી સાથે બળજબરી થાય છે અને ૧૪થી ૧૮ કલાક પણ કામ કરાવવામાં આવે છે.

આ યુવકો એક દિવસ મોકો જોઈ કંપનીમાંથી બહાર નીકળી ગયાં અને મ્યાનમારની માયાવાડી વિસ્તારમાં આવેલી એક એનજીઓમાં પહોંચ્યાં હતા. ૪ ડિસેમ્બરથી તે લોકો ત્યા છે, ઇમિગ્રેશન થઈ ગયું છે, પરંતુ તેમની પાસે ફોન ના હોવાથી કોઈનો સંપર્ક કરી શકતા નથી. જેથી ભારત સરકારને મદદ માટે અપીલ કરી છે. એટલું જ નહીં પરંતુ ભારતના દરેક રાજ્યમાંથી આવેલા અનેક લોકો અહીં ફસાયેલા છે, તેવો દાવો પણ કરાયો છે. આ યુવકોમાં વડોદરા, સુરત, ખેડા આણંદ, નવસારી અને રાજકોટના યુવકો ફસાયા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. યુવકોના પરિવારે ભારત સરકારને મદદની અપીલ કરી હતી. ■

# ગુજરાત સરકારે ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૫ લોન્ચ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગુજરાત સરકાર દ્વારા ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૫નું ગુરુવારે ગાંધીનગર ખાતે લોન્ચિંગ કરાયું હતું.

આ પોલિસી, રાજ્યમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રોકાણ, નવીનતા અને ગ્રીડ સ્થિરતાને પ્રોત્સાહન આપીને ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ક્લીન એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

રાજ્યની રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગાવોટથી વધુ ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખી, ભારતના વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગિગાવોટ નોન-ફોસિલ ઇંધણ આધારિત ઊર્જા ક્ષમતાના લક્ષ્યાંકમાં યોગદાન આપવા માટે ગુજરાત ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૫ જાહેર કરવામાં આવી છે. આ પોલિસી સરળ અને એકીકૃત ફ્રેમવર્ક દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને સુગમ બનાવવાનો, નવીન અને ઇમર્જિંગ ટેકનોલોજીઓને પ્રોત્સાહન આપવાનો, ગ્રીડની સ્થિરતા વધારવાનો, ગ્રીન ઊર્જા ક્ષેત્રે રોજગારી સર્જવાનો અને ઊર્જા સુરક્ષા, વ્યાજબી દરો તથા આર્થિક વિકાસ સુનિશ્ચિત કરતાં ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રિન્યુએબલ એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાનો ઉદ્દેશ ધરાવે છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# અમદાવાદ કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ, પહેલા દિવસે જ મુલાકાતીઓની ભીડ

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ શહેરમાં ડિસેમ્બરના અંતમાં યોજાતા કાંકરિયા કાર્નિવલનો ગુરુવાર ૨૫ ડિસેમ્બરથી પ્રારંભ થયો હતો. કાંકરિયા ફેસ્ટિવલનું આકર્ષણ લોકોને અને નાનાં બાળકોને હોય છે, આથી પહેલા દિવસે જ લોકો મોટી સંખ્યામાં આવતા જોવા મળ્યા હતા. પહેલા દિવસથી જ પ્રસિદ્ધ ગાયકો અને કલાકારો સાથેના રંગારંગ કાર્યક્રમની પણ શરૂઆત થઈ ચૂકી હતી.

કાંકરિયા ફેસ્ટિવલ માટે મનપાએ ખાસ વ્યવસ્થાઓ ગોઠવી છે. સીસીટીવી કેમેરા, ક્રાઉડ મેનેજમેન્ટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી લોકો માટે કાર્નિવલ એક સુખદ અનુભવ સાબિત થાય. મનપાએ હેડ કાઉન્ટ કેમેરા પણ લગાવ્યા છે, જેનું મોનિટરિંગ થઈ રહ્યું છે.

કાંકરિયા કાર્નિવલને કારણે આ વિસ્તારના અમુક રૂટસમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. રોજ અલગ અલગ કાર્યક્રમોમાં ડ્રોન શો, પેટ ફેશન શો, લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવશે.

૨૫ મી ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી એક અઠવાડિયા માટે કાર્નિવલ યોજાય છે.■

# ગુજરાતમાં ડ્રગ્સ સામેની લડાઈ એ અભિયાન નહીં પણ જંગ છેઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે બે દિવસીય રાજ્ય સ્તરીય ક્રાઈમ કોન્ફરન્સનો સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં ડ્રગ્સ સામેની લડાઈ એ અભિયાન નહીં પણ જંગ છે. યુવાનોની સાથે આપણા પરિવારને પણ ભવિષ્યમાં ડ્રગ્સના દૂષણથી સુરક્ષિત કરવા માટે આ ખૂબ જરૂરી છે.

બે દિવસની સફળ કોન્ફરન્સ માટે સૌ પોલીસ અધિકારીઓને અભિનંદન આપતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાનોની સાથે આપણા પરિવારને પણ ભવિષ્યમાં ડ્રગ્સના દૂષણથી સુરક્ષિત કરવા માટેનો આ જંગ છે. આપણી ડ્રગ્સ સામેની કાર્યવાહીમાં કોઈપણ બાંધછોડ કરવાની નથી. ગુજરાત પોલીસ આ ડ્રગ્સ સામેના જંગમાં સખ્તાઈ કામ લઈ રહી છે તે માટે પોલીસ અધિકારીથી પોલીસ કોન્સ્ટેબલ સુધીના તમામ કર્મયોગીને ખૂબ ખૂબ અભિનંદન.

તેમણે કહ્યું હતું કે, આ બે દિવસની કોન્ફરન્સમાં જિલ્લાના એસપી અને પોલીસ કમિશનરે જે સંશોધનાત્મક પ્રેઝન્ટેશન રજૂ કર્યા છે તેમાં ખૂબ સારા નવા વિષયો સાંકળી લઈને સંસ્થાકીય પ્રયાસો કરવામાં આવ્યા છે, આ ટીમ વર્ક દ્વારા જ શક્ય બને છે. આ પ્રયાસો આગામી સમયમાં અન્ય જિલ્લા અને શહેરોના નાગરિકોના હિતમાં ખૂબ મદદરૂપ થશે. આમાં નવીન ટેકનોલોજી અને નવીન અભિગમ દર્શાવવામાં આવ્યો છે તે આગામી સમયમાં પોલીસ તંત્રને નવી દિશા આપશે. આ બે દિવસના વિવિધ સત્રમાં થયેલી ચર્ચા અને નવા સૂચનોનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે. નાયબ મુખ્ય પ્રધાન સંઘવીએ અમદાવાદ અને સુરત પોલીસ કમિશનરને ડ્રગ્સ સામેની સારી કામગીરી કરવા બદલ અભિનંદન આપતાં કહ્યું હતું કે, તાજેતરમાં સુરતમાં હાઇબ્રિડ ગાંજો પકડીને પોલીસે મોટી કાર્યવાહી કરી છે. વર્ષ ૨૦૨૨ કરતાં ડ્રગ્સ સામેના કેસમાં વધારો થયો છે જે આપણા સૌની સારી કામગીરી દર્શાવે છે. ડ્રગ્સ માફિયા સામે માનવતાની રીતે નહીં પણ કડકાઇથી કામ લેવાનું ચાલુ રાખવાનું છે. ડ્રગ્સ નેટવર્ક તોડવામાં ગુજરાત પોલીસ સતત કાર્યવાહી કરી રહી છે તે બદલ નાયબ મુખ્ય પ્રધાને સૌને અભિનંદન આપીને બિરદાવ્યા હતા. ■

# મનપાએ શહેરના ૩૬ બ્રિજ રિપેરિંગ કરવા પાંચ વર્ષમાં ૩૫ કરોડ રૂપિયા ખર્ચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ અમદાવાદનો સુભાષબ્રિજ ૪ ડિસેમ્બરથી તમામ પ્રકારની અવરજવર માટે બંધ કરાયો છે. આ બ્રિજને ૨૫ ડિસેમ્બર સુધી બંધ રાખવાની જાહેરાત થઈ હતી, પરંતુ હજી પણ મહિનાઓ સુધી બ્રિજ ચાલુ કરવામાં આવશે તે કે નહીં તે સવાલ છે. મનપાએ છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ૩૬ બ્રિજનું રિપેરિંગ કામ અને કલરકામ કરવા પાછળ ૩૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હોવાનું એક અહેવાલ જણાવે છે. થોડા સમય પહેલા જ સુભાષ બ્રિજના ફૂટપાથને રિપેર કરવા પચીસ લાખ રૂપિયા ખર્ચ્યાં હતાં. ■

# સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી ફરી એકવાર હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ સુરતના એરપોર્ટ પરથી ફરી મોટા પ્રમાણમાં ગાંજો મળી આવ્યો હતો. કસ્ટમ વિભાગે બેંગકોકથી આવેલી એક મહિલા પાસેથી કરોડોની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો હતો. બેંગકોકથી આવેલી એક મહિલા પાસેથી કરોડોની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

સુરત કસ્ટમ વિભાગે એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ બેંગકોકથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની એક મહિલા મુસાફરની શંકાસ્પદ વર્તણૂકના આધારે પકડી હતી. મહિલાના સામાનની સઘન તપાસ કરતા તેમાંથી સાત વેક્યુમ પેક્ડ પેકેટ મળી આવ્યા હતા. આ પોલિથિન પેકેટ્સમાં લીલા રંગની વસ્તુ હતી, જે શંકાસ્પદ હોવાનું જાણવા મળ્યું હતું. આ પદાર્થને ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવ્યો હતો અને તે હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. ■

### એસઆરએ સાથે છેતરપિંડી?

# પ્રોજેક્ટ્સ તૃતીય પક્ષો દ્વારા અમલમાં મુકાઈ રહ્યા હોવાની શંકા

## કોર્ટે તપાસનો આદેશ આપ્યો

મુંબઈઃ ૩૨૦ કરોડ રૂપિયાનું દેવું ધરાવતા ઝૂંપડપટ્ટી પુનર્વસન (એસઆરએ) પ્રોજેક્ટને મંજૂરી કેવી રીતે આપી શકાય? આ ડેવલપર પાસે માત્ર એક જ નહીં પણ અનેક એસઆરએ પ્રોજેક્ટ્સ છે. તો શું આ ડેવલપર માત્ર નામ પૂરતો જ છે અને શું આ પ્રોજેક્ટ કોઈ ત્રીજી વ્યક્તિ કે કંપનીઓ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે? આ બધું ખૂબ જ ગંભીર અને આઘાતજનક છે.

શું એસઆરએ સત્તાધિકારીઓ અને સરકારી તંત્ર સાથે છેતરપિંડી થઈ રહી છે? આવા અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવતા મુંબઈ હાઈ કોર્ટે બુધવારે સત્તામંડળના સીઇઓને આ બાબતે તપાસ કરવાના નિર્દેશ આપ્યા હતા. એટલું જ નહીં, ન્યાયાધીશ ગિરીશ કુલકર્ણી અને ન્યાયાધીશ સ્વાતિ સાઠેની બેન્ચે કોર્ટના પ્રોથોનોટરી અને સિનિયર માસ્ટરને કંપનીના રિટર્ન ફોર્મ અને અન્ય માધ્યમો દ્વારા ગુપ્ત તપાસ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો જેથી ખાતરી કરી શકાય કે દર્શન ડેવલપર્સ દ્વારા અમલમાં મુકવામાં આવી રહેલ એસઆરએ પ્રોજેક્ટ એ જ કંપની દ્વારા અમલમાં મુકાઈ રહ્યો છે કે નહીં.

બેન્ચે સીઇઓને નિષ્ણાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા રેન્ડમ તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેથી ખાતરી કરી શકાય કે આ કંપનીને ડેવલપમેન્ટ કંપની કહી શકાય કે નહીં. વધુમાં, જો એવું જણાય કે એસઆરએ ઓથોરિટી અને સરકારી વહીવટીતંત્ર સાથે છેતરપિંડી થઈ છે, તો સીઇઓને કાયદા મુજબ આ કંપની સામે ફોજદારી કાર્યવાહી કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

''ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ આપતી વખતે શું તમે સંબંધિત ખાનગી ડેવલપરની આર્થિક ક્ષમતાની પૂર્વ-તપાસ નથી કરતા? ૩૨૦ કરોડ રૂપિયાનું દેવું ધરાવતા ડેવલપરને એસઆરએ પ્રોજેક્ટ કેવી રીતે આપી શકાય? આ કેવા પ્રકારનું સંચાલન છે? સત્તામંડળના અધિકારીઓનું યોગ્ય ધ્યાન હોય તેવું જણાતું નથી. અન્યથા, આ અધિકારીઓની મિલીભગતથી થઈ રહ્યું હોય તેવી શંકા ઊભી થાય છે. આ શરમજનક છે'', એવા તીખા શબ્દોમાં ખંડપીઠે સુનાવણી દરમિયાન ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

એવી માહિતી પ્રકાશમાં આવી હતી કે દર્શન ડેવલપર્સ પાસે એક કરતાં વધુ એસઆરએ પ્રોજેક્ટ છે. તેથી, અમે હાલમાં તે પ્રોજેક્ટ્સ માટે કોર્ટ રિસીવરની નિમણૂક કરી રહ્યા છીએ. તે પ્રક્રિયા અનુસાર, કંપનીએ કોર્ટ રિસીવર પાસે રૂ. પાંચ લાખ જમા કરાવવા જોઈએ.

આ સાથે, મુંબઈ પ્રોજેક્ટ્સ અથવા થાણેમાં સંબંધિત મિલકતોમાં આ કંપની દ્વારા કોઈપણ વ્યવહાર હાલ માટે પ્રતિબંધિત છે, એવો નિર્દેશ બેન્ચે આપ્યો હતો અને આગામી સુનાવણી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ મુલતવી રાખી હતી. ■

## સંસ્થા સમાચાર

### પેરન્ટ્સ સ્પોર્ટ્સ ડેનું આયોજન



શ્રી નાગરદાસ ડી. ભૂતા હાઇસ્કૂલ, અંધેરી (પૂર્વ) દ્વારા ૨૧ ડિસેમ્બરે પેરન્ટ્સ સ્પોર્ટસ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ શાળા અને પરિવાર વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાની સાથે ફિટ્નેસ અને એકતાનો સંદેશ આપવાનો હતો. પ્રિ-પ્રાયમરી, પ્રાયમરી અને સેકેન્ડરી વિભાગના માતા-પિતાએ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એ દરમિયાન ઝુમ્બા ડાન્સ લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વિજેતા પેરન્ટ્સને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સંગીત સમ્મેલન

સૂર સિંગાર સંસદ અને નાણાવટી પર્ફોર્મિંગ આર્ટ્સ ફોરમ દ્વારા ૨૫ ડિસેમ્બરથી ૨૭ ડિસેમ્બર સુધી ૬૬મો સ્વામી હરિદાસ સંગીત સમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશૂલ્ક છે. દરેક શ્રોતાગણને નાણાવટી કોલેજ કેમ્પસ વલ્લભભાઈ પટેલ રોડ, ઑફ એસ.વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ)માં આયોજિત આ કાર્યક્રમમાં હાજર રહેવાનું આમંત્રણ મળ્યું છે.

# મહિલાની આત્મહત્યાના કેસમાં ચાર જણ નિર્દોષઃ કોર્ટે કહ્યું, વૈવાહિક મતભેદ કાયદાની નજરમાં ક્રૂરતા નથી

થાણેઃ દહેજ માટે પત્નીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપનો સામનો કરી રહેલા પતિ અને તેના પરિવારના ત્રણ સભ્યને થાણેની કોર્ટે પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે કહ્યું કે, વૈવાહિક મતભેદ અથવા લાંબા વૈવાહિક જીવન દરમિયાન ઉદ્ભવતી સામાન્ય દૂરી કાયદાની નજરમાં ક્રૂરતા નથી.

એડિશનલ સેશન્સ જજ વી.એલ. ભોસલેએ ૧૭ ડિસેમ્બરે આપેલા આદેશમાં કહ્યું હતું કે પુરાવા આરોપીના વર્તન અને આત્મહત્યા વચ્ચે 'નજીકની અને જીવંત કડી' સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા છે અને ઉમેર્યું હતું કે 'શંકા ગમે તેટલી મજબૂત હોય, પુરાવાને બદલી શકતી નથી.'

આ ચુકાદાથી જાન્યુઆરી, ૨૦૧૦માં કવિતા પ્રસાદ અજરેકરની આત્મહત્યા સાથે શરૂ થયેલી કાનૂની લડતનો અંત આવ્યો હતો.

કવિતાનો પતિ પ્રસાદ સદાશિવ અજરેકર, તેનો ભાઇ સંકેત અજરેકર, બહેન પ્રેરણા અને પિતા સદાશિવ ભીમરાવ અજરેકર (થાણે શહેરના રહેવાસીઓ) ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮એ, (મહિલાનો પતિ અથવા પતિના સંબંધી દ્વારા તેને ક્રૂરતાનો ભોગ બનાવવી) ૩૦૪બી (દહેજ માટે મૃત્યુ) અને ૩૦૬ (આત્મહત્યા માટે પ્રવૃત કરવું) હેઠળ આરોપનો સામનો કરી રહ્યા હતા.

ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે કવિતાએ લગ્નનાં સાત વર્ષ દરમિયાન સતત શારીરિક-માનસિક ક્રૂરતાનો ભોગ બનવું પડ્યું હતું, જેને કારણે તેણે તેનાં માતા-પિતાના ઘરે આત્મહત્યા કરી હતી.

એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર આર.પી. પાટીલ ફરિયાદ પક્ષ તરફથી હાજર રહ્યા હતા, જ્યારે જયદીપ ઠક્કરે આરોપીઓનો બચાવ કર્યો હતો.

૩૮ પાનાંના પોતાના ચુકાદામાં કોર્ટે મૃતકના પિતા, પિતરાઇ ભાઇઓ અને મિત્રો સહિત ૧૨ સાક્ષીની જુબાની તથા મૃતકે હાથથી લખેલી ચિઠ્ઠીનું વિશ્લેષણ કર્યું હતું. (પીટીઆઇ)

# જળગાંવમાં ટ્રેક્ટર ઊંધું વળતાં પિતા-પુત્રનાં મોત

મુંબઈઃ જળગાંવ જિલ્લાના વરણગાંવ-કિન્હી માર્ગ પર ટ્રેક્ટર ઊંધું વળતાં ૪૮ વર્ષના શખસ અને તેના પુત્રનાં મોત થયાં હતાં.

વરણગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારે બપોરે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા બંનેની ઓળખ સંજય શ્રવણ સાબળે અને તેના પુત્ર સંજય સાબળે તરીકે થઇ હતી, જેઓ સિદ્ધેશ્વર નગરના રહેવાસી હતા.

બંને જણ બુધવારે ટ્રેક્ટરમાં જઇ રહ્યા હતા ત્યારે તે ઊંધું વળી ગયું હતું અને તેઓ તેની નીચે દબાઇ ગયા હતા. આ અકસ્માતમાં અન્ય એક વ્યક્તિને પણ ઇજા પહોંચી હતી.

દરમિયાન ગંભીર રીતે ઘવાયેલા પિતા-પુત્રને સારવાર માટે સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. વરણગાંવ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ પોલીસ મામલાની તપાસ કરી રહી છે. (પીટીઆઇ)

# પુણે-મુંબઈ વચ્ચે ત્રીજો એક્સપ્રેસ-વે બનાવાશે

મુંબઈઃ પુણે અને મુંબઈ વચ્ચે નિર્માણ થનારા ત્રીજા એક્સપ્રેસવેનું કામ માર્ચ ૨૦૨૬ થી શરૂ થશે. કેન્દ્ર સરકાર દ્વારા પુણે-બેંગલુરુ એક્સપ્રેસવેને મુંબઈ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેના ભાગરૂપે જ આ નવો એક્સપ્રેસવે વિકસાવવામાં આવી રહ્યો છે. આ માર્ગને કારણે પુણે અને મુંબઈ વચ્ચેનો પ્રવાસ વધુ ઝડપી, સરળ અને સુરક્ષિત બનવાની અપેક્ષા છે.

આ પ્રોજેક્ટ હેઠળ, પાગોટથી ચોક સુધીના ૩૦ કિ.મી. ના તબક્કા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આ વિભાગ માટે જરૂરી લગભગ ૭૦ ટકા જમીન નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા સંપાદિત કરવામાં આવી છે. બાકીની જમીન સંપાદન પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં પૂર્ણ થવાની સંભાવના છે. દરમિયાન આ એક્સપ્રેસવેના બાંધકામ માટેની ટેન્ડર પ્રક્રિયા હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા એ થોડા દિવસો પહેલા ટેન્ડર મંગાવ્યા હતા અને આગામી ૧૫ થી ૨૦ દિવસમાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા પછી, કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવામાં આવશે અને ત્યારબાદ વાસ્તવિક કામ કરવામાં આવશે. આ છ-લેન એક્સપ્રેસ વે લગભગ ૩૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. આ હાઇવે મુસાફરીનો સમય ઘટાડશે અને આર્થિક, ઔદ્યોગિક અને વાણિજ્યિક પ્રવૃત્તિઓને વેગ આપશે, એવું માનવામાં આવી રહ્યું છે. ■

# આયઆયટી-બોમ્બેમાં નવા પીએચડી કોર્સ શરૂ

મુંબઈઃ આઈઆઈટી-બોમ્બેએ દેશની સંરક્ષણ સજ્જતા, ભારતીય પરંપરાગત જ્ઞાન, મેડિકલ ટેક્નોલોજી અને નાણાકીય ક્ષેત્ર એમ ચાર વિભાગોમાં નવા પીએચડી અભ્યાસક્રમો શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સંસ્થાના નિયામક પ્રો. શિરીષ કેદારેએ માહિતી આપી હતી કે આઈઆઈટી-બોમ્બેની સેનેટ દ્વારા આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી છે.

દેશની સંરક્ષણ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયઆયટીમાં ૧૦ મહિના પહેલા 'સેન્ટર ફોર ડિફેન્સ ટેક્નોલોજી ઇનોવેશન્સ એન્ડ સ્ટ્રેટેજીસ'ની સ્થાપના કરવામાં આવી હતી. ડિસેમ્બરની શરૂઆતમાં મળેલી સેનેટની બેઠકમાં કેન્દ્રમાં સંરક્ષણ ટેક્નોલોજી સંશોધન માટે પીએચ.ડી. અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

નવમા પાનાનું ચાલુ

### નાયલોનના માંજા પર હાઈ કોર્ટ એક્શન મોડ પર

વેચનારાઓને ભારે દંડ ફટકારવામાં આવશે. આ સંદર્ભે, ગૃહ વિભાગે તમામ જિલ્લા કલેક્ટર કચેરીઓને પત્ર મોકલ્યો હતો.

નાગપુર હાઈ કોર્ટમાં નાયલોન માંજા વિરુદ્ધ દાખલ કરાયેલી જાહેર હિતની અરજી પર, હાઈ કોર્ટની નાગપુર બેન્ચે ૨૦૨૧ થી નાયલોન માંજાના ઉપયોગને રોકવા માટે સમયાંતરે વિવિધ આદેશો પસાર કર્યા છે. જો કે, આમાં બહુ ફેરફાર થયો ન હોવાથી અને નાયલોન માંજાનો વ્યાપક ઉપયોગ હજુ પણ ચાલુ હોવાથી, હાઈ કોર્ટે હવે દોષિત ઠરવા પર મોટી નાણાકીય સજાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

જો કોઈ સગીર નાયલોનના દોરાથી પતંગ ઉડાવતો પકડાય તો તેનાં માતા-પિતાને કોર્ટમાં ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ જમા કરાવવાનો આદેશ કેમ ન આપવો જોઈએ? જો કોઈ પુખ્ત વયનો વ્યક્તિ પકડાય તો તેને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો આદેશ કેમ ન આપવો જોઈએ? અને જો કોઈ વિક્રેતા નાયલોનના દોરાનો કબજો મેળવે તો તેને ૨.૫ લાખ રૂપિયાનો દંડ જમા કરાવવાનો આદેશ કેમ ન આપવો જોઈએ? હાઈ કોર્ટે આવી પ્રસ્તાવિત સજાની સુનાવણી ૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ નક્કી કરી છે. તેથી, કોર્ટે સામાન્ય જનતાને પણ અપીલ કરી છે કે જો કોઈને આ પ્રસ્તાવિત સજા અંગે કોઈ સૂચનો કે વાંધો હોય તો તેમણે સુનાવણીની તારીખે હાજર રહીને પોતાનું નિવેદન રજૂ કરવું જોઈએ. તેથી, હવે સુપ્રીમ કોર્ટે નાયલોનના દોરાનો ઉપયોગ કરવા અંગે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે.

દરમિયાન, રાજ્યના ગૃહ વિભાગે આ સંદર્ભમાં તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર મોકલીને નાગરિકોને નાયલોનના માંજા અંગે સૂચનો અને વાંધા રજૂ કરવા અપીલ કરી છે. તેથી, ટૂંક સમયમાં નાયલોનના માંજાનો ઉપયોગ કરનારાઓ માટે દંડની મુદત નક્કી કરવામાં આવશે.

### ૧૧૧ કરોડનો બોગસ પીડબ્લ્યુડી ચેક કેસ

દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન બંને જણની ૨૯ નવેમ્બરે ધરપકડ કરવામાં આવી હતી અને તેમને છ દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. ત્યાર બાદ બંનેને અદાલતી કસ્ટડી ફટકારાઇ હતી અને બાદમાં બંને જણ જામીન પર છૂટી ગયા હતા. જોકે કેસની તપાસ અધૂરી રહી હોવાથી પાલઘર જિલ્લા પોલીસની આર્થિક ગુના શાખાએ બંને જણની વધુ કસ્ટડી માટે ભિવંડી એડિશનલ સેશન્સ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી હતી. (પીટીઆઇ)

### 'ભ્રષ્ટ' ઇટાલિયન કંપનીની મશીનરી

બંધ કરવી પડી હતી. એ બંધ થયેલી કંપનીની મશીનરી લક્ષ્મી ઓર્ગેનિક દ્વારા ખરીદીને રત્નાગિરિ એમઆઈડીસીમાં બેસાડવામાં આવી હતી. આ પ્લાન્ટમાંથી હાનિકારક પીએફએએસ બહાર પડી રહ્યા છે. ભારતમાં પીએફએસ રસાયણોનું નિયમન કરતા ચોક્કસ કાયદા નથી એવી પરિસ્થિતિમાં આવા જોખમી ઉદ્યોગને પરવાનગી શા માટે આપવામાં આવી.

પીએફએએસ કૃત્રિમ રસાયણોનું ગ્રૂપ છે જેનો ઉપયોગ વ્યાપકપણે ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં થાય છે. જોકે, આ રસાયણો પર્યાવરણને પ્રદૂષિત કરી કેન્સર અને અન્ય સ્વાસ્થ્ય વિકૃતિઓ માટે જવાબદાર ઠરી શકે છે.

દરિયાકાંઠાના જિલ્લાના પાલક પ્રધાન અને ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે જણાવ્યું હતું કે કોંકણ ક્ષેત્રમાં કોઈ પણ જોખમી પ્રોજેક્ટને આવવા નહીં દેવાય. મીડિયા રિપોર્ટ્સ વાંચ્યા પછી તેમણે મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી માહિતી માગી હતી, અને તેમને જાણ કરવામાં આવી હતી કે પ્લાન્ટમાં અત્યાર સુધી આ વિવાદાસ્પદ રસાયણનું ઉત્પાદન નથી થયું. ઈટાલિયન કંપની પાસેથી ખરીદવામાં આવેલી મશીનરીને એમપીસીબી તરફથી જરૂરી મંજૂરી મળી હતી કે નહીં એ અમે ચકાસી રહ્યા છીએ અને મીડિયા રિપોર્ટ્સ બાદ એમપીસીબીએ કંપનીને નોટિસ ફટકારી હતી. (પીટીઆઈ)

### મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીમાં વિજય એ જ વાજપેયીને

નાખ્યો છે. વાજપેયીજીએ વિદેશ પ્રધાન તરીકે ભારતની વિદેશ નીતિને નવી દિશા આપી, પરમાણુ પરીક્ષણો પછી લાદવામાં આવેલા વૈશ્વિક પ્રતિબંધો છતાં અર્થતંત્રને મજબૂત બનાવ્યું અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને વિશ્વ કક્ષાના હાઇવે જેવા માળખાગત પ્રોજેક્ટ્સ દ્વારા રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપ્યું હતું.'

વાજપેયીનો ઉલ્લેખ સાહિત્ય અને ભાષાઓના ઊંડા જ્ઞાન ધરાવતા વિદ્વાન તરીકે કરી મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે વાજપેયી દ્વારા દર્શાવેલ વિચારધારા, સંકલ્પ અને રાષ્ટ્રવાદને પીએમ મોદી આગળ ધપાવી રહ્યા છે, જેનાથી ભારત એક અગ્રણી વૈશ્વિક શક્તિ તરીકે ઊભરી રહ્યું છે. મહાયુતિ પારદર્શક અને પ્રામાણિક શાસન સ્થાપિત કરવાના ઉદ્દેશ સાથે મુંબઈ મ્યુનિસિપલ ચૂંટણી લડી રહી છે. મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંકને 'અટલ સેતુ' નામ આપવામાં આવ્યું છે, પરંતુ વાજપેયીની સ્મૃતિને માન આપવા માટે મુંબઈમાં ભવ્ય સ્મારક બનાવવાની માગણી છે. ભવિષ્યમાં એ સાકાર થશે. વાજપેયીનો વારસો રાષ્ટ્રીય સેવા માટે પ્રેરણારૂપ છે. (પીટીઆઈ)

### નાશિકમાં ઉદ્ધવ - રાજના કેટલાક નેતા

સાથે ભાજપમાં જોડાયાં છે. આ પ્રસંગે હાજર રહેલા ભાજપના પ્રધાન ગિરીશ મહાજને કહ્યું હતું કે લોકો ભાજપની વિચારધારામાં વિશ્વાસ રાખતા હોવાથી જોડાઈ રહ્યા છે. ૧૨૨ સભ્યોની નાસિક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ ૧૦૦થી વધુ બેઠકો જીતશે. જોકે, ભાજપના નાશિક સેન્ટ્રલના વિધાન સભ્ય દેવયાની ફરાંડેએ વિનાયક પાંડે, યતિન વાઘ અને શાહુ ખૈરેના પ્રવેશનો વિરોધ કર્યો હતો. તેમના સમર્થકો અને અન્ય પક્ષના વફાદારોએ પક્ષના કાર્યાલય પર એકઠા થઈ ને દેખાવો કર્યા હતા. (પીટીઆઈ)

### અંધેરીમાં આગ

૧૬મા માળે રેફ્યુજી એરિયામાંથી ૩૦થી ૪૦ લોકોને દાદરા પરથી નીચે ઉતારવામાં આવ્યા હતા, જ્યારે મહિલા સહિત અન્ય ત્રણ જણને શ્વસન માટેનાં સાધનોની મદદથી પંદરમા માળના ફ્લેટમાંથી સલામત સ્થળે ખસેડાયા હતા.

આગને કારણે ૧૦મા અને ૨૧મા માળ વચ્ચેના ઇલેક્ટ્રિક શાફ્ટમાં વાયરિંગ અને અન્ય સાધનો, રાઉટર્સ, શૂ રેક્સ તેમ જ વિવિધ માળ પરના ડક્ટ નજીક લાકડાના ફર્નિચરને નુકસાન થયું હતું, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું.

ચાર ફાયર એન્જિન અને અન્ય ઉપકરણો સાથે ઘટનાસ્થળે આવી પહોંચેલા અગ્નિશમન દળના જવાનોએ પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાનું શરૂ કર્યું હતું અને સવારે ૧૧.૩૭ વાગ્યાની આસપાસ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગ લાગવા પાછળનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

### ઠાકરે બંધુ જોડાણઃ હાથી નીકળી ગયો

વહેંચણી અંગે વિગતો જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો.

મનસે નેતાએ જણાવ્યું હતું કે તેમના પક્ષએ સ્થાનિક નેતા માટે વોર્ડ નંબર ૧૧૪ પર દાવો કર્યો છે. ઉદ્ધવ ઠાકરેના પક્ષ તરફથી ભૂતપૂર્વ વિધાનસભ્યની પત્ની અને શિવસેના (યુબીટી) સંસદ સભ્ય સંજય દિના પાટીલની પુત્રી રાજુલ પાટીલ આ વોર્ડમાંથી ચૂંટણી લડવા માટે ઉત્સુક હોવાની રજૂઆત થઈ છે. આ વોર્ડમાં મરાઠીભાષી લોકોની વસ્તી નોંધપાત્ર હોવાથી બંને પક્ષ સરળ જીતની અપેક્ષા રાખી રહ્યા છે.

જોકે, સંવાદદાતાઓ સાથે વાત કરતી વખતે શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે જણાવ્યું હતું કે બંને પક્ષ વચ્ચે બેઠકોની વહેંચણીની વાટાઘાટો પૂર્ણ થઈ ગઈ છે. તેમણે પક્ષના નેતા, વિધાન સભ્યો અને સંસદ સભ્યો દ્વારા તેમના સંબંધીઓ માટે ઉમેદવારી માગવાનો પણ બચાવ કર્યો. (પીટીઆઈ)

### કોલ્હાપુરમાં ૬૦ કિલો ચાંદી

કદમ અને અમન સૈયદનો સંપર્ક સાધ્યો હતો. ત્યાર બાદ સાંગલીના રહેવાસી સુજલ ચૌગુલે, અદિનાથ વિલાપે અને આદેશ કાંબળેને તેમણે સાથે લઇ લીધા હતા. તેમણે એક સપ્તાહ અગાઉ લૂંટની યોજના બનાવી હતી.

યોજના અનુસાર કદમ અને ઝૈદ બસમાં ચઢ્યા હતા. ક્લીનર સૈફુ પણ બસમાં હાજર હતો. બસ સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી ઊપડી હતી અને કિણી ટોલનાકા પાસે પહોંચી ત્યારે કદમ અને ઝૈન બસના ડ્રાઇવરની કેબિનમાં ગયા હતા અને બસ થોભાવવાનું કહ્યું હતું અને તેને શસ્ત્રની ધાક દાખવીને ધમકાવ્યો હતો. ત્યાર બાદ આરોપીઓએ બસની ડિકીમાંથી ૬૦ કિલો ચાંદી, સોનું અને રોકડ સહિત સવા કરોડની મતાની લૂંટ ચલાવી હતી.

## હિન્દુ મરણ

**કચ્છ વાગડ લોહાણા**

મુળ ગામ રવ હાલ મઝગામ ગં. સ્વ. ઉર્મિલાબેન ચમનલાલ પૂજારા (ઉં. વ. ૭૭) તા. ૨૪-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. ધરમશી સુંદરજી ચોથાણી (તૃણા) વાળાની દીકરી. સ્વ. રંભાબેન લવજી પૂજારાના પુત્રવધૂ. સ્વ. ભારતીબેન લાલજીભાઇ, ગં. સ્વ. દક્ષાબેન કિશોરભાઇ શાન્તીબેન ઇશ્વરભાઇ, ધનીબેન, સ્વ. જયાબેન, સ્વ. લક્ષ્મીબેન, ગં. સ્વ. ગૌરીબેનના ભાભી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૬-૧૨-૨૫ના સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ) સાંજે ૪.૩૦થી ૬.લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મંજુલાબેન શાંતિલાલ જેઠાલાલ દનાણીના સુપુત્ર રમેશભાઇ (ઉં. વ. ૫૦) તે ગામ સાયરા કોઠારા હાલે મસ્જિદ બંદર તા. ૨૩-૧૨-૨૫ના મંગળવારે નિધન થયેલ છે. તે અ. સૌ. બીના પ્રજ્ઞેશ ઠક્કરના ભાઇ. સ્વ. રાધાબેન હંસરાજભાઇ તથા ગં. સ્વ. સાવિત્રીબેન મંગલભાઇ, ગં. સ્વ. આશાબેન મહેન્દ્રભાઇ તથા અ. સૌ. જયોત્સના પ્રતાપભાઇ તથા સ્વ. લીલાવંતી કરમશી ઠક્કરનો ભત્રીજો. સ્વ. દિવાળીબેન ધરમશી દક્ષિણીના દોહિત્રો. સ્વ. ગૌરીબેન દામોદર શેઠિયા, સ્વ. પુષ્પાબેન લક્ષ્મીકાંત ઠક્કરનો ભાણેજ. નિયતિ સુદર્શન સિંગ અને કિંજલ રુષભ અગ્રવાલના મામા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

ભૂપેન્દ્ર (લાલુ) વાલજી જોશી (ઉં. વ. ૫૮) ગામ કોકલીયા હાલ મુલુંડ તા. ૨૪-૧૨-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે ચંપાબેન વાલજી જોશીના પુત્ર. તે જયશ્રીબેન ભરતભાઇ જોશી, દીપકભાઇ તથા ગીરીશભાઇના ભાઇ. અવનીબેનના પતિ. હિમાનીના પિતા. અશેષના કાકા. અંજાર નિવાસી અંકિતાબેન અનિલભાઇ હર્ષના જમાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૬-૧૨-૨૫ના સાંજે ૫થી ૬. ઠે. સાઇ કોમ્પ્લેક્સ, સાઇ વિહાર પ્રિમાઇસીસ, નવઘર રોડ, મુલુંડ (ઇસ્ટ).

**બાલા સિનોર દશાનીમા**

મધુસદુન ભીખાલાલ કડકીયા (ફાડિયા) (ઉં.વ. ૯૫) તે સ્વ. કોકીલાબેનના પતિ. જતીન, અલ્કેશ, સુષ્મા, અને નિશાના પિતાશ્રી. સેજલ, શીતલ, જયકુમાર, જતીનનાં સસરા. તા. ૨૨-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનસભા તા. ૨૬-૧૨-૨૫ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. મુંબઇ પાટીદાર સમાજ, ૬ ફ્રેન્ચ , મફતલાલ બાગ, મુંબઇ-૪૦૦૦૦૭. ૧૨મા અને ૧૩માની પ્રથા બંધ છે.

**વિશા લાડ વણિક**

વ્યારા નિવાસી હાલ દહિસર, સ્વ. રજનીકાંત ગાંડાભાઈ શાહના ધર્મપત્ની ગં.સ્વ. ઉર્વશીબેન શાહ (ઉં.વ. ૮૯) ૨૪/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે તુષારભાઈ, લીનાબેન, રીટાબેનના માતુશ્રી. માયાબેન, સ્વ. કિશોરભાઈ તથા નીખિલભાઈના સાસુ. આંનદ તથા હર્ષના દાદી. વૃશાલી તથા પ્રાપ્તિના દાદીસાસુ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૬/૧૨/૨૫ના રોજ ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ મસ્કા કચ્છ હાલ કાંદિવલી, સ્વ. વેજબાઇ પુરુષોત્તમ હીરજી મોતાના પુત્ર સ્વ. કાંતિલાલ (ઉં.વ. ૭૭) તા. ૨૩/૧૨/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. મનોરમાબેનના પતિ. જાગૃતિ ફારૂકભાઈ કાસીમ, નીલમબેન મહેશભાઈ ભટ્ટ, વિપુલભાઈ (રાજેન)ના પિતા. ગામ નાની ખાખરના સ્વ. ઝવેરબેન હરિરામ નારાયણજી નાગુના દોહિત્ર. ફારૂખ કાસીમ, મહેશભાઈ કાંતિલાલ ભટ્ટ, ભાવનાબેનના સસરા. ગામ સુથરીના સ્વ. હીરબાઇ નાનાલાલ નાકરના જમાઈ. બંનેપક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬/૧૨/૨૫ના ૪ થી ૬. વાંઝા વાડી, મથુરાદાસ રોડ, ધનામલ સ્કૂલની સામે, કાંદિવલી વેસ્ટ.

**દશગામ પંચાલ**

ગામ દાદરાના હાલે બોરીવલી, સ્વ. ગંગાબેન નગીનદાસ નારણદાસ પંચાલના મોટાવહુ ગં.સ્વ. પ્રભાવતીબેન (ઉં.વ. ૮૯) તે સ્વ. મોહનભાઈના ધર્મપત્ની. નીતિનભાઈ, ચન્દ્રેશભાઈ, રંજનબેન, ઉષાબેન, રસીલાબેનના માતુશ્રી. હીનાબેન, પ્રિતિબેન, સુરેશભાઈ, સ્વ. દિલીપભાઈ, શૈલેષભાઈના સાસુજી. સ્વ. મણીબેન ગિરધરભાઈ (માસ્તર) દમણવાલાના સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૭/૧૨/૨૫ના રોજ ૪ થી ૬. સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

બોટાદ નિવાસી, સ્વ. મંગળાબેન નવનીતરાય વડોદરીયાના સુપુત્ર તુષારભાઈ (ઉં.વ. ૬૫) ૨૪/૧૨/૨૫ના અમદાવાદ ખાતે અક્ષરનિવાસી થયેલ છે. તે વીણાબેનના પતિ. સ્વ. કૃતિ, મનસ્વીના પિતા. અમરીશ, જયેશ, મીતા પરેશ ગાંધી, રેખા વિરેન્દ્ર વોરાના મોટાભાઇ. સ્વ. કુસુમબેન ચંદુલાલ પારેખના જમાઈ. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

ધરણગામ નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. ઉષાબેન લક્ષ્મીદાસ પોકણે (ઉં.વ. ૭૩) તે સ્વ. લક્ષ્મીદાસ રણછોડદાસના ધર્મપત્ની. સ્વ. કબુબેન જીવનલાલ જોશીના દીકરી. હિના, બીના, વિશાલના માતુશ્રી. પૂજા, સ્વ. ગિરીશ, નિમેષના સાસુ. પરાગ, મેહુલ, નીતા, પીનેશના કાકી. ૨૪/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૬/૧૨/૨૫ના રોજ ૪ થી ૬, ગુરુનાનક દરબાર, ગુરુદ્વારા સાઈબાબા નગર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

નિતિન ચુનિલાલ ભોજાણી (ઉં.વ. ૬૯) તે સ્વ. ચુનિલાલ મગનલાલ ભોજાણી તથા સ્વ. શ્રીમતી કુમુદ ભોજાણીના સુપુત્ર. શ્રીમતી ચેતના નિતિન ભોજાણીના પતિ. પ્રિયંકા ભોજાણી તથા ઉદિત ભોજાણીના પિતા. રાજેશ ભોજાણી, સ્વ. શ્રીમતી જિગ્ના રૈયાણીના ભાઈ. સ્વ. જીવણભાઈ પબારી, સ્વ. શ્રીમતી ઉર્મિલાબેન પબારીના જમાઈ. તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫, ૪.૦૦ થી ૬.૦૦. સ્થળઃ મહેશ્વરી ભવન, ઓશિવારા સમર્થ આંગણ, ઓશિવારા પોલીસ સ્ટેશન નજીક, અંધેરી પશ્ચિમ.

**કચ્છી માહેશ્વરી વણિક**

મુળ ગામ નલિયા હાલે થાણા, સ્વ. છગનલાલ પ્રાગજી ગગડાણી (ઉં.વ. ૮૭) તા. ૨૪-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નવલબેનના પતિ. સ્વ. નારાયણદાસ પ્રાગજી ગગડાણીના નાનાભાઈ. સ્વ. હીરજી રામદાસ ભૂતડાના જમાઈ. નરેન્દ્રભાઇ, હિતેષભાઇ તથા સ્મિતાબેનના પિતાશ્રી. પ્રતિમાબેન, પ્રીતિબેન તથા પંકજભાઈ મલ્લના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૭-૧૨-૨૫, શનિવારના ૪ થી ૫.૩૦. તેરાપંથ ભવન, માજીવાડા, થાણા. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વૈષ્ણવ વણિક**

ઊંટવડ નિવાસી હાલ પાર્લા ગં. સ્વ. શારદાબેન વિનોદરાય ધોળકિયા (શાહ) (ઉં. વ. ૮૯) રવિવાર તા. ૨૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રવીણભાઇ વનમાળીદાસ ધોળકિયાના ભાભી. તે સ્વ. કમલેશભાઇ, જયેશભાઇ, કિશોરભાઇ તથા વિમલભાઇના માતુશ્રી. ભાવના, સ્વ. મમતા, રશ્મિ તથા ભૂમિકાના સાસુ. સ્વ. મેહુલ, સ્નેહા, કૃણાલ, જીજ્ઞેશ, સોનલ, સાગર, પ્રિતેશના દાદી. તથા હેમાલી, રીતુ અને રિદ્ધિના દાદી સાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખલ છે.

**વાંઝા જ્ઞાતિ-નાઘેર સમાજ**

ગામ સમઢીયાળા (ઊના) હાલ ઘાટકોપર સ્વ. શાંતાબેન રામજીભાઇ આલાભાઇ પઢીયારનાં પુત્ર જયંતીભાઇ રામજીભાઇ પઢીયાર (ઉં. વ. ૬૮) તા. ૨૪-૧૨-૨૫ના બુધવારે અક્ષરનિવાસી થયેલ છે. તે કલાવતી બેનનાં પતિ. હર્ષાબેન સતીષભાઇ ચાવડા, પ્રકાશભાઇ, સ્વ. હેમાંશુભાઇ, સ્વ. રશ્મિબેન રાહુલભાઇ વઢવાણનાં પિતાશ્રી. હર્ષાબેનના સસરા. મનસુખલાલ, વસંતભાઇ, સ્વ. દિપકભાઇ તથા રંજન અનિલભાઇ જેઠવાના ભાઇ. તે ગામ (સરખડી) સ્વ. મોતીબેન વાલજીભાઇ પરમારમા જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૭-૧૨-૨૫ના શનિવારના સાંજે ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

વગદા નિવાસી હાલ મુંબઇ રમેશભાઇ કેશવલાલ શાહ (ઉં. વ. ૭૫) તા. ૨૪-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે.

**ક.દ.ઓ. જૈન**

હીરાચંદ વિસનજી મોમાયા (ઉં. વ. ૭૯) ગામ કચ્છ-સાંયરા હાલ ઘાટકોપર તા. ૨૪-૧૨-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રમીલાબેનના પતિ. ચાંદની અને પોમેશના પિતાશ્રી. પ્રજ્ઞા અને લિતેશના સસરાજી. માતુશ્રી ધનબાઇ શામજી ખોનાના જમાઇ. હેનાલી, દેવાંશના દાદાજી. ઊર્મિલના નાનાજી. સ્વ. દામજીભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૬-૧૨-૨૫ના બપોરે ૩થી ૪.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ,. ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રતાડીયા (ગ.)ના પ્રેમીલા મુલચંદ છેડા (ઉં.વ. ૬૭) તા. ૨૩-૧૨-૨૫ના અવસાન પામેલ છે. હીરબાઇ નરશીના પુત્રવધૂ. મુલચંદના પત્ની. ભાણબાઇ નાનજી સતીયાના પુત્રી. રસિક, બિદડા નિર્મળા મણીલાલ, મુંબઇ મીના રમેશ, દિવ્યાના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. જયેશ છેડા, ૭૦૫/ડી-૩, આશીર્વાદ બિલ્ડીંગ, ધનજીવાડી, મલાડ (ઇ.).

દેવપુરના જયશ્રી ગાલા (ઉં.વ. ૪૯) તા. ૨૪-૧૨-૨૫ના અવસાન પામેલ છે. શાંતાબેન નાનજી ગાલાના પુત્રવધૂ. વિપુલના ધર્મપત્ની. પેરીન, સોનમના માતુશ્રી. પુષ્પા પ્રેમજીના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિપુલ ગાલા, ૬૩, એ, દાદરકર કંપાઉન્ડ, વૈભવ નજીથ બીજે માળે, ૨૦૪, તારદેવ, મું. ૩૪.

દેશલપુર (કંઠી)ના શ્રી નિલેશ જાદવજી વીરા (ઉં.વ. ૫૪) તા. ૨૪-૧૨-૨૫ના અવસાન પામેલ છે. જીવીબેન કાનજીના પૌત્ર. પત્રીના સાકરબેન (ભાનુબેન) વેરશીના દોહિત્ર. જયાબેન જાદવજીના પુત્ર. તરૂણ, ભારતીના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જાધવજી વીરા, ૪૨૭/૪૧, શાંતિનાથ ભવન નં. ૧, ત્રીજો માળ, શ્રદ્ધાનંદ રોડ, માટુંગા, મુંબઈ-૧૯.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

પ્રાંતિજ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. તારાબેન સોમાલાલ શાહના પુત્ર કિરીટભાઈ શાહ (ઉં.વ. ૮૧) તે અમિતાબેનના પતિ. જીજ્ઞેશ તથા પૂનમબેનના પિતા. હિરલ તથા દીપકભાઈના સસરા. અંબાલાલ ચીમનલાલ શાહના જમાઈ. ઝીલ, મંથન, ઝિયાના દાદા. ૨૩/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭/૧૨/૨૫ના ૪ થી ૫.૩૦. પાવનધામ, એમ સી એ ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

જુનાગઢ નિવાસી હાલ કાંદિવલી, અતુલભાઈ દોશી (ઉં.વ. ૮૫) તે જયદીપ (મુન્નાભાઈ), હીનાબેન કિશોરભાઈ કોઠારી, ગીતાબેન જશવંતભાઈ શાહ, દિવ્યાબેનના મોટાભાઈ. નીલાબેનના જેઠ. મેઘા રાહુલ નાથાણી, હેલી તથા જીતના મોટાપપ્પા. પ્રાહીના મોટાનાનુ. તા. ૨૩/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. મહાવીર જૈન સોસાયટી, સી ૩, જે ૧૦૬,૧૦૭ શંકરલેન કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ વડાલા મુંબઇ, અ. સૌ. તરુલત્તાબેન વિનોદભાઇ પારેખ (ઉં. વ. ૮૦) તે સ્વ. અંજવાળીબેન શાંતિલાલ શાહના સુપુત્રી. સ્વ. હરકુંવરબેન રતિલાલ પારેખના પુત્રવધૂ. રાહુલ તથા જેસ્સીકા સમીર હેમાણીના માતા. રૂપા તથા સમીરભાઇ હેમાણીના સાસુ. રૂચિત હિરલ, દર્શન-રિદ્ધિ, કુશ-અલોમીના દાદી તા. ૧૮મી ડિસેમ્બરના અરિહંતશરણ પામેલ છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

## હિન્દી ફિલ્મોમાં આવેશને આવકાર

**આ વર્ષની જ નહીં, છેલ્લાં પાંચ વર્ષની સફળ ફિલ્મોની યાદીમાં ઉત્કટ ભાવના ધરાવતી ફિલ્મોની સંખ્યા ખાસ્સી વધારે જોવા મળે છે.**







ચુકાદો આવી ગયો છે. આદિત્ય ધર દિગ્દર્શિત રણવીર સિંહની 'ધુરંધર' બોક્સ ઓફિસ પર ધૂંઆધાર સાબિત થઈ છે. આ લખાય છે ત્યાં સુધીમાં સ્વદેશમાં ફિલ્મનો વકરો (બોક્સ ઓફિસ કલેક્શન) ૬૧૯ કરોડને આંબી ગયો છે. આ સાથે ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થઈ છત્રપતિ શિવાજી મહારાજના જયજયકાર સાથે ૬૧૫ કરોડના વકરા સાથે નંબર વન પર રહેલી લક્ષ્મણ ઉતેકર દિગ્દર્શિત અને વિકી કૌશલના લીડ રોલવાળી 'છાવા'ને બીજા નંબરે ધકેલી દીધી છે. કલેક્શનની દ્રષ્ટિએ ૨૦૨૫ની સૌથી સફળ ૧૦ ફિલ્મની યાદી પર નજર નાખતા એક વાત ઊડીને આંખે વળગે છે કે આજના દર્શકને ફિલ્મની શૈલી (રોમેન્ટિક, ઐતિહાસિક, બાયોપિક વગેરે) કરતા એ ફિલ્મમાં રહેલી ઈન્ટેન્સિટી (આવેગ, ઉત્કટતા) વધારે પ્રભાવિત કરે છે. ફિલ્મ હાયપર હોય તો ગમી જાય છે. જરા વધુ ખણખોદ કરતા ખ્યાલ આવે છે કે આ બદલાવ છેલ્લા દસકામાં જોવા મળ્યો છે અને છેલ્લા પાંચ વર્ષમાં એમાં ગતિ આવી છે.




એકવીસમી સદીના પહેલા દાયકા (૨૦૦૦થી ૨૦૦૯) પર નજર નાખો. 'મોહબ્બતેં', 'કભી ખુશી કભી ગમ', 'દેવદાસ', 'વીર ઝારા' જેવી પૂર્ણપણે રોમેન્ટિક ફિલ્મો અને 'કલ હો ના હો','નો એન્ટ્રી', 'ઓમ શાંતિ ઓમ', 'થ્રી ઈડિયટ્સ' તેમ જ 'ધૂમ ૨' અને 'ગજની' અલગ અલગ વર્ષની ટોપ ફિલ્મ હતી. ૧૦માંથી ૮ ફિલ્મ સોફ્ટ હતી, મતલબ કે એના વિષયમાં અને એની રજૂઆતમાં હળવાશ હતી, નરમાશ હતી. હા, 'ધૂમ ૨' અને 'ગજની' એક્શન ફિલ્મો હતી, પણ એમાં આવેશ - ઉત્કટતા કે હિંસાના છલોછલ ડોઝ નહોતા.

હવે જોઈએ ૨૦૧૦થી ૨૦૧૯નો બીજો દાયકો. દરેક વર્ષની સૌથી વધુ વકરો કરનારી ફિલ્મોની યાદીમાં સમ ખાવા પૂરતી એક સુધ્ધાં લવસ્ટોરીની હાજરી નથી. એવું નહોતું કે એવી ફિલ્મ બનવાનું બંધ થયું હતું. 'અંજાના અંજાની', 'રોકસ્ટાર', 'બરફી', 'યે જવાની હૈ દીવાની', 'ટુ સ્ટેટ્સ' ઈત્યાદિ ફિલ્મો બનતી હતી પણ કમાણી કરવામાં એ પાછળ રહેતી હતી. એટલું જ નહીં એ પ્રકારની ફિલ્મોના નિર્માણમાં ઓટ આવી હોવાનું જોવા મળ્યું હતું.

ત્રીજા દાયકાના પહેલા પાંચ વર્ષનો હિસાબ કિતાબ શું છે? ૨૦૨૦ની નંબર વન ફિલ્મ 'તાન્હાજી: ધ અનસંગ વોરિયર' ત્યારબાદ 'સૂર્યવંશી' (૨૦૨૧), 'બ્રહ્માસ્ત્ર - પાર્ટ વન' (૨૦૨૨), 'જવાન' (૨૦૨૩), 'સ્ત્રી ૨' (૨૦૨૪) અને 'ધુરંધર' (૨૦૨૫) યાદીમાં જોવા મળે છે. એક પણ રોમેન્ટિક કે કોમેડી ફિલ્મ નહીં. જોકે, આ પાંચેય ફિલ્મને એકસૂત્રે બાંધતો તાંતણો એ છે કે આ પાંચેપાંચ ફિલ્મ ઈન્ટેન્સ છે. એમાં જે કહેવામાં આવ્યું છે, જે રજૂઆત કરવામાં આવી છે એમાં એગ્રેશન છે, આવેશ છે, ઉત્કટતા છે. ફિલ્મ ઐતિહાસિક હોય, ફેન્ટસી હોય, એક્શન હોય, હોરર કોમેડી હોય કે થ્રિલર હોય, દર્શકને ફિલ્મની શૈલી કરતા એમાં રહેલો આવેશ આકર્ષી ગયો હોય એવું માનવાનું મન થાય છે. આ પાંચ વર્ષમાં હોરર કોમેડી ફિલ્મો ('સ્ત્રી', 'સ્ત્રી - ૨', 'ભૂલભૂલૈયા - ૨' વગેરે) ગાજી એમાં પણ ઉત્કટતાનું રસાયણ હતું જ.

૨૦૨૫નું કેલેન્ડર પણ એના તરફ જ આંગળી ચીંધે છે. વર્ષની સુપરડુપર હિટ ફિલ્મ કેટલી અને કઈ? ફિલ્મ ટ્રેડની વ્યાખ્યા અનુસાર જે ફિલ્મનો વકરો ૧૦૦ કરોડને પાર કરી ગયો હોય અને વળતરની ટકાવારી ૨૦૦ ટકા કે એથી વધુ હોય એ ફિલ્મ સુપરડુપર હિટ ગણાય. આ વર્ષે એવી ત્રણ ફિલ્મ છે 'કાંતારાઃ ચેપ્ટર વન' (હિન્દી), 'મહાવતાર નરસિંહ' (હિન્દી વર્ઝન) અને 'સૈયારા'. ત્રણેય ફિલ્મની શૈલી એકબીજાથી સાવ ભિન્ન પણ ત્રણેત્રણ ફિલ્મ એકદમ ઈન્ટેન્સ - આવેશનો ઘડો છલકાય. એક્શન થ્રિલર અને ડિવોશનલ એક્શન ફિલ્મમાં તો ઉત્કટ ભાવના ભારોભાર હોય એ સમજી શકાય, પણ 'સૈયારા' તો મ્યુઝિકલ રોમેન્ટિક ફિલ્મ. પણ નાયક - નાયિકાના રોમેન્સમાં અને ફિલ્મના ગીત - સંગીતમાં સુધ્ધાં આવેશ - આવેગની માત્રા ભારોભાર જોવા મળી છે. એક સમય હતો જ્યારે હિન્દી ફિલ્મોની લવસ્ટોરીમાં ઋજુતા, મૃદુતાનો પડઘો પડતો. એકવીસમી સદીમાં લવસ્ટોરી પડખું ફરી ગઈ છે અને 'સૈયારા' એનું વધુ એક ઉદાહરણ છે. આ વર્ષની બે હિટ ફિલ્મ છે 'ધુરંધર' અને 'એક દીવાને કી દીવાનિયત'. 'ધુરંધર' માટે તો ઈન્ટેન્સ શબ્દ ટૂંકો પડે એવું છે જ્યારે 'એક દીવાને કી દીવાનિયત' ટાઈટલ જ એમાં રહેલા આવેશ - ઉત્કટતા તરફ આંગળી ચીંધે છે. વર્ષની પ્રથમ ૧૦ સફળ ફિલ્મો પણ એકંદરે આ જ દલીલનો પડઘો પાડે છે: 'ધુરંધર', 'છાવા', 'સૈયારા', 'વોર ૨' અને 'કાંતારાઃ ચેપ્ટર વન' (હિન્દી). સાતમા નંબરે કોમેડી ફિલ્મ છે 'હાઉસફુલ ૫' અને ત્યારબાદ વારો આવે છે 'રેડ ૨', 'સિતારે ઝમીં પર' અને 'થમ્મા'નો. વાત આદિત્ય ધરની 'ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઈક'ના મશહૂર ડાયલોગ 'હાઉ ઈઝ ધ જોશ? હાઈ સર' જેવી સ્પષ્ટ છે. જનતાને લીલા - લાલ મરચાંના વઘારવાળી રસોઈ જ ભાવે છે. સુષ્ટુ સુષ્ટુ આઈટમ આરોગ્યપ્રદ હોય તો પણ એનાથી મો મચકોડી લેવામાં આવે છે.

ઈન્ટેન્સ ફિલ્મોનો વ્યવસ્થિત દોર ૨૦૧૬થી શરૂ થયો એવી માન્યતાને પુષ્ટિ આપે એવાં સબળ કારણો પણ છે. ૨૦૧૬ની સૌથી સફળ ફિલ્મ હતી આમિર ખાનની 'દંગલ'. નિતેશ તિવારી દિગ્દર્શિત આ ફિલ્મ હતી તો સ્પોર્ટ્સ બાયોપિક, પણ ફિલ્મ જોશ, આવેશ - આવેગ, ઉત્કટ ભાવનાનાં રસાયણોથી છલકાતી હતી. ત્યારબાદ 'સિક્રેટ સુપરસ્ટાર' (૨૦૧૭), 'સંજુ' (૨૦૧૮) અને 'વોર' (૨૦૧૯)માં પણ આ સિલસિલો જારી રહ્યો. ફિલ્મનું જોનર કે એના કલાકાર નહીં, ફિલ્મ કેટલી ઈન્ટેન્સ છે, એમાં ભાવનાની ઉત્કટતાની ચરમસીમા કેવી છે એ ફિલ્મની સફળતામાં નિર્ણાયક ભાગ ભજવતી હોય એવું લાગે છે. છેલ્લાં પાંચ વર્ષની અન્ય લોકપ્રિય ફિલ્મો 'એનિમલ', 'સરદાર ઉધમ', 'આર્ટિકલ ૧૫' પણ આ બાબતનું સમર્થન કરે છે એવું નથી લાગતું? અલબત્ત અન્ય ફિલ્મો સફળ નથી થતી કે એને આવકાર નથી મળતો અને એ ફ્લોપ જાય છે એવું નથી, પણ ઢોલ નગારા તો ઈન્ટેન્સ ફિલ્મોના જ વાગે છે. ■

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

## ક્રિસ્મસ ને સાન્ટાક્લોઝ : હોલિવૂડની હૃદયસ્પર્શી ફોર્મ્યુલા

હોલીવૂડની એક ફિલ્મના સેટ પર સાન્ટાક્લોઝ બનેલા અભિનેતાને એક બાળકે પૂછ્યું, તમે સાન્ટાક્લોઝ છો કે સાન્ટાના વેશમાં આતંકવાદી? સંભળીને સૌ ચોંકી ગયા પણ હકીકતમાં એ બાળ કલાકારની સ્કૂલમાં અઠવાડિયા પહેલાં સાન્ટાકલોઝના પોશાકમાં આતંકવાદીઓ આવેલા અને અંધાધૂંધ ગોળીબાર કરેલો, એટલે એ ડરેલો હતો!

પછી પેલા બાળ કલાકારને સમજાવ્યું કે આ તો કલાકાર છે. તો બાળકે પૂછ્યું, 'ઓકે.. તો તમે આતંકવાદી તો નથી પણ સાચે સાન્ટાક્લોઝ પણ તો નથીને?' ત્યારે સાન્ટા બનેલા એક્ટરે હસીને કહ્યું, 'બેટા, કેમેરા ચાલુ થાય ત્યારે હું સાચો બની જાઉં છું!' હોલિવૂડ સિનેમામાં ક્રિસ્મસનું પણ આવું જ છે. કેમેરા ચાલુ થાય એટલે સાન્ટા સાચો લાગે, બરફ સાચો લાગે અને જિંગલ બેલ દિલ સુધી પહોંચી જાય. જગતભરમાં ક્રિસ્મસનો સમય ઉત્સાહ, આનંદ અને ફેમિલી ફીલિંગ લઇ આવે.




હોલિવૂડના ઈતિહાસમાં સાન્ટાક્લોઝ ને ફિલ્મોનું કનેક્શન બહુ જૂનું છે. ૧૮૯૮માં 'સાન્ટાક્લોઝ' નામની ટૂંકી ને મૂંગી ફિલ્મમાં પહેલી વખત સાન્ટાને સ્ક્રીન પર દેખાડવામાં આવ્યો હતો. ત્યારબાદ અંદાજે ૧૦૦થી વધુ ફિલ્મો સાન્ટાક્લોઝ વિશે બની ચૂકી છે. સાન્ટા સાથે 'જિંગલ બેલ્સ'ના ગીતને જોડવામાં સિનેમાઓનો મોટો ફાળો છે. 'જિંગલ બેલ્સ' ૧૮૫૭માં લખાયું ત્યારે શરૂઆતમાં એ ક્રિસ્મસ ગીત નહોતું. પણ જ્યારે બોલતી ફિલ્મોનો યુગ આવ્યો, ત્યારે હોલિવૂડની ફિલ્મોમાં આ ગીત ક્રિસ્મસનું પર્યાય બની ગયું.

હા, માન્યું કે હોલિવૂડમાં ક્રિસ્મસ ફિલ્મોમાં હંમેશાં એક જ ફોર્મ્યુલા હોય છે. એક દુ:ખી વ્યક્તિને સાન્ટા ક્લોઝ આવીને મદદ કરે છે ને હેપ્પી એન્ડિંગ થાય. આવી ફિલ્મોમાં હંમેશાં સાન્ટાક્લોઝની સ્લેજ એટલે કે હરણવાળી ગાડી હોય છે, જે ઉડીને ગિફ્ટ્સ પહોંચાડે છે. પણ આવી સાદી સરળ ફિલ્મો બનાવવા માટે કેટલી મહેનત લાગે છે! 'હોમ અલોન' ફિલ્મમાં જે ચોર બન્યા છે એ બે હીરો એમનો અનુભવ યાદ કરે છે કે શૂટિંગ દરમિયાન સેટ પર બાળકો એમને જોઈને ડરી જતા. એટલે શૂટિંગ પૂરું થાય પછી એમણે બાળકોને હસાવવા ખાસ પ્રયત્ન કરવો પડતો. એમની એક્ટિંગ એટલી જોરદાર હતી કે રિયલ લાઈફમાં પણ સાન્ટા જેવી જવાબદારી આવી ગઈ.

ક્રિસ્મસ સિનેમાની મજા એ છે આપણી મસાલા ફિલ્મની જેમ એની વાર્તા બદલાતી નથી. સાન્ટા આવે, ઘંટડીઓ વાગે, કોઈ જીવન પરથી વિશ્વાસ ગુમાવે અને કોઈ ફરી વિશ્વાસ મેળવે. હોલિવૂડને ખબર છે કે આ વાર્તાઓમાં નવી નવાઈ નથી, પણ આજના નિરાશામય સમયમાં સૌને સાન્ટાની જરૂર છે. બરફ ખોટો હોઈ શકે, ગીત જૂનું હોઈ શકે, સ્ટોરી જાણીતી હોઈ શકે પણ આશા-ઉમ્મીદની લાગણી હંમેશાં એની એ જ રહે છે.

હોલિવૂડનાં પ્રખ્યાત ડાયરેક્ટર ફ્રેન્ક કાપ્રાની 'ઇટ્સ અ વંડરફૂલ લાઇફ' (૧૯૪૬) સદાબહાર ક્લાસિક ફિલ્મમાંની એક છે. જેમાં જ્યોર્જ બેઈલી (જેમ્સ સ્ટુઆર્ટ)ને લાગે છે કે તેનું જીવન બરબાદ છે, બધું વ્યર્થ લાગે છે, આપઘાતના વિચારો આવે છે, પણ એક એવામાં એક એન્જલ બકે દેવદૂત આવીને જેમ્સને સમજાવે છે, દેખાડે છે કે એના વગર જગત કેવું હોત. અને જેમ્સના જીવનમાં ક્રિસ્મસમાં એક મિરેકલ થાય છે! શરૂઆતમાં આ ફિલ્મ બહુ ચાલી નહોતી. વર્ષો પછી જ્યારે ટીવી પર દર ક્રિસ્મસે ફરી ફરી બતાવવામાં આવી, ત્યારે લોકો એને દિલથી અપનાવવા લાગ્યા. આજે આ ક્લાસિક ફિલ્મ વિના ક્રિસ્મસના દિવસો અધૂરા લાગે છે.

**'હોમ અલોન' (૧૯૯૦):** ફિલ્મમાં કેવિન નામનો નાનો છોકરો એના ફેમિલી સાથે ક્રિસ્મસની રજામાં ફરવા જવાનો હોય છે પણ એના ફેમિલીવાળા જતાં રહે છે ને એ કેવિન ઘરમાં એકલો રહી જાય છે. ચોરોને સાંપડામાં ફસાવે છે. એ ફિલ્મ સાન્ટા વિશે નથી, પણ ક્રિસ્મસની હોલીડે મસ્તી છે.

**'એલ્ફ'(૨૦૦૩):** અમેરિકન ક્રિસ્મસ કોમેડી ફિલ્મ છે. એમાં વિલ ફેરેલ નામનો અભિનેતા એક અનાથ માણસ 'ધ એલ્ફ' એન્ટાર્કટિકાના પર્વત પર ઉછર્યો છે. એ એના સગા બાપને મળવા માગે છે ને જેમાં સાન્ટાક્લોઝ મદદ કરે છે.

**'મિરેકલ ઓન 34th સ્ટ્રીટ':** ફિલ્મમાં સાન્ટાના અસ્તિત્વ પર સવાલ ઊભો થાય છે કે, સાન્ટા સાચો છે કે નહીં? ત્યારે સાન્ટા કોર્ટમાં પોતાનું અસ્તિત્વ સાબિત કરે છે. આ વિચાર એટલો લોકપ્રિય થયો કે પછીની અનેક ફિલ્મોએ આ જ વાર્તા પર અનેક ફિલ્મો બનાવી રાખી.

**'ધ પોલાર એક્સપ્રેસ' (૨૦૦૪):** આ અદ્‌ભુત એનિમેટેડ ફિલ્મમાં એક છોકરો ટ્રેનમાં સાન્ટા પાસે જાય છે. ટોમ હેંન્કસે એમાં ૫-૫ રોલ્સ કર્યા છે!

**'લવ એક્ચ્યુલી' (૨૦૦૩):** આ બ્રિટિશ ફિલ્મમાં અનેક લવ સ્ટોરીઝ છે જે ક્રિસ્મસ દરમિયાન થાય છે. આ ફિલ્મમાં હ્યુ ગ્રાન્ટ, એમ્મા થોમ્પ્સન જેવા સ્ટાર્સ છે. ફિલ્મના એક સીનમાં બિલ નાઈગ્લીએ ન્યુડ ડાન્સ કરવો પડ્યો, અને તેને ખૂબ શરમ આવી હતી! આ ફિલ્મમાં ક્રિસ્મસની પાર્ટીઝ, પ્રેમ અને કોમેડી છે.

**'અ ક્રિસમસ કેરોલ' (૧૯૫૧):** એક બ્રિટિશ નાટકના રૂપાંતરમાં બીકણ પાત્ર એબનેઝર સ્ક્રૂજ (અલાસ્ટેર સિમ)ને એક ભૂત મળે છે ને તેને ક્રિસ્મસનું મહત્ત્વ સમજવો છે. ક્રિસ્મસ પર બનેલી આ ફિલ્મમાં એક સંદેશ છુપાયેલો છે- 'કાયરને પણ બદલી શકાય.'

**જોયેક્સ નોએલહ (૨૦૦૫):** આ ફ્રેન્ચ-જર્મન-બ્રિટિશ ફિલ્મ છે. વર્લ્ડ વોર ૧માં ક્રિસ્મસ ટ્રુસ (યુદ્ધ વિરામ) વિશે છે. સૌ સૈનિકો ભેગા થઈને ક્રિસ્મસ મનાવે છે. વાર્તાની પૃષ્ઠભૂમિમાં યુદ્ધની સત્ય ઘટના છે અને એ ફિલ્મમાં કલાકારો માટે ખરેખરા સૈનિકોનાં મેલાઘેલા લોહીના ડાઘાંવાળા કપડા અપાયેલા. આમાં ક્રિસ્મસ દ્વારા વિશ્વશાંતિ અને માનવતાની વાત છે. અને હા, ફિલ્મમાં યુદ્ધના વાતાવરણમાં પણ દુશ્મનો સાથે ક્રિસ્મસની ગિફ્ટ્સ વહેંચાય છે!

**ક્લોસ (૨૦૧૯):** આ સ્પેનિશ એનિમેટેડ/કાર્ટૂન ફિલ્મમાં એક પોસ્ટમેન ને રમકડાં બનાવનાર કલાકાર સાન્ટાની મૌલિક વાર્તા છે. આ ફિલ્મને ઓસ્કર નોમિનેશન મળ્યું હતું. એ ફિલ્મમાં સાન્ટાની સ્લેજગાડી ને ગિફ્ટ્સની મજા તો છે જ, પણ બાળકો ને મોટેરાંઓ માટે હૃદયસ્પર્શી વાર્તા પણ છે.

હોલિવૂડની ક્રિસ્મસ ફિલ્મો માત્ર મનોરંજન નથી, પણ તેમાં પરિવાર છે, જીવવાની આશા છે અને થોડો જાદુ કે ચમત્કાર પણ છે. એટલે જ સાચો સાન્ટા મજાકમાં કહે છે કે આમ તો હું વર્ષમાં એક જ દિવસ કામ કરું છું, પણ હોલિવૂડના ડિરેક્ટર્સ મને બારેમાસ કામ કરાવે છે!

સૌને મેરી ક્રિસ્મસ! ■

# સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

## મોટા થવાથી તો મા પણ કેડેથી નીચે ઉતારી દે છે...!

'મળે સૂર જો તારો મારો' નાટકનાં જી.આર. રંગેચંગે પૂરાં થયાં. અખબારોમાં જા.ખ. પણ આવતી થઈ ગઈ. પ્રથમ શો 'સોલ્ડ આઉટ', જે ચામુંડા જ્વેલર્સનાં ઉપક્રમે ઓપન-એરમાં કરવાનો હતો. એ દિવસ પણ આવી પહોંચ્યો. બધા કલાકારો ઉત્સાહમાં તો હતાં જ સાથે પહેલાં પ્રયોગમાં હોય છે એવું ટેન્શન પણ મનમાં હતું. આગલા દિવસે હું એ સ્થળ જોઈ આવ્યો. ત્યાં મારું જ નાટક નહોતું રજૂ થવાનું, આખો 'નાટ્યોત્સવ' રાખેલો. બીજાં બે નાટક ઉપરાંત મ્યુઝિકલ નાઈટ પણ હતી. પહેલું અમારું નાટક હતું. મારે ખાસ તો સાઉન્ડ વિશે જાણવું હતું. આયોજકોના કહેવા મુજબ લગભગ બે થી અઢી હજાર જેટલાં પ્રેક્ષકો આવવાનાં હતાં.

ત્યારે લેપલ માઈક નહોતા. મળનારી સાઉન્ડ સિસ્ટમથી અમારો અવાજ પ્રેક્ષકો સુધી પહોંચવો જોઈએ એ ખાસ પૂછવાનું હતું. એ લોકોએ તો કહી દીધું કે અમારી સાઉન્ડ સીસ્ટમ 'ટોપ' છે. ઠીક છે, ઇચ્છીએ કે એમનું કહેવું સાચું નીકળે, બાકી ઘણાં ઓપન-એરમાં શો કર્યા છે, લોકો સેટ થતાં વાર લગાડે એટલે જેવા કલાકારો સંવાદ બોલવા શરૂ કરે કે તરત સેટ થયેલાં પ્રેક્ષકો અપસેટ થઈ અવાજ...અવાજ કરી બુમરાણ મચાવે અને નાટકની પકડ આવે નહીં.

અમે તો અમારો પહેલો પ્રયોગ રજૂ કરી રહ્યાં હતાં. મારે એની વાત માની લેવાં સિવાય છૂટકો નહોતો. દરેક વાતને સાબિત કરવી મારે માટે મુશ્કેલ હતી, હું માણસ છું, ગણિતનો દાખલો તો નહી. ખેર! સ્થળ જાણી લીધું અને સાઉન્ડ માટે હૈયાધારણ મેળવી લીધી.


રાજુલ દીવાન

બીજે દિવસે બધા કલાકારોને વહેલાં બોલાવી લીધાં. મેકઅપ માટેનો ગ્રીન-રૂમ ખાસ પડદાથી અલગ બનાવવામાં આવેલ. મિરર પણ મુકવામાં આવેલાં. પપ્પાની સેક્રેટરી નાટકથી પોતાનું મેકઅપનું કામ શરૂ કરનાર આનંદ પરમાર અમારો મેકઅપ-મેન હતો.

એમણે આજની લોકપ્રિય સિરિયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં પણ આ મરણાંત એ જવાબદારી નીભાવેલી. થોડા વર્ષો પૂર્વે એમનું નિધન થયું.

બધા આવી ગયાં. જયુકાકા પણ... જયુકાકાના સીન જેમની સાથે હતા એમની સાથે એ 'ચકરી' રિડીંગ કરતાં હતાં. મને સેટ થતાં વાર લાગે છે એવું એમણે કહેલું, કદાચ એ કારણ હોઈ શકે. હું દિગ્દર્શક હોવા છતાં કંઈ કહી નહોતો શકતો, કદાચ એમનો અહમ ઘવાય તો? એ સમજદારી મેં કેળવી લીધી હતી. વધતી જતી સમજદારી જીવનને મૌન તરફ લઈ જતી હોય છે અને આમ પણ ઘોલકા જેવડા ગ્રીન-રૂમમાં બધા કલાકારો વચ્ચે એમને કઈ કહું તો ચોક્કસ એમનો અહમ ઘવાય, એમનો જ નહીં. આવા સંજોગમાં કોઈનો પણ ઘવાય, મારો પણ. એટલે મારી મૌનની સમજદારી બરાબર હતી. નવો-નવો આ નાટ્યજગતમાં આવ્યો ત્યારે ઘણાં સિનિયરો મદદરૂપ થઈ સલાહ આપતા, જેનાથી મારી હિમ્મત વધતી. જ્યારથી ડિરેક્ટરરૂપે શરૂઆત કરી ત્યારથી મારા માટે મારી જાતને કઈક સમજુ છું એવું મારાં માટે લોકો કહેવા લાગેલાં, જે ખોટું હતું. જ્યારે ચાલતાં નહોતું આવડતું ત્યારે કોઈ પડવા નહોતું દેતું, જ્યારથી ચાલવાનું શીખી ગયો ત્યારથી જાણે બધાં પાડવામાં લાગી ગયાં, કંઈક એવો ઘાટ થયો.

શો માટેનો સમય થઈ રહ્યો હતો. રંગદેવતાની પૂજા જયુકાકા અને શીલા શર્માએ કરી. મેં જયુકાકાના આશીર્વાદ લીધાં. બધાને 'ઓલ ધી બેસ્ટ' કહી ત્રીજી બેલની રાહ જોવા લાગ્યાં. હજી પણ જયુકાકા સાથી કલાકાર સાથે સંવાદોની આપ-લે કરી રહ્યાં હતાં.

ત્રીજી બેલ રણકી અને પડદો ખેંચાયો. પ્રભુની કૃપા કે સાઉન્ડ સિસ્ટમ ખરેખર સારી હતી. પ્રેક્ષકો થોડાં હજી ગોઠવાય રહ્યાં હતાં પણ વ્યવસ્થા સારી હતી કે કોઈ ખલેલ-શોર નહોતો, બધાં શાંતિથી પોતાની બેઠક લઈ રહ્યાં હતાં.

નાટક ધીમે ધીમે પકડમાં આવતું જતું હતું. જયુકાકાની એન્ટ્રી ઉપર તો તાળીઓ પડી, જે એમની લોકપ્રિયતાનો પુરાવો હતી. અમુક જગ્યાએ જયુકાકા પોતાનાં 'એક્સટેમ્પો' ઉમેરવામાં મૂળ સંવાદના પાટા પરથી એમની ગાડી ઊતરી જતી અને સામે રહેલો કલાકાર મૂંઝવણમાં મુકાઈ જતો. જયુકાકા અનુભવી હતાં એટલે વાતને પાછી પાટે ચડાવી દેતાં.

જોકે, એક દિગ્દર્શક તરીકે મને આ ગમતું નહોતું. એમનાં એક્સટેમ્પો ઉપર પ્રેક્ષકોની તાળીઓ જરૂર પડતી પણ પછીનાં સંવાદને થાળે પડતાં વાર લાગવાથી નાનો 'ગેપ' પડતો જે મને 'નાટક ખેંચાય રહ્યું છે' એવું લાગતું. મારાં આ વિચાર સાથે જાણે પ્રેક્ષકોને કઈ લાગતું-વળગતું નહોતું. એમનો રિસ્પોન્સ જોરદાર રહેતો. નોકર-નોકરાણીના સીનમાં પણ પ્રેક્ષકોની ભાવુકતા જોવા મળી. ઈમોશનલ સીનમાં શેખર શુકલ અને અમિતા રાજડાએ બધાનાં આંખના ખૂણા ભીનાં કરી દીધા.

આજે તો શેખર શુકલ પોતાને અવ્વલ પુરવાર કરી ચુક્યો છે. હવે નાટકો ઓછા કરે છે. ગુજરાતી-હિન્દી ફિલ્મો અને અનુપમા જેવી લોકપ્રિય સિરિયલમાં વ્યસ્ત રહે છે. પોતે મેળવેલ મહાનતાનું ભૂત હજી મગજમાં ચડવા નથી દીધું. આજે પણ એ 'ડાઉન ટુ અર્થ' છે.

એને ખબર છે કે બહુ મોટા બનવાની કોશિશ ન કરવી, મોટા થવાથી તો મા પણ કેડેથી નીચે ઉતારી દે છે. કદાચ એટલે જ એ પગ જમીન પર ટેકવેલા રાખે છે.

મૂળ વાત પર આવીએ...પહેલા અંક પછી આયોજકોના વખાણ સાંભળી સારું લાગ્યું. ત્રીજો અંક પૂરો થયો કે હસમુખ મગીયા, જેમનાં થ્રુ આ શો અમે લીધેલ એ અન્ય કાર્યકર્તાઓને લઈ મળવા આવ્યા. પરિચય કરાવ્યો. બધાનો સૂર એક જ હતો, નાટક બહુ સરસ હતું. રાજુલ દીવાનનાં કામનાં વખાણ કર્યા. જયુકાકાનું પાત્ર પણ વખણાયું. એમના સંવાદની ગાડીના ડિરેઈલમેન્ટ બાબત મેં સમજદારી પૂર્વક મૌન રાખ્યું. એમણે મને બેન્કમાં આપેલ મુત્સદીભર્યા જવાબ જેવો મેં આભાર પણ માની લીધો. બધી ખબર હોય છે કે ક્યાં ક્યાં ખેલ ખેલાઈ ગયો, છતાં ન બોલીને સંબંધ સાચવે એ સંસ્કાર... ■

**ડબલ રિચાર્જ**

*બીજા દેશમાં કોઈ વાઈફ હોશિયાર હોય તો કહે. શી ઈઝ વેરી ટેલેન્ટેડ. અને આપણા ગુજરાતમાં ફલાણાની વહુ બધાને વેંચીને ખાય એવી છે.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# કાર ચેઝની કોપીમાં 'મજબૂર'ની મજબૂરી

## હિન્દી ફિલ્મોમાં દેશી - વિદેશી વાર્તા કે ગીત - સંગીત ઉપરાંત ક્યારેક ભૂતકાળની ફિલ્મના દૃશ્યની પણ પ્રેરણા લેવામાં આવે છે





અંગ્રેજી ફિલ્મ 'કોલ્ડ સ્વેટ' અને અમિતાભની 'મજબૂર'

ભારતીય ફિલ્મ મેકિંગમાં પ્રેરણાનો ઈતિહાસ એના જન્મ જેટલો જૂનો છે. ધૂંડીરાજ ગોવિંદ ફાળકે - દાદાસાહેબ ફાળકે ૧૯૧૧ની સાલમાં જ્યેષ્ઠ પુત્ર ભાલચંદ્ર સાથે 'એમેઝિંગ એનિમલ્સ' નામની ફિલ્મ જોવા ગયા હતા. ફિલ્મની વાત સાંભળ્યા પછી પરિવારજનોને પડદા પર ફિલ્મ વિશે અચરજ થયું અને ફાળકે સમગ્ર પરિવારને એ ફિલ્મ જોવા લઈ ગયા. જોકે, એ દિવસે ઈસ્ટર ફેસ્ટિવલ હોવાથી થિયેટરમાં ફ્રેન્ચ ડિરેક્ટરની 'ધ લાઈફ ઓફ ક્રાઈસ્ટ' ફિલ્મ દર્શાવાઈ હતી. રૂપેરી પડદા પર ઈશુ (જીસસ)ને જોઈ દાદાસાહેબના દિમાગમાં એમની જગ્યાએ રામ - કૃષ્ણ ગોઠવાઈ ગયા. પિક્ચરના 'ધી એન્ડ' સાથે એક નવી શરૂઆતનાં બીજ રોપાયાં. ફાળકે થિયેટરમાંથી બહાર નીકળ્યા ત્યારે ચલચિત્ર વ્યવસાયમાં ઝંપલાવવાનો નિર્ધાર થઈ ગયો હતો. આ સાથે પહેલી પ્રેરણા ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર' (૧૯૧૩)ની કલ્પનાએ આકાર લીધો. ભારતીય ચલચિત્રના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં પ્રેરણાનાં પુષ્પોનો પમરાટ અનેક સ્વરૂપે જોવા મળ્યો છે. અલબત્ત, ક્યારેક પ્રેરણા લઈ સીનને અલગ રીતે રજૂ કરવામાં આવ્યો છે તો ક્યાંક આબેહૂબ નકલ કરવામાં આવી છે તો એક ઉદાહરણ એવું પણ છે જે જાણ્યા પછી તમે કહેશો કે 'ઈટ્સ અ લિમિટ...'

### 'દીવાર' - 'ધુરંધર'

યશ ચોપડા દિગ્દર્શિત 'દીવાર'નો સીન યાદ કરો. એક આલીશાન હોટેલના સ્વિમિંગ પુલ પાસે અમિતાભ, ઈફ્તેખાર (ડાબર) અને અન્ય સાથીઓ બેઠા હોય છે ત્યારે પ્રતિસ્પર્ધી મદનપુરી (સામંત)ની ગેંગમાં પોતાનો માણસ ઘુસાડી દેવાનો પ્રસ્તાવ અમિતાભ બચ્ચન મૂકે છે. કામ અસંભવ લાગતા અમિતાભ એક આઈડિયા આપે છે કે 'આપણો એક માણસ (મિસ્ટર દર્પન) જો સામંતને જઈને કહે કે ફલાણા બારમાંથી રાત્રે સાડા દસ વાગ્યે હું એકલો હથિયાર વિના નીકળીશ ત્યારે એના પર હુમલો કરી શકાય તો સામંત આપણા દર્પનને મારો દુશ્મન માની એને નોકરી પર રાખી લેશે અને આપણું કામ થઈ જશે.' પ્લાન મુજબ દર્પન સામંતને જાણકારી આપે છે. અમિતાભ બારમાંથી એકલો હથિયાર વિના બહાર નીકળે છે. સામંતના માણસો હુમલો કરે છે પણ અમિતાભ બચી જાય છે, દર્પનને સામંતની ગેંગમાં ઘૂસવા મળે છે અને એનો લાભ ડાબરની ગેંગને મળી જાય છે.

હવે 'ધુરંધર'નો સીન યાદ કરો. ફિલ્મના નાયક રણવીર સિંહ (હમઝા અલી મઝાઈ)ને રેહમાન ડકૈતની ગેંગમાં ફિટ કરવા મોહમ્મદ આલમ (ગૌરવ ગેરા) એક પ્લાન બનાવે છે. બાબુ ડકૈતના માણસો એક લગ્નમાં હાજરી આપવા આવેલા રેહમાનના બે દીકરાને ઠાર કરવાની કોશિશ કરે છે. મોટો દીકરો માર્યો જાય છે, પણ રણવીર જાનના જોખમે નાના દીકરાને બચાવી લે છે અને શિરપાવ રૂપે એને રેહમાનની ગેંગમાં સ્થાન મળી જાય છે.

### The Untouchables - તેજાબ

ફિલ્મ પત્રકારત્વની ફુલ ટાઈમ જવાબદારીના પ્રારંભ કાળની વાત છે. એ સમયે હિન્દી સિવાય અન્ય ભાષાના ચિત્રપટ જોવાનો મોકો સામે ચાલીને આવતો. વાત છે ૧૯૮૮ની. એન. ચંદ્રાની 'તેજાબ' રિલીઝ થઈ ધૂમ મચાવી રહી હતી. ફિલ્મની ૨૯ મિનિટ પછી બેંકમાં સશસ્ત્ર હુમલાની એક સિક્વન્સ આવે છે. થોડી વાર પહેલા જ ત્યાંથી પસાર થયેલા અનિલ કપૂરને ગોળીબારનો અવાજ સંભળાતા એ દોડતો દોડતો બેન્કની ઈમારત પાસે આવી પહોંચે છે, કારણ કે એમાં એના માતા - પિતા નોકરી કરતા હોય છે. હકીકતથી અજાણ એક મહિલા બાબાગાડીમાં ત્રણેક મહિનાના બાળકને લઈ ઈમારતના પગથિયાં ચડતી જોવા મળે છે. ધમાચકડી મચે છે અને ધૂઆંધાર ગોળીબાર વચ્ચે બાળક સાથેની બાબાગાડી પગથિયાં પરથી નીચે સરકવા લાગે છે અને માતા 'મેરે બચ્ચે કો બચાઓ'ની બૂમ પાડે છે. આપણો હીરો છલાંગ મારી બાળકને બચાવી લે છે. આ ફિલ્મ જોઈ એના ત્રણેક દિવસ પહેલા કેવિન કોસનર, રોબર્ટ દ નીરો અને શોં કોનરીની અફલાતૂન ફિલ્મ The Untouchables(૧૯૮૮) જોઈ હતી. એમાં પ્રામાણિક પોલીસ ઓફિસરનો રોલ કરતો કેવિન કોસનર યુએસના શિકાગો સ્થિત યુનિયન સ્ટેશન પર શાર્પ શૂટર સાથી સાથે એક વ્યક્તિને ઝડપી લેવા રાહ જોતો ઊભો હોય છે. એવામાં એક મહિલા હાથમાં કેટલાક સામાન સાથે ત્રણેક મહિનાના બાળક સાથેનું સ્ટ્રોલર (બાબાગાડી) લઈ સ્ટેશનના પગથિયાં ચડવાની કોશિશ કરે છે અને કેવિન એને મદદ કરે છે. જોકે, અચાનક ગોળીબાર થવાથી લગભગ ઉપર સુધી પહોંચી ગયેલું સ્ટ્રોલર છટકી નીચેની દિશામાં ગબડવા લાગે છે. છેક નીચલા પગથિયે પહોંચી ગબડી પડે એ પહેલા કેવિનનો સાથીદાર બાળકને બચાવી લે છે.

'તેજાબ'માં અંગ્રેજી ફિલ્મની આ આખી સિક્વન્સની નકલ કરવામાં આવી છે. ફિલ્મ ચાલી રહી હતી ત્યારે મારી બાજુમાં બેઠેલા યુગલમાંથી પત્ની બોલી ઉઠી કે 'હાયલા! 'તેજાબ'ની કોપી મારી છે.'

### Cold Sweat - મજબૂર

અંગ્રેજી ફિલ્મની નકલ કરવામાં આ હિન્દી ફિલ્મ તો દરેક હદ વટાવી ગઈ હતી. આખું વર્ણન વાંચ્યા પછી 'હદ કર દી આપને' એવું તમારા મોઢામાંથી સરી ન પડે તો જ નવાઈ.

જો તમે ૧૯૭૦ના દાયકાની વિદેશી એક્શન ફિલ્મોથી પરિચિત હશો તો તમે ચાર્લ્સ બ્રોનસનને જાણતા હશો. ૧૯૭૦ની એક્શન ફિલ્મ Cold Sweat માં બદલો લેવા ઉત્સુક યુવાનના પાત્રમાં ચાર્લ્સ બ્રોનસન છે. ફિલ્મ પૂરી થવાને વીસેક મિનિટની વાર હોય છે ત્યારે કાર ચેઝના ક્લાઈમેક્સમાં ચાર્લ્સ બ્રોસનન લાલ રંગની જર્મન એક્ઝિક્યુટિવ કાર 'ઓપેલ કોમેડોર'માં અન્ય બે કલાકાર સાથે પોલીસથી બચવા ભાગતો જોવા મળે છે. ચાર વર્ષ પછી સલીમ - જાવેદની 'મજબૂર' ફિલ્મની કથા બે અંગ્રેજી ફિલ્મ Zig Zag અને Cold Sweat પર આધારિત હતી. વીસેક મિનિટ બાકી હોય છે ત્યારે 'મજબૂર'ના ક્લાઈમેક્સમાં અમિતાભ બચ્ચન યુએસની લાલ રંગની Corvette car માં ડોક્ટરને લઈ જતો દેખાય છે. અંગ્રેજી ફિલ્મની જેમ જ કાર ઊબડખાબડ રસ્તા પર હાલકડોલક થતી ભાગે છે.

દિગ્દર્શક રવિ ટંડન કે પછી પૈસાની બચત કરવા નિર્માતાએ કે બીજા કોઈ કારણસર Cold Sweat ફિલ્મની ચેઝના દૃશ્યો કાપીને 'મજબૂર'ની રીલમાં ચોંટાડી દીધા છે. પહેલા અંગ્રેજી ફિલ્મ અને પછી હિન્દી ફિલ્મની કાર ચેઝ ધ્યાનથી જોશો તો 'મજબૂર'ની સિક્વન્સમાં અંગ્રેજી ફિલ્મમાં વપરાયેલી કાર અને એના રસ્તા વર્તાઈ આવશે. સીનની તો કોપી કરી જ, મૂળ ફિલ્મના સીન જ જોડી દીધા. ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# હેપ્પી હાઈલાઈટસ ઓફ ૨૦૨૫...

## હિંદી સિનેમામાં ફરી વાગ્યો પ્રેમનો સૂર




૨૦૨૫ પૂરું થવામાં છે ત્યારે આપણે આ કોલમમાં વર્ષ આખાનું તારણ કાઢતી ચર્ચા માંડી રહ્યા છીએ. આજે ૨૦૨૫માં હિંદી સિનેમામાં એક ખુશ કરી દેતી વાત બની તેની વાત કરીએ. એ વાત એટલે મ્યુઝિક. હિંદી સિનેમામાં એક સમય એવો આવી ગયો હતો જ્યારે પ્રેમનાં ગીતો માત્ર ફિલ્મની ફરજ પૂરાં કરતા લાગતાં હતાં. ગીત આવતું, દૃશ્ય ચાલતું અને પછી બધું ભૂલી જવામાં આવતું. દિલમાં અટકી જાય એવું કંઈ બચતું નહોતું. પરંતુ ૨૦૨૫માં એક સ્પષ્ટ ફેરફાર જોવા મળ્યો. આ વર્ષે પ્રેમનાં ગીતો ફરીથી અર્થ સાથે પાછા આવ્યા. માત્ર મધુર લાગવા માટે નહીં, પણ કંઈક કહેવા માટે. કંઈક અનુભૂતિ જગાવવા માટે અને સૌથી મોટી વાત એ કે આ ગીતો બનાવતી વખતે એવું લાગ્યું કે સંગીતકાર, ગીતકાર અને ગાયક, ત્રણેયે મળીને દિલ મૂક્યું છે.

આ બદલાવ સૌથી સ્પષ્ટ રીતે ફિલ્મ 'સૈયારા'માં જોવા મળ્યો. ફિલ્મનું મુખ્ય ગીત 'સૈયારા' વર્ષનું સૌથી વધુ ચર્ચાતું પ્રેમ ગીત બન્યું. આ ગીતમાં ફહીમ અબ્દુલ્લાહનો અવાજ એકદમ શાંત છે, કોઈ દેખાડો નથી. તનિષ્ક બાગચીની ધૂન ધીમી છે, પણ અંદર સુધી ઊતરે છે. ઇર્શાદ કામીલના શબ્દો પ્રેમની ગૂંચવણ, ડર અને આશાને સાથે લઈને ચાલે છે. આ ગીત લોકોના ફોનમાં, કારમાં અને એકાંતમાં વાગતું રહ્યું, કારણ કે એ કોઈ ફિલ્મી પ્રેમ નહીં, પણ સાચો અનુભવ લાગતો હતો.

આ જ ફિલ્મનું બીજું ગીત 'બરબાદ' પણ એટલું જ અસરકારક રહ્યું. જુબિન નૌટીયાલે આ ગીતમાં પ્રેમની મૂંઝવણને અવાજ આપ્યો. અહીં કોઈ મોટા શબ્દો નથી, કોઈ ઊંચી ધૂન નથી. બસ, સીધી સરળ માણસની લાગણી છે. આ ગીત એટલા માટે ચાલ્યું કારણ કે લોકો તેમાં ખુદને જોઈ શક્યા.

ફિલ્મ 'આપ જૈસા કોઈ'માં પણ પ્રેમનાં ગીતોનું મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું. આ ફિલ્મનું 'મિલા તુજે' ગીત બહુ સાદી રીતે પ્રેમને રજૂ કરે છે. રોચક કોહલી અને જસ્ટિન પ્રભાકરને સંગીતમાં જૂની મીઠાશ રાખી છે, પણ ભાષા આજની છે. આ ગીત એવું લાગે છે કે કોઈ ધીમે ધીમે પ્રેમમાં પડી રહ્યું છે. આ ફિલ્મનું બીજું ગીત 'જબ તુ સાજન' પણ એ જ ભાવમાં આગળ વધે છે. અહીં પ્રેમ કોઈ મોટી ઘટના નથી, પણ રોજિંદી લાગણી છે.

'ધડક- ૨'નાં ગીતોએ યુવાન પ્રેમની અસમંજસને પકડી. 'પ્રીત રે' ગીતમાં ઉતાવળ છે, ગભરાટ છે અને સાથે સાથે એક અલગ જ ઉત્સાહ છે. 'બાવરિયા' ગીત પ્રેમમાં પડ્યા પછીની ગૂંચવણ બતાવે છે. સામાજિક મુદ્દા સાથેની આ લવ સ્ટોરીમાં ફ્રેન્ચાઈઝની પહેલી ફિલ્મ જેટલા જ ઓડિયન્સના તરત ફેવરિટ બની જાય તેવાં ગીતો છે.

એવું નથી કે લવ સોંગ્સ બનતા જ નહીં, પણ ૨૦૨૫માં તેની માત્રા વધી છે અને એ માત્ર સાથે સોંગ્સની ક્વાલિટી પણ પાછી આવી છે. આ મહત્ત્વપૂર્ણ ઘટના માટે બે કારણો જવાબદાર હોઈ શકે. એક તો ફિલ્મ્સના નબળા મ્યુઝિક માટે એક સાથે કેટલાંય કમ્પોઝર્સ હોવાનો ટ્રેન્ડ ફિલ્મ અને મ્યુઝિક બંનેને નુકસાન કરતો હતો. એ બદલાયો છે. આ વર્ષે ઘણી ફિલ્મ્સમાં એક જ મ્યુઝિક કમ્પોઝર નજરે પડે છે. બીજી ચીજ એ કે આ વર્ષે ફરી પાછી લવ સ્ટોરીઝની સંખ્યા વધી છે, જેના કારણે રોમાન્ટિક સોંગ્સની હાજરી પણ વધી છે.

'મેટ્રો ઈન દિનો'નું સંગીત પણ ૨૦૨૫ની સૌથી અર્થસભર રચનાઓમાંનું એક રહ્યું. આ ફિલ્મનું 'કાયદે સે' ગીત હોય કે 'ઝમાને સે' કે પછી 'દિલ કા ક્યા' ગીત હોય; દરેક પ્રેમના ભિન્ન-ભિન્ન ભાવને આગળ વધારે છે. પ્રિતમે કમ્પોઝર તરીકે સાચે જ આ ફિલ્મમાં વખાણવા લાયક કામ કર્યું છે.

'આંખોં કી ગુસ્તાખીયાં' ફિલ્મમાં પ્રેમને બહુ નાની નાની લાગણીઓથી દર્શાવામાં આવ્યો છે. આ ફિલ્મનું ગીત 'નઝારા' વિશાલ મિશ્રાની નરમ ધૂન સાથે દિલને સ્પર્શે છે. આ ગીતમાં પ્રેમ કોઈ જાહેરાત નથી, પણ એક ક્ષણ છે. 'તેરે ઈશ્ક મેં' ફિલ્મનું સંગીત એ. આર. રહેમાને રચ્યું છે અને એમાં તેમની ઓળખ સ્પષ્ટ દેખાય છે. આ ફિલ્મનું 'તેરે ઈશ્ક મેં' ટાઇટલ ગીત પ્રેમની પીડા અને સમર્પણને સાથે લઈને ચાલે છે. અહીં ધૂન અને શબ્દો વચ્ચે શાંતિ છે.

'ગુસ્તાખ ઈશ્ક' ફિલ્મના વિશાલ ભારદ્વાજે કમ્પોઝ કરેલાં ગીતો થોડા અલગ સ્વભાવના છે. આ ફિલ્મનું 'આપ ઇસ ધૂપ' કે 'શહેર તેરે' કે પછી 'ઉલ જલૂલ ઇશ્ક' ગીત પ્રેમ અને સંબંધોની અસ્પષ્ટતા બતાવે છે. આ ગીતોમાં પ્રેમ સરળ નથી અને એ જ વાત તેને સુંદર બનાવે છે. સંગીતકાર અને ગાયક બંનેએ અહીં સલામત રસ્તો લીધો નથી.

આ વર્ષે પ્રેમના ગીતોએ સાબિત કર્યું કે મેલોડીનો ટ્રેન્ડ ક્યારેય જૂનો થતો નથી. લોકો હજુ પણ એવા ગીતો સાંભળવા માંગે છે જે કંઈક કહે, કંઈક યાદ અપાવે. ૨૦૨૫એ એ વિશ્વાસ પાછો આપ્યો કે અર્થવાળી મધુર ધૂનો હજી પણ દિલ સુધી પહોંચે શકે છે, બસ, તેને ઈમાનદારીથી બનાવવાની જરૂર છે. ■

**લાસ્ટ શોટ**

'સૈયારા'ના શીર્ષક ગીતે *Spotify* ની દુનિયાની ટોચની પચાસ ગીતોની યાદીમાં સ્થાન મેળવ્યું. એ સાથે જ ટોપ ૧૦માં સામેલ થનારું પ્રથમ હિંદી ગીત બન્યું; જે એક રેકોર્ડ છે.

ફિલ્મનામા

નરેશ શાહ

# નિર્દોષ સાબિત થવા માટે હત્યા કરવી ફરજિયાત છે!

## અચરજ જગાડીને સ્તબ્ધ કરી દેતી કોરિયન વેબસિરીઝની વાત

પાંચ-છ વરસની બાળકી ધરાવતાં ચિત્રકાર દંપતીનું જીવન દેખીતી રીતે ખુશહાલ છે ,પરંતુ પતિ-પત્નીમાં બીજા સંતાન બાબતે મતભેદ છે. પત્ની બીજું બાળક ઝંખે છે અને ખૂબ બધી મથામણ પછી પતિદેવ બીજા બાળકના પ્લાનિંગ માટે તૈયાર થયા છે. એ માટેનું સ્થળ બન્ને નક્કી કરે છેઃ પોતાનો જ સ્ટુડિયો.

પત્ની યુન જીન વરસાદી વાતાવરણમાં ખુશમિજાજ સાથે કાર ડ્રાઈવ કરીને સ્ટુડિયો પહોંચે છે. આજે અહીં જ સમાગમ કરવાનો પતિ-પત્નીનો નિર્ધાર હતો પણ... પત્ની યુન જીન સ્ટુડિયોમાં દાખલ થતાં જુએ છે કે પતિ અત્યંત ક્રૂર રીતે ચાકુના પ્રહારથી ઘાયલ થઈને કણસતો પડ્યો છે. પત્ની તેને ખોળામાં લઈ ઢંઢોળે છે. પોલીસને એમ્બ્યુલન્સ માટે આક્રંદ સાથે ફોન કરે છે પણ... પતિનું મૃત્યુ થાય છે. પરિસ્થિતિ જોતાં પત્ની યુન જીન પણ શંકાના દાયરામાં આવે છે. તે પોતાના બચાવમાં કહે છે કે, સ્ટુડિયોમાં દાખલ થતાં પહેલાં તેણે મુખવટો પહેરેલી એક આકૃતિ જોઈ હતી. એ આકૃતિ મોટાભાગે પતિની પ્રિય સ્ટુડન્ટની હોય તેવું લાગતું હતું. તપાસમાં ખુલાસો થાય છે કે જે યુવતી પર પત્નીએ શંકાની સોય તાકેલી, એ યુવતી એ વખતે તો બીજા જ સ્થળે હતી અને...




પત્ની યુન જીનને કોર્ટ આજીવન કારાવાસની સજા આપે છે. કોર્ટમાં જતાં પહેલાં યુન જીન ન્યુઝ ટીવીના કેમેરાઓ સામે કરગરે છે કે, હું નિર્દોષ છું. મારા પતિની હત્યા મેં કરી નથી. મને તો મારી છ વર્ષની દીકરીની ચિંતા છે, વગેરે...

ન્યૂઝ બુલેટિનમાં પ્રસારિત થતાં યુન જીનનું ક્લિપગ એ જ શહેરના અન્ય વિસ્તારમાં આવેલા એક બંગલાના ડ્રોઈંગ રૂમમાં ઊભેલી યુવતી મો યુન જોઈ રહી છે. એ જ ડ્રોઈંગ રૂમમાં ડેન્ટલ ડોક્ટર દંપતી ખોરાકમાં આપેલાં ઝેરની અસરમાં તરફડી રહ્યાં છે. ત્યારે જ પોલીસ આવી જાય છે.

બે અલગ છેડે થયેલી હત્યાઓ, બે જુદી જ સ્ત્રીઓ અને ટ્વિસ્ટ અહીં આવે છે. પતિની હત્યામાં ગુનેગાર ઠરેલી પત્ની અને દંપતીને ઝેર આપીને મારી નાખનારી યુવતીને જેલમાં નાખવામાં આવે છે. જેલ એક જ છે. અહીં પેલી હત્યારી યુવતી (પતિની હત્યાની આરોપી) પત્નીને એક ઓફર આપે છેઃ તું ઈચ્છે તો તારા પતિની હત્યાનો આરોપ હું ઓઢી લઈને એ હત્યા કબૂલવા તૈયાર છું. હું એવું કરું તો તું નિર્દોષ છૂટીને તારી નાનકડી દીકરી પાસે જઈ શકીશ. તેનો ઉછેર કરી શકીશ નિરાંતે. આથી રૂડું બીજું શું હોઈ શકે? પત્ની-માતા યુન જીન આ ઓફરથી ઢીલી પડી જાય છે, પણ...

'તારા પતિની હત્યાનું આળ હું લઈ લઉં પણ મારી એક શરત છે!' યુવતી મો યુન પત્ની યુન જીન સમક્ષ શરત મૂકે છેઃ 'બદલામાં તારે જેલમાંથી છૂટીને હું કહું એ વ્યક્તિનું ખૂન કરવું પડશે!'

તેને ખબર છે કે હવે તેણે ડેન્ટલ ડોક્ટર દંપતી (જેની હત્યા યુવતીએ ઝેર આપીને કરેલી)ના યુવાન પુત્રની હત્યા કરવાની છે...

ખુરશીની ધાર પર ખેંચી લાવે એવા રોમાંચ માટે તમારે કોરિયન ફિલ્મો અને વેબસિરીઝને પણ વ્હેંત ઊંચું સ્થાન આપવું પડે અને તેની એક મિસાલ 'ધ પ્રાઈસ ઓફ કન્ફેશન' (કબૂલાતની કિંમત) વેબસિરીઝ છે. પત્ની યુન જીને ખરેખર પતિની હત્યા કરેલી? શું નિર્દોષ છૂટવા માટે એ ફરી ખૂન કરશે? ડેન્ટલ ડોક્ટર દંપતીનીની હત્યા મો યુન શા માટે કરેલી? દંપતીના પુત્રની હત્યા કરવાની 'સોપારી' એ યુન જીનને શા માટે આપે છે? શું એ યુન જીનના પતિની હત્યા પોતે કર્યાની કબૂલાત કરે છે? સવાલ એ પણ છે કે યુન જીને જ પતિની હત્યા કરી છે કે હત્યારો કોઈ બીજું જ હતું? પત્ની યુન જીને ડોક્ટર દંપતીના પુત્રની હત્યા નથી કરી તો એ હત્યા પણ કોણે કરી? આ અને આવા અનેક સવાલોના સચોટ જવાબ 'ધ પ્રાઈસ ઓફ કન્ફેશન' (નેટફ્લિક્સ) પૂરી કરશો ત્યારે મળી જશે અને ડિરેક્ટર લી જંગ યો અને રાઈટર ક્નો જોગ ક્વાનની પીઠ મનોમન થાબડી લેશો. એની ગેરેન્ટી છે. ■

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# 'ધુરંધરે' આપ્યાં બે ધક્કા



અક્ષય ખન્ના



રણવીર સિંહ

અધધધ સફળતાનાં આફટરશોક્સ જબરા આવતા હોય છે. એ સફળતા મેળવનારની સાથે સંકળાયેલા લોકોનું જીવન કદાચ ઝેર બનાવી દેતી હોય છે. 'ધુરંધર' ફિલ્મ એક મહિનાની અંદર જ ૧ હજાર કરોડના કલેક્શનને સ્પર્શી ગયું છે. એવું કહેવાઈ રહ્યું છે કે આ કલેક્શન ઓર્ગેનિક એટલેકે સ્વયંભુ છે.

સ્વયંભુ કલેક્શનનો અર્થ એવો કે અહીં બ્લોક બુકિંગ કે કોર્પોરેટ બુકિંગ નથી થયું. લોકો મોટી સંખ્યામાં સામે ચાલીને ફિલ્મનાં ચોથાં અઠવાડીયે પણ જઈ રહ્યાં છે. હવે આવી અદ્‌ભુત સફળતા અને એ પણ ઓર્ગેનિક મળે એટલે ટીમનાં બે સભ્યોને એને એનકેશ કરવાનું મન થઇ ગયું. આ બે સભ્યો એટલે રણવીર સિંહ અને અક્ષય (કે સ્પેલિંગ પ્રમાણે અક્ષયે?) ખન્ના.

આ ફિલ્મમાં જો સહુથી કોઈનાં વખાણ થયાં છે તો એ આ બંનેના જ થયાં છે. હવે 'ધુરંધર સફળતા' મળ્યા બાદ એવું જાણવા મળ્યું છે કે રણવીરે 'ડોન ૩' અને અક્ષય ખન્નાએ 'દૃશ્યમ ૩' છોડી દીધી છે. રણવીર સિંહનાં નિર્ણય પાછળ કારણ એવું કહેવામાં આવે છે કે હવે તે પોતાને 'એક-બે લેવલ અપ'નો સ્ટાર માનવા લાગ્યો છે (સલમાન, શાહરૂખ લેવલ યુ સી?) આથી, એનાં માટે કદાચ 'ડોન'નું લેવલ હવે નીચું ગણાય એવું એ માને છે અને એટલે એણે ફિલ્મ છોડી દીધી છે.

જ્યારે અક્ષય ખન્નાએ 'ધુરંધર'માં પોતાની એક્ટિંગનાં મોંફાટ વખાણ થયાં અને એનો જાણે કે ઇન્ડસ્ટ્રીમાં પુનર્જન્મ થયો હોય એનો ભરપૂર લાભ લેવાનો પ્રયાસ કર્યો છે. પોતાની આ તાજી ફિલ્મની જબરદસ્ત સફળતા બાદ અક્ષયે 'દૃશ્યમ ૩' માટે અગાઉથી નક્કી કરેલી ફી કરતાં અચાનક વધુ ફી માગી લીધી. સ્વાભાવિક છે કે ફિલ્મનાં મેકર્સને એ યોગ્ય નહીં લાગી હોય એટલે એમણે અક્ષયને મનાઈ કરી દીધી હશે. આ કારણસર અક્ષયે ફિલ્મ છોડવાનો નિર્ણય કરી લીધો છે.

આ બધું સાંભળીને સલીમ ખાનની એ વાત યાદ આવી ગઈ, શોલેની સફળતા પછી અમારાં બધાનાં મગજ ફરી ગયાં હતાં!

## 'હોમબાઉન્ડ' હવે 'કોર્ટબાઉન્ડ'?




એક વાત સમજાતી નથી. કોઈ ફિલ્મ રિલીઝ થવાની હોય એનાં એકાદ-બે દિવસ અગાઉ, કે પછી એ સફળ થાય પછી જ અમુક લોકોને અચાનક કેમ યાદ આવે છે કે અલ્યા! આ તો મારી વાર્તા પરથી ફિલ્મ બની છે? લોકોની આવી નબળી યાદગીરીનો તાજો ભોગ બની છે ઓસ્કર્સમાં ભારતની ઓફિશિયલ એન્ટ્રી 'હોમબાઉન્ડ'. કોવિડનાં સમયમાં લોકોના એક જગ્યાએથી બીજી જગ્યાએ થયેલાં પલાયન વિષે આ ફિલ્મ વાત કરે છે.

ફિલ્મની ઓરિજિનલ રિલીઝનાં લગભગ ત્રણ-ચાર મહિનાથી બધું બરાબર ચાલી રહ્યું હતું. પરંતુ અચાનક પૂજા ચાંગોઈવાલા નામનાં એક બહેનને યાદ આવ્યું કે આ ફિલ્મ તો એમની નોવેલ પરથી બની છે! તેમણે આ અંગે ૧૫ ઓક્ટોબરે ધર્મા પ્રોડક્શન્સ અને નેટફ્લિક્સને નોટીસ મોકલી છે. પૂજાબહેનનું કહેવું છે કે એમની આ જ નામની નોવેલ જે ૨૦૨૧માં પ્રકાશિત થઇ હતી, એનાં પર આ ફિલ્મ આધારિત છે.

પૂજાબહેન એવો દાવો કરે છે કે ફિલ્મનો સેકન્ડ હાફ ફક્ત એમની નોવેલના વર્ણન સાથે મેચ થાય છે, બલ્કે ફિલ્મનાં મેકર્સે અમુક એવા ફેરફાર કર્યાં છે જેણે, ફિલ્મનો આત્મા મારી નાખ્યો છે. જોકે, પૂજાબહેને એમ જરૂર કહ્યું છે કે તેઓ બહુ પ્રભાવશાળી વ્યક્તિઓ સામે લડત ઉઠાવી છે એની તેમને ખબર છે, પરંતુ પૂજાબહેને એમ નથી કહ્યું કે એમને કેસ કરતાં આટલી બધી વાર કેમ લાગી?

## ૧૧,૫૦૦ ફીટ પર મનોરંજન

જે કાશ્મીરમાં ગણ્યાગાંઠ્યા થિયેટર્સ એક સમયે સળગાવી મૂકવામાં આવ્યાં હતાં, એ જ કાશ્મીરમાં હવે 'મૌસમ બદલ રહા હૈ!' હવે અહીં એક નહીં પરંતુ બે-બે મલ્ટિપ્લેક્સ ધમધમી રહ્યાં છે. કલમ ૩૭૦ના હટી ગયાં બાદ જમ્મુ અને કાશ્મીર તેમજ લડાખનાં લોકોનાં જીવનમાં આમૂલ પરિવર્તનો આવ્યાં છે અને સિનેમા તેમાંથી એક છે.

એકાદ વર્ષ પહેલાં શ્રીનગરમાં મલ્ટિપ્લેક્સ ખુલ્યું હતું અને હવે લડાખના લેહમાં પણ પીવીઆર દ્વારા બે સ્ક્રિનનું મલ્ટિપ્લેક્સ ખુલ્યું છે. લેહના સાબૂ વિસ્તારની સોલર કોલોનીમાં અને લેહ-મનાલી હાઈવે પર આ મલ્ટિપ્લેક્સ શરૂ થયું છે જે સમુદ્રના તળથી ૧૧,૫૦૦ ફીટ ઉપર છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ મલ્ટિપ્લેક્સ પોતાની રીતે અનોખું એટલા માટે છે કારણકે એ લડાખમાં ખુલેલું પ્રથમ મલ્ટિપ્લેક્સ છે.

હાલમાં જ શરૂ થયેલાં આ મલ્ટિપ્લેક્સનું ડેબ્યુ 'ધુરંધર' અને 'એવેટાર' ('અવતાર' હવે સમજી જાવ ને!) એ બે ફિલ્મોએ કર્યું હતું. આ શુભ પ્રસંગે રિસાયેલા ફુવાની જેમ એક ખણખોદ કરવાનું મન થાય છે. આપણે ત્યાં મલ્ટિપ્લેક્સ મોંઘા પોપકોર્ન અને કોલા વેંચે છે. તો લેહ જેવા ઠંડાબોળ શહેરમાં મોંઘા પોપકોર્ન સાથે મોંઘી ચા કે પછી કહાવો વેંચાશે કે શું? ■

**કટ એન્ડ ઓકે..**



મોહનલાલ-ચિરંજીવી

*ડાયરેક્ટર બોબી કોલ્લીનાં ડાયરેકશનમાં બનનારી તેલુગુ ફિલ્મ 'વોલ્ટેર વિરય્યા'માં દક્ષિણ ભારતના બે મેગાસ્ટાર ચિરંજીવી અને મોહનલાલ પહેલીવાર એક સાથે સ્ક્રિન શેર કરતાં જોવા મળશે!*

**મનોરંજનનું મેઘધનુષ**
ઉમેશ ત્રિવેદી

# કપિલ શર્મા
## ટચૂકડા પડદાનો સુપરસ્ટાર પણ મોટાં પડદે સુપર ફ્લોપસ્ટાર!

કપિલ શર્માની 'કિસ કિસ કો પ્યાર કરું-ભાગ ૨' હાલમાં જ એટલે કે ૧૨ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં કપિલ શર્મા લીડ રોલમાં હતો. લગભગ ૩૫ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મ રિલીઝના ૧૫ દિવસ પછી માંડ-માંડ ૧૩ કરોડની કમાણી કરી શકી છે. ટચૂકડા પડદા પર એક પછી એક વિક્રમ નોંધાવતો આ હાસ્ય કલાકાર સુપરસ્ટારને પણ શરમાવે એવી લોકપ્રિયતા ધરાવે છે, ફિલ્મમાં આ અગાઉ પણ તેણે પ્રયાસ કર્યા છે ત્યારે તે ફ્લોપ સ્ટાર જ સાબિત થયો છે.

અત્યારે ઓટીટી પર તેની 'ધ ગ્રેટ ઈન્ડિયા કપિલ શો'ની ત્રીજી સીઝન ચાલુ થઈ છે અને ઓટીટી પર તેનો આ કાર્યક્રમ રજૂ કરવા માટે તેને દરેક એપિસોડ દીઠ મસમોટી ફી (માર્કેટ મુજબ રૂપિયા પાંચ કરોડ!) ચૂકવવામાં આવે છે. એક સ્ટેન્ડ અપ કોમેડિયન તરીકે કપિલ શર્માએ ખૂબ જ લોકપ્રિયતા મેળવી છે. 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ (સીઝન-થ્રી), કોમેડી સર્કસ, કોમેડી નાઈટ વિથ કપિલ, ધ કપિલ શર્મા શો અને હવે તેનો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો ખૂબ જ લોકપ્રિય થયા છે.

૨૦૦૭માં 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ'ની ત્રીજી સીઝન જીત્યા પછી કપિલ શર્મા સતત આગળ જ વધતો રહ્યો છે. ટી. વી. પર તેની લોકપ્રિયતા અપાર છે, પણ ફિલ્મોમાં તેને સતત નિષ્ફળતા જ મળે છે. 'કિસ કિસ કો પ્યાર કરું' ૨૦૧૫માં આવી ત્યારે તે હીટ સાબિત થઈ હતી. ત્યારે રૂ. ૧૬ કરોડમાં બનેલી એ ફિલ્મે રૂ. ૭૨ કરોડની કમાણી કરી હતી, પણ ત્યાર પછી તેને ફિલ્મોમાં સતત નિષ્ફળતા જ મળી છે.

૨૦૧૭માં ફિરંગી, ૨૦૧૮માં 'સન ઓફ મનજીત સિંહ (પંજાબી), ઈટ્સ માય લાઈફ (૨૦૨૦), ૨૦૨૨માં ઝવિગાટો, ૨૦૨૫માં 'કિસ કિસ કો પ્યાર કરું-૨' આ બધી જ ફિલ્મો નિષ્ફળ નીવડી છે.

બીજી એપ્રિલ ૧૯૮૧ના પંજાબ - અમૃતસરમાં જન્મેલા કપિલ શર્માએ સ્ટેન્ડ અપ કોમેડિયનની સાથે જ નિર્માતા અને એક ગાયક તરીકે પણ નામના મેળવી છે. કપિલના પિતા પંજાબ પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે કામ કરતા હતા. ૨૦૦૪માં કેન્સરને કારણે તેમનું અવસાન થયું હતું. કપિલએ તેનું શિક્ષણ અમૃતસરમાં



પૂરું કર્યું છે.

એનો ભાઈ અશોક શર્મા પંજાબ પોલીસમાં હેડ હોન્સ્ટેબલની નોકરી કરે છે. હસમુખા માતા જાનકી દેવી તેનાં શોમાં સતત હાજર રહે છે. તેનાં લગ્ન ૨૦૧૮માં તેના શો સાથે જ સંકળાયેલી ગિની ચતરથ સાથે થયાં છે અને અત્યારે એમને બે સંતાન - એક પુત્ર અને એક પુત્રી છે.

કપિલ તેનાં શોમાં જ કામ કરનારા લોકપ્રિય કલાકાર સુનીલ ગ્રોવર સાથે બાખડ્યો હતો અને અનેક વર્ષો સુધી સુનીલ ગ્રોવર ડો. મશહૂર ગુલાટી કે ગુત્થી તરીકે કપિલ શર્માના શોમાં દેખાયો નહોતો. સુનીલ ગ્રોવર સાથેનો વિવાદ ખૂબ જ ચગ્યા પછી લગભગ પાંચ વર્ષે બન્ને વચ્ચે સમાધાન થતા તે કપિલના શોમાં પાછો ફર્યો હતો.

કપિલ એક પછી એક વિવાદોમાં સપડાયા જ કરે છે. કોઈવાર તેની દારૂ પીવાની આદતને કારણે, તો ક્યારેક તેનાં વધી ગયેલા વજનને કારણે, પણ આ બધા વિવાદો તેની લોકપ્રિયતાને અસર નથી કરતા અને તે ટચૂકડા પડદે તો સતત આગળ વધતો રહે છે.

હાલમાં જ તેની કેનેડા સ્થિત 'કેપ્સ કાફે' પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેની આ કાફે પર છેલ્લાં ચાર મહિનામાં ત્રણ વાર ગોળીબાર કરવામાં આવ્યો છે. ફિલ્મઉદ્યોગના ટોચના સ્ટાર્સ સાથે કપિલના હૂંફાળા સંબંધ ને શોમાં એના મારફાડ છતાં બટકબોલા સંવાદ શૈલીને લીધે કપિલ શર્માની ટચૂકડા પડદા પરની લોકપ્રિયતા એક સ્ટેન્ડ અપ કોમેડિયન, એક સંચાલક તરીકે આભને આંબે એવી રહી છે, પણ ફિલ્મોમાં તેને જોઈએ એવી સફળતા મળી નથી. તેનું કારણ કદાચ એ પણ હોય કે એ 'હીરો મટિરિયલ' નથી, છતાં ફિલ્મોમાં એ સતત હીરોની જ ભૂમિકા ભજવવાનો દુ-આગ્રહ જ રાખે છે.

એક વાર એ 'હીરોગીરી' છોડીને એક કોમેડિયન તરીકે કદાચ ફિલ્મોમાં આવે તો અત્યારે ફિલ્મોમાં અચ્છા કોમેડિયનની ભારે અછત છે ત્યારે તે છવાઈ શકે એમ છે. ■

**OTTનું હોટસ્પોટ**

## ૨૬ ડિસેમ્બરથી બીજી જાન્યુઆરી ૨૦૨૬ સુધી શું નવું જોવા મળશે?

અત્યારે ઓટીટી પર માધુરી દીક્ષિત, નવાઝુદ્દીન સિદ્દીકી અને રાધિકા આપ્ટે છવાઈ ગયા છે. મહત્ત્વની વાત એ છે કે એ ત્રણેયની સિરીઝ અને ફિલ્મ સસ્પેન્સ અને મિસ્ટ્રીથી ભરપૂર છે.

માધુરી દીક્ષિતની 'મિસીસ દેશપાંડે' જિયો હોટસ્ટાર પર રિલીઝ થઇ ત્યારથી જ લોકોને આકર્ષી રહી છે, તો નવાઝુદ્દીન સિદ્દીકીની સીરિઝ 'રાત અકેલી હૈ- ધ બંસલ મર્ડર્સ' 'નેટફ્લિક્સ' પર ધૂમ મચાવી રહી છે. આ સિરીઝમાં નવાઝુદ્દીન સાથે ચિત્રાંગદા સિંહ, રાધિકા આપ્ટે, દિપ્તિ નવલ, રજત કપૂર અને રેવતી જેવાં કલાકારો છે. 'ઝી ફાઈવ' પર ટિસ્કા ચોપરા દિગ્દર્શિત ફિલ્મ 'સાલી મહોબ્બત' માં મુખ્ય ભૂમિકા રાધિકા આપ્ટેની છે અને તેની સાથે અનુરાગ કશ્યપ, શરત સકસેના અને દિવ્યેન્દુ જેવાં કલાકારો છે.

*જિયો હોટસ્ટારઃ- સાયન્સ ફિક્શન ફિલ્મ 'કોપન... ટેસ્ટ' ૨૮મી ડિસેમ્બરથી રજૂ થશે.

* ઝી ફાઈવઃ- હર્ષવર્ધન રાણે અને સોનમ બાજપાય અભિનીત ફિલ્મ 'એક દિવાને કી દિવાનિયત'નું ૨૬ ડિસેમ્બરે પ્રસારણ શરૂ થઈ રહ્યું છે.

*નેટફ્લિક્સઃ- અહીં ૨૬ ડિસેમ્બરે દક્ષિણની ખૂબ જ લોકપ્રિય અભિનેત્રી કીર્તિ સુરેશની ફિલ્મ રિવોલ્વર રીટા ૨૬ ડિસેમ્બરે રજૂ થવાની છે. તો ૨૬ ડિસેમ્બરે જ 'સ્ટ્રેન્જર થીંગ્સ-સીઝન ફાઈવમાં 'વોલ્યુમ ટુ'ની રજૂઆત થશે. અત્યારે આ ઓટીટી ચેનલ પર યશરાજ બેનરની ફિલ્મોનો મહોત્સવ ચાલી રહ્યો છે. તેમાં ૨૭ ડિસેમ્બરે રાણી મુખર્જી અભિનીત 'હિચકી' અને 'હમ તુમ' રજૂ થશે. સાથે જ 'એક થા ટાઈગર', 'સુલતાન' અને 'ટાઈગર ઝિંદા હૈ' જેવી ફિલ્મો પણ રિલીઝ થશે તો ૨૮ ડિસેમ્બરે 'ફના' અને 'ન્યૂ યોર્ક' જેવી ફિલ્મ રજૂ થવાની છે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ
નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

એક કલાકારની કોઈ એક ફિલ્મનાં નામના અર્થ પર બીજા કલાકારની ઈંગ્લિશ નામ પર બનેલી ફિલ્મનાં નામ જાણો છો?

૧) શમ્મી કપૂર - રણબીર કપૂર
૨) સંજય દત્ત - અભિષેક બચ્ચન
૩) કમલ હસન - સન્ની દેઓલ
૪) ગોવિંદા - ઈમરાન હાશમી
૫) શાહરુખ ખાન - દેવ આનંદ
૬) બિસ્વજીત - ઈમરાન ખાન
૭) વિવેક ઓબેરોય - સલમાન ખાન


રણબીર કપૂર

### ક્વિઝ (બ)

'આ ગીતો કઈ ફિલ્મના છે એ કહી શકશો ?

૧) મેરા દિલ ભી કિતના પાગલ હૈ યે પ્યાર તો તુમસે કરતા હૈ પર...
૨) મેરા દિલ કેહને લગા દિલ મેં કોઈ રેહને લગા રાત દિન યાદ સતાયે...
૩) મેરા દિલ લે ગયી ઓય કમ્મો કિધર મૈં દેખું ઉસકો ઇધર ઉધર મેરા...
૪) મેરા દિલ જિસપે ફિદા હૈ એક દિલરુબા હૈ, મેરી ઉલફત મેરી વફા હૈ વો...
૫) મેરા દિલ યે પુકારે આજા મેરે ગમ કે સહારે આજા ભીગા ભીગા હૈ...
૬) મેરા દિલ અબ તેરા ઓ સાજના કૈસા જાદુ ફેરા ઓ સાજના મેરા...
૭) મેરા દિલ જો મેરા હોતા પલકો પે પકડ લેતી હોટો પે ઉઠા લેતી હાથો...

**જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'**

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बागबान | લગામ |
| बादबान | વાતોડિયો |
| बातूनिया | જાદુગર |
| बागडोर | માળી |
| बाजीगर | સઢ |

### જાણવા જેવું

બિમલ રોય દિગ્દર્શિત દિલીપ કુમાર - વૈજ્યંતિમાલાની 'મધુમતી' બોક્સ ઓફિસ પર અત્યંત સફળ ફિલ્મ સાબિત થઈ હતી. આ ફિલ્મને નેશનલ એવોર્ડ ઉપરાંત નવ ફિલ્મફેર એવોર્ડ સુધ્ધાં એનાયત થયા હતા. જોકે, આશ્ચર્યની વાત એ છે એમાં શ્રેષ્ઠ હિરોઈન એવોર્ડ નહોતો મળ્યો. જોકે, વૈજ્યંતિમાલાને જ એવોર્ડ મળ્યો પણ બી આર ચોપડાની 'સાધના' માટે.

### ગુજરાત મોરી મોરી રે

પ્રખ્યાત ગીત 'મેંદી તે વાવી માળવે ને...માં આવતી પંક્તિ 'લાંબો ડગલો, મૂછો વાંકડી, શિરે પાઘડી રાતી' ક્યા ગાયકે ગાઈ છે એ જણાવો.
અ) મહેન્દ્ર કપૂર
બ) દિલીપ ધોળકિયા
ક) પિનાકીન શાહ
ડ) પ્રફુલ દવે

### નોંધી રાખો

ઈન્ટરવલ ન હોય એવી પહેલી હિન્દી ફિલ્મ યશ ચોપડા દિગ્દર્શિત 'ઈત્તેફાક' ગણાય છે જેમાં રાજેશ ખન્ના અને નંદા લીડ રોલમાં હતા.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| | | ૧૦ | | | | | ૧૧ | ૧૨ | |
| ૧૩ | | | | ૧૪ | | | | | |
| | | ૧૫ | ૧૬ | | | ૧૭ | | | |
| | ૧૮ | | | | ૧૯ | | ૨૦ | | ૨૧ |
| | | | | ૨૨ | | | ૨૩ | | |
| ૨૪ | | ૨૪અ | | | ૨૫ | ૨૬ | | | |
| | | | | ૨૭ | | | | ૨૮ | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**
૧. સામસામી ભેટ, સરખામણી (૪)
૪. કંદોરો (૫)
૭. પૈસો, નાણું (૨)
૮. અંદર (૩)
૧૦. પિત્રાઈ (૩)
૧૧. આંખનો પલકારો (૩)
૧૩. સુધી (૩)
૧૪. શરીર, કાયા (૨)
૧૫. ઈલમ, યુક્તિ (૩)
૧૯. બહારગામથી કે પરદેશથી આવેલું (૩)
૨૨. ફરિયાદ (૨)
૨૪. --- આકાશ અને નીચે ધરતી (૩)
૨૫. અન્નજળ, દાણોપાણી (૩)
૨૭. દેવાળું (૩)
૨૮. ઘોડો (૨)
૨૯. કરાર કર્યાનું લખાણ (૫)
૩૦. સત્ત્વવાળું, રસાળ (૪)

**ઊભી ચાવી**
૧. છાપખાનું (૫)
૨. કવિતા (૨)
૩. --- હોય ત્યાં ધૂરાતા ભૂખે ન મરે (૩)
૪. જકાત, લાગો (૨)
૫. મિલન, સમાગમ (૩)
૬. ઉચિત, યોગ્ય (૩)
૯. એક જાતનું દારૂખાનું (૪)
૧૦. બેનની દીકરી (૩)
૧૨. લોભે --- જાય (૩)
૧૬. ભાઈબંધ, દોસ્ત (૨)
૧૭. સ્નેહ, પ્રીતિ (૨)
૧૮. સજ્જનતા, સારાપણું (૩)
૧૯. આયુષ્ય (૪)
૨૦. સુધી (૩)
૨૧. પંચ ત્યાં --- (૫)
૨૪. ઈરાદો, હેતુ (૩)
૨૪અ. રૂપું (૩)
૨૬ થોડુંક, લગાર (૩)
૨૭. જમે ઉધારનો હિસાબ (૨)
૨૮. --- કરવું=ચૂકતે કરવું (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કૌ | ૨ મુ | ૩ દી | | ૪ ઘા | ૫ સ | | ૬ કાં | ગા | ૭ રું |
| ૮ ભાં | જ | ગ | ડ | | ૯ પા | ર | સી | | ધ |
| ડ | | ર | | ૧૦ ધા | ડું | | ૧૧ જો | બ | ન |
| | ૧૨ પ્ર | | ૧૩ સો | ડ | | ૧૪ પા | ડા | | |
| ૧૫ મ | થ | ક | | સ | | કું | | ૧૬ આ | ૧૭ વ |
| ૧૮ હા | મ | | ૧૯ શુ | | ૨૦ ઉ | | ૨૧ પ્ર | શં | સા |
| | | ૨૨ ન | ભ | | ૨૩ મં | દ | | કા | |
| ૨૪ આ | વે | ગ | | ૨૫ આ | ગ | | ૨૬ મી | | ૨૭ આ |
| ક્ષે | | ૨૮ પ | દ | ર | | ૨૯ પ | રા | ૩૦ જ | ય |
| ૩૧ પ | ડ | તિ | | ૩૨ સી | મા | | ૩૩ સ | ર | ખું |

### ઓળખાણ પડી?



સ્મિતા પાટીલ, નસીરુદ્દીન શાહ જેવા માતબર કલાકારો સાથે ગુજરાતના ખેડૂતો દ્વારા પ્રસ્તુત આ યાદગાર ફિલ્મની ઓળખાણ પડી?

અ) મંડી બ) મંથન ક) આક્રોશ ડ) ચક્ર

### સુડોકુ-૯૧૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | | ૮ | | ૩ | | ૬ | ૪ |
| | | | ૪ | ૭ | ૯ | | | |
| | ૭ | | | | | | ૩ | |
| ૬ | | ૭ | | | | ૫ | | ૯ |
| | ૫ | | | | | | ૧ | |
| ૪ | | ૧ | | | | ૮ | | ૩ |
| | ૪ | | | | | | ૭ | |
| | | | ૭ | ૯ | ૪ | | | |
| ૭ | ૩ | | ૫ | | ૮ | | ૯ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૮ | ૩ | ૬ | ૧ | ૪ | ૯ | ૭ |
| ૬ | ૭ | ૧ | ૪ | ૫ | ૯ | ૮ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૯ | ૭ | ૮ | ૨ | ૬ | ૧ | ૫ |
| ૫ | ૮ | ૩ | ૧ | ૪ | ૬ | ૨ | ૭ | ૯ |
| ૯ | ૨ | ૬ | ૫ | ૩ | ૭ | ૧ | ૮ | ૪ |
| ૭ | ૧ | ૪ | ૯ | ૨ | ૮ | ૫ | ૩ | ૬ |
| ૩ | ૯ | ૨ | ૬ | ૧ | ૪ | ૭ | ૫ | ૮ |
| ૧ | ૪ | ૭ | ૮ | ૯ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૮ | ૬ | ૫ | ૨ | ૭ | ૩ | ૯ | ૪ | ૧ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| बीच | વચ્ચે |
| बीका | વાંકું |
| बीज | બી |
| बीजुरी | વીજળી |
| बीनना | વીણવું |

**ગુજરાત મોરી મોરી રેઃ**
રિક્ષાચાલક

**ઓળખાણ પડી?**
લીના ચંદાવરકર

**માઈન્ડ ગેમ :**
ફર્ઝ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઈક

### ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

રાજ કપૂરની 'સત્યમ શિવમ સુન્દરમ'માં ઝીનત અમાનના બાળપણનો રોલ કોણે કર્યો હતો જેણે પછી આરકે ફિલ્મમાં નાયિકાની ભૂમિકા પણ કરી?

અ) ડિમ્પલ કાપડિયા બ) ફરીદા જલાલ ક) પદ્મિની કોલ્હાપુરે ડ) મંદાકિની

### માઈન્ડ ગેમ

ગોવિંદા - શક્તિ કપૂરની હિટ જોડી અનેક હિન્દી ફિલ્મોમાં જોવા મળી છે. આપેલા વિકલ્પોમાંથી કયા ચિત્રપટમાં તેમની હાજરી નહોતી?

અ) રાજા બાબુ બ) કુલી નંબર વન ક) હીરો નંબર વન ડ) અનાડી નંબર વન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશબ્ધ દેસાઈ (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપન શાહ (૯) હર્ષા મહેતા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) અમીશી બંગાળી (૧૪) નિખિલ બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિતીન જયંતીલાલ બજરિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) ભરત કજરિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) કિરીટ છેડા (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) નયના ગિરીશ મિસ્ત્રી (૩૩) ડાયના સંતોકે (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) પુષ્પા ખોના (૩૬) વિજય આસર (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિનાબેન દલાલ (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) અરવિંદ કામદાર (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) મહેશ દોશી (૪૭) કમલ માતલિયા (૪૮) દીપિકા દોશી (૪૯) ચેતના છેડા (૫૦) વિણા સંપટ (૫૧) દેવેન્દ્ર સંપટ (૫૨) અલકા વાણી (૫૩)પ્રજ્ઞા પુરોહિત - જામનગર (૫૪) પ્રમોદ પુરોહિત - જામનગર (૫૫) અંજુ ટોલિયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) જાનવર - એનિમલ, ૨) દૌડ - રન, ૩) હિન્દુસ્તાની - ઇન્ડિયન, ૪) હત્યા- મર્ડર ૫) બાઝીગર - ગેમ્બલર, ૬) કિસ્મત - લક, ૭) સાથિયાં- પાર્ટનર

ક્વિઝ (બ) ૧) સાજન, ૨) પાગલપન, ૩) જિદ્દી, ૪) બેવફા, ૫) નાગિન, ૬) દિલ અપના ઔર પ્રીત પરાયી, ૭) અનુભવ

# વાંક ગુજરાતી મતદારોનો

**મુંબઈમાં ૭૦ બેઠકો એવી છે, જ્યાં ગુજરાતી મતદારો ૩૫ ટકા અથવા તેનાથી વધુ છે એટલે કે બહુમતી ગણી શકાય છે અને બીજી ૪૦ બેઠકો એવી છે જ્યાં ગુજરાતીઓની વસ્તી ૧૦ ટકા કે તેનાથી વધુ એટલે કે નિર્ણાયક ભૂમિકા આપી શકે એવી છેઃ આમ છતાં આ બેઠકો પરથી મરાઠી અને અન્યભાષી ઉમેદવારો આપવામાં આવે છે અને તેઓ ચૂંટાઈ આવે છે**






## જાગો ગુજરાતીઓ જાગો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના ૨૨૭ વોર્ડનું સર્વેક્ષણ કરવામાં આવ્યું અને તેમાંથી કેટલાક ચોંકાવનારા આંકડા જોવા મળ્યા છે. મુંબઈ શહેરની ૨૨૭ બેઠકમાંથી ૭૦ બેઠકો એવી છે જ્યાં મતદારોમાં ગુજરાતીઓની બહુમતી છે. એટલે કે ગુજરાતી મતદારોની સંખ્યા કુલ મતદારોના ૩૫ ટકાથી વધુ છે. આ ઉપરાંત બીજી ૪૦ બેઠકો એવી છે, જ્યાં ગુજરાતી મતદારોની સંખ્યા ૧૦ ટકા કે તેનાથી વધુ છે. એટલે કે આ ૪૦ મતદારસંઘોમાં ગુજરાતી મતદારો નિર્ણાયક ભૂમિકામાં છે. આવી રીતે જોવા જઈએ તો મુંબઈની ૨૨૭ બેઠકોમાંથી ૧૧૦ બેઠકો એવી છે, જ્યાં ગુજરાતીઓ ભાવિ નગરસેવક નક્કી કરી શકે છે. આમ છતાં છેલ્લા બે દાયકામાં ગુજરાતી નગરસેવકોની સંખ્યા સતત ઘટી રહી છે અને તેને માટે ગુજરાતી મતદારો જ જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે.

મુંબઈના એક જાણીતા રાજકીય વિશ્ર્લેષકે (વિશ્લેષક) 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે દાયકાઓથી ગુજરાતી મતદારો સાથે અન્યાય થઈ રહ્યો છે. ગુજરાતી બહુમતી વિસ્તારમાં બિનગુજરાતી ઉમેદવાર આપવામાં આવે છે અને આ ઉમેદવારો વિજયી પણ થાય છે. આને માટે કારણ એવું હોઈ શકે છે કે ગુજરાતી મતદારો પાર્ટી નિષ્ઠા જાળવી રાખવામાં સારા છે. આવા અન્યાયની શરૂઆત તો વર્ષો પહેલાં કૉંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી, પરંતુ હવે તો ભાજપ દ્વારા છડેચોક ગુજરાતી બહુમતી વિસ્તારોમાં મરાઠી અને અન્યભાષી ઉમેદવારો આપવામાં આવે છે. આ સ્થિતિ માટે ગુજરાતી મતદારો પોતે પણ જવાબદાર છે.

અન્ય એક રાજકીય પત્રકારે એવો મત કર્યો હતો કે વાસ્તવમાં ગુજરાતી મતદારોની મતદાન ટકાવારી ઘણી ઓછી રહેતી હોય છે. ગુજરાતી મતદારો મતદાન કરવાને બદલે રજા માણવામાં કે પોતાના ધંધા-વેપાર કરવામાં દિવસ વિતાવે છે અને તેને કારણે તેમની અવગણના કરવામાં આવી રહી છે, બીજી તરફ મુસ્લિમ મતદારો જાગૃત હોવાને કારણે જે વિસ્તારોમાં મુસ્લિમોની બહુમતી છે એવા એકેય વિસ્તારોમાં અન્યોને ઉમેદવારી આપવામાં જ આવતી નથી. આ તેમની એકતાનું પ્રમાણ છે. જાણીતા રાજકીય પક્ષના એક મોટા ગજાના ગુજરાતી નેતાએ નામ ન આપવાની શરતે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સામાન્ય રીતે રાજકારણમાં એવો નિયમ હોય છે કે જે સમાજની વસ્તી ૩૫ ટકાથી વધુ હોય ત્યાં એ જ સમાજના વ્યક્તિને ઉમેદવારી આપવી, પરંતુ મુંબઈમાં છેલ્લી બે ચૂંટણીમાં તમે જોયું હશે કે ૯૦ ટકા ગુજરાતી વસ્તીમાં આયાતી/બિનગુજરાતી ઉમેદવારને પાર્ટી દ્વારા ટિકિટ આપવામાં આવી હતી અને મતદારોએ હોંશે-હોંશે તેમને જંગી બહુમત સાથે ચૂંટી કાઢ્યા હતા. આવા પરિણામો બાદ ગુજરાતી મતદારો એવી આશા રાખે કે આગામી ચૂંટણીમાં તેમના વિસ્તારમાંથી ગુજરાતી ઉમેદવાર ઊભા રાખવામાં આવે તો તેમને મુર્ખા ગણાવી શકાય. હવે જ્યારે પાર્ટીને ખાતરી થઈ ગઈ છે કે ગમે તે ઉમેદવાર ઊભો રાખો, પક્ષ-નિષ્ઠાનો અંચળો ઓઢેલા ગુજરાતીઓ મતદાન કરવાના જ છે ત્યારે તેઓ ગુજરાતીઓની ભાવનાની દરકાર કરવાના જ નથી. અહીં ઉલ્લેખનીય છે કે બે મુખ્ય રાજકીય પક્ષો કૉંગ્રેસ અને ભાજપને અત્યારે લગભગ ૫૦-૫૦ ગુજરાતી સંભવિત ઉમેદવારો પાસેથી અરજી મળી છે અને આમાંથી કેટલા ગુજરાતી સંભવિત ઉમેદવારોને પાલિકાની ટિકિટ આપવામાં આવે છે તે જોવાનું રહેશે. પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલા ગુજરાતી ઉમેદવારોને કેટલું મતદાન થાય છે અને ગુજરાતી વિસ્તારોમાં ઊભા રાખવામાં આવેલા બિનગુજરાતી/આયાતી ઉમેદવારોને કેટલું મતદાન થાય છે તેના પરથી કેટલા ગુજરાતી મતદારો જાગ્યા એની પારાશીશી નીકળશે એવું અત્યારે કહી શકાય. ■

## રાજકીય હસ્તક્ષેપને કારણે ગુજરાતી નગરસેવકોને ફટકો પડવાની શક્યતા

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થઈ ત્યારથી રાજકીય પક્ષોની સાથે ઇચ્છુક ઉમેદવારોની પણ દોડધામ વધી ગઈ છે. છેલ્લે ૨૦૧૭માં ચૂંટાયેલા અનેક નગરસેવકો આગામી ચૂંટણીમાં ઉમેદવારી માટે આશાવાદી છે, પણ રાજકીય હસ્તક્ષેપને કારણે ઘણા નગરસેવકોને ફટકો પડવાની શક્યતા છે, જેમાં ગુજરાતી નગરસેવકોની સંખ્યા વધુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

મહાપાલિકાની છેલ્લી ચૂંટણીમાં ૨૬ ગુજરાતી નગરસેવક ચૂંટાયા હતા, જેમાં વડાલામાં વૉર્ડ નંબર-૧૭૭માંથી ભાજપની સીટ પરથી નેહલ શાહ ચૂંટાયાં હતાં. આ સીટ સર્વસામાન્ય માટે હોવા છતાં આગામી ચૂંટણીમાં નેહલ શાહનું પત્તું કપાવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ સીટ માટે પ્રમુખ દાવેદાર તરીકે ઉમા ગટાણીનું નામ સામે આવી રહ્યું છે. ઉમા ગટાણીને સ્થાનિક રહેવાસીઓ અને કાર્યકરોનો સપોર્ટ મળી રહ્યો છે અને તે ઘણાં લોકપ્રિય પણ છે. તેમનાં કાર્યોની પ્રશંસા થઈ રહી છે તો કાર્યશીલ તરીકે તેમની છાપ ઊભી થઈ છે.

આ સીટ માટેની ઉમેદવારીમાં ભારે રસાકસી જોવા મળે એવી સંભાવના છે, કારણ કે ભાજપ સાથે સંકળાયેલા જેસલ કોઠારીનાં પત્નીનું નામ આ સીટ માટે ઇચ્છુક ઉમેદવાર તરીકે આગળ કરવામાં આવી રહ્યું છે. ભાજપમાં મહત્ત્વના પદ પર રહેલા એક વિધાનસભ્ય આ માટે ઘણા પ્રયત્નશીલ હોવાનું માનવામાં આવે છે. જોકે આ મુદ્દે પડદા પાછળ સૂત્રો ફેરવવામાં આવી રહ્યાં હોવાથી કોઈ પ્રકારની સ્પષ્ટતા થઈ નથી. બીજી બાજુ, નેહલ શાહને વિશ્વાસ છે કે આ સીટ માટે તેમને જ ઉમેદવારી મળશે. તેમણે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે પક્ષ દ્વારા ઉમેદવાર તરીકે મારું નામ આગળ કરવામાં આવી રહ્યું હોવાની મને પાક્કી ખાતરી છે. આ પરિસરમાં ગુજરાતી મતદારો વધારે હોવાથી અને નાગરિકોના જનમાનસમાં મારી છાપ સારી હોવાથી એ લોકો જ મને ઉમેદવારી મળે એ માટે પ્રયત્ન કરી રહ્યા છે. ■

## ઘાટકોપર ઈસ્ટ વિધાનસભા

ઘાટકોપર વેસ્ટમાં 'એન'માં કુલ છ બેઠકો છે જેમાં વોર્ડ નંબરઃ૧૨૫/૧૩૦/૧૩૧/૧૩૨/૧૩૩નો સમાવેશ થાય છે. આ પાંચ સીટમાં કુલ મતદાતા ૨,૪૯,૫૩૯ છે, જેમાં પુરુષ મતદાતા સંખ્યા ૧,૩૦,૦૭૨ છે અને મહિલા મતદારની સંખ્યા ૧,૧૯,૪૪૫ છે.

આ વખતે વર્ષ ૨૦૨૬ની મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીમાં પાંચમાંથી એક બેઠક જનરલ છે, બે જનરલ મહિલા, એક ઓબીસી અને એક એસસી-મહિલા થઈ ગઈ છે.

### વોર્ડ નંબર ૧૨૫ (જનરલ)

**વિસ્તારઃ રમાબાઈ કોલોની**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

મહિલા જનરલ

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ રૂપાલી સુરેશ આવળે, ૧૦, ૬૫૨ વોટ (અવિભાજિત શિવસેના-વિજય) હવે એકનાથ શિંદે જૂથ

★ સાક્ષી પવાર ૭,૬૦૮ વોટ ભાજપ

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં દલિત મતદારોની સંખ્યા વધુ છે પણ સાથે જ અન્ય મરાઠી ભાષીય, ઉત્તર ભારતીય અને ગુજરાતી મતદારો પણ હાર-જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, તેથી ગુજરાતી મતદાતાની અવગણના કરવી પક્ષોને પરવડશે નહીં

**વિસ્તારની મૂળ સમસ્યાઃ**

અપૂરતું પાણી, વરસાદમાં ભરાઈ જતાં પાણીની સમસ્યા, ખરાબ રસ્તા છે.

**ઇચ્છુક ઉમેદવારોઃ**

★ મુકુંદ રાધાકૃષ્ણ કાકડ અને સંદીપ કેદારે (બીજેપી), સુરેશ આવળે (શિંદેની સેના) (આ સિટ બીજેપી ને જશે કે શિંદે ગ્રૂપને હજી નક્કી નથી એટલે યુતિના બંને પાર્ટીના ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે.

★ સતીશ પવાર, સુરેખા ગોગે (યુબીટી)

### વોર્ડ નંબર ૧૩૦ (ઓબીસી)

**વિસ્તારઃ કામા લેન**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

મહિલા જનરલ

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ બિંદુ ત્રિવેદી ૧૧,૦૫૫ વોટ (ભાજપ-વિજય)

★ કવિતા વાળુંજ ૫,૯૧૦ (અવિભાજિત શિવસેના)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં ૭૫ ટકાથી વધુ ગુજરાતી મતદારો છે.તેથી ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય ગુજરાતી મતદારોના હાથમાં રહેશે.

**વિસ્તારની મૂળ સમસ્યાઃ**

ફેરિયાઓ, રસ્તા પર ઠેર ઠેર ટ્રાફિક જામ.

**ઇચ્છુક ઉમેદવારોઃ**

★ ભાલચંદ્ર શિરસાટ, ધર્મેશ ગિરિ, રાજુ બર્ગે અને પિયુષ દાસ (ભાજપ)

★ આનંદ કોઠાવડે (યુબીટી), કૉંગ્રેસમાંથી હજી સુધી કોઈ નામ બહાર પાડવામાં આવ્યું નથી.

### વોર્ડ નંબર ૧૩૧ (મહિલા જનરલ)

**વિસ્તારઃ પંતનગર, લક્ષ્મીનગર**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ રાખી જાધવ ૧૨,૧૨૩ (એનસીપી)

★ ભાલચંદ્ર શિરસાટ ૧૧,૩૭૫ (ભાજપ)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં ૨૦૧૭ સુધી મરાઠી વોટ નિર્ણાયક સાબિત થતાં હતા પણ ૨૦૨૨ પછી રિડેવલપમેન્ટનું કામ ઘણા મોટા પ્રમાણમાં થયું હોવાથી ગુજરાતીઓની વસ્તી મરાઠીઓના પ્રમાણમાં વધી ગઈ છે.

**વિસ્તારની મૂળ સમસ્યાઃ**

સાંકડા રસ્તા હોવાને કારણે ટ્રાફિકની સમસ્યા સાથે જ વર્ષોથી પંત નગરમાં વરસાદમાં પાણી ભરાઈ જવા એ સમસ્યા મોટી રહી છે.

**ઇચ્છુક ઉમેદવારોઃ**

★ ધનશ્રી અજય બાગલ, ગીતા જાધવ, સલોની દરેકર (બીજેપી)

★ રાખી જાધવ (રાંકા શરદ પવાર)

### વોર્ડ નંબર ૧૩૨ (મહિલા જનરલ )

**વિસ્તારઃ ગારોડિયા નગર**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ પરાગ શાહ ૧૪,૫૧૯ વોટ (ભાજપ)

★ પ્રવીણ છેડા ૧૧,૭૯૪ વોટ કૉંગ્રેસ

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં ૮૦ ટકાથી વધુ ગુજરાતીઓ હોવાથી તેમના મત નિર્ણાયક રહેશે.

**વિસ્તારની મૂળ સમસ્યાઃ**

ફેરિયા, ટ્રાફિકની સમસ્યા સાથે અમુક વિસ્તારમાં વરસાદમાં પાણી ભરાવા સમસ્યા મોટી છે.

**ઇચ્છુક ઉમેદવારોઃ**

★ ડિમ્પલ પંડયા, ફાલ્ગુની દવે, બિંદુ ત્રિવેદી, પ્રિતી ઉપાધ્યાય અને નીલમ દંતી (ભાજપ)

★ સુરેશ પાટીલ (તુકારામ) (યુબીટી)

★ કોંગ્રેસ અને યુબીટીમાંથી હજી સુધી કોઈ ઉમેદવારોના નામ સામે નથી આવ્યા

### વોર્ડ નંબર ૧૩૩ (મહિલા એસસી)

**વિસ્તારઃ કામરાજ નગર**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ પરમેશ્ર્વર કદમ ૫,૦૩૭ વોટ (એમએનએસ)

★ દેવેન્દ્ર રત્નમ ૩,૭૯૧ (ભાજપ)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં ગુજરાતીઓની વસ્તી માંડ એક ટકા છે. દલિત મતદારોનો આ વોર્ડ માનવામાં આવે છે. જોકે ઉત્તર અને દક્ષિણ ભારતીયોની વસ્તી પણ અહીં મતદાનમાં અસર કરી શકે છે.

**વિસ્તારની મૂળ સમસ્યાઃ**

અપૂરતું પાણી, ગટર લાઈન ની સમસ્યા, ખરાબ રસ્તા

**ઇચ્છુક ઉમેદવારોઃ**

★ નિર્મિતી વિભીષણ કાનડે (શિંદે ગ્રૂપ)

★ ભાગ્યશ્રી (મનસે)

## નવી મુંબઈમાં શિંદે-નાઈક હાથ મિલાવશે?

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને વનમંત્રી ગણેશ નાઈક વચ્ચે વર્ષોથી નવી મુંબઈ અને થાણેમાં પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા રહેલી રાજકીય સ્પર્ધાને કારણે આગામી દિવસોમાં થનારી નવી મુંબઈ અને થાણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં તેમના પક્ષે યુતિ નહીં કરતા સ્વબળે ચૂંટણી લડવાની તેમના સમર્થકોની માગણી હતી. જોકે તેને કારણે ચૂંટણીમાં ભારે નુકસાન થવાના ડરે ભાજપના સિનિયર નેતાઓની ભારે સમજાવટ બાદ શિંદે અને નાઈકે તેમના વચ્ચે કોઈ ગેરસમજ ન હોવાનો દાવો કરી રહ્યા છે. ચૂંટણી સાથે લડવાને મુદ્દે અને બેઠકની વહેંચણી બાબતે જોકે હજી બંને પક્ષ તરફથી કોઈ ચોખવટ કરવામાં આવી નથી, છતાં બંને નેતાઓના સમર્થકો હજી પણ સ્વબળે લડી લેવા માગતા હોવાનું માનવામાં આવે છે. નવી મુંબઈમાં મહાપાલિકાની સ્થાપના થઈ ત્યારથી સત્તામાં કોઈ પણ રાજકીય પક્ષ આવ્યો હોય પણ નવી મુંબઈમાં વર્ષોને વર્ષોથી ગણેશ નાઈકનું જ વર્ચસ્વ રહ્યું છે. અગાઉ શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાં રહેલા અને ત્યારબાદ પક્ષ પલટો કરીને ભાજપમાં જોડાયેલા ગણેશ નાઈકના નવી મુંબઈના ગઢને તોડવા માટે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના છેલ્લાં અનેક વર્ષોના પ્રયાસ નિષ્ફળ રહ્યા છે. એક તબક્કે મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ બંને નેતાઓ એકબીજા સામે ટકરાશે એવું જોરદાર ચર્ચાઈ રહ્યું હતું.

થાણે અને નવી મુંબઈમાં ગણેશ નાઈક અને તેમના સમર્થકોનો શિંદે પક્ષ સાથે યુતિ કરવા સામે જોરદાર વિરોધ રહ્યો છે. ભાજપ અને શિંદે સેના બંનેએ સ્વબળે નવી મુંબઈ મહાનગરપાલિકાની સત્તા મેળવવા માટે મહાવિકાસ આઘાડીના ઉદ્ધવ ઠાકરેની સેના અને કૉંગ્રેસ સહિત શરદ પવારના રાષ્ટ્રવાદી કૉંગ્રેસના ઉમેદવારને ફોડીને પોતાના પક્ષમાં પ્રવેશ કરાવ્યો છે. તેમ જ સ્થાનિક સ્તરે પણ તેમનો હાથ ઉપર હોવાના દાવા સાથે પક્ષના સ્થાનિક પદાધિકારીઓ સ્વબળે ચૂંટણી લડીને સત્તા મેળવવાનું સપનું જોઈ રહ્યા છે. જોકે બંને નેતાઓ વચ્ચેના આપસી ઝઘડાને કારણે પક્ષને ફટકો પડી શકે છે. તેથી ભાજપના સિનિયર નેતાઓની ભારે સમજાવટ બાદ તાત્પૂરતા સમય માટે બંને નેતાઓએ પોતાની જૂની દુશ્મનાવટ ભૂલવા તૈયાર થયા હોવાનું જાણવા મળ્યું છે. ભાજપના સિનિયર નેતાઓની સમજાવટ બાદ તાજેતરમાં ગણેશ નાઈકે એકનાથ શિંદેની મુલાકાત લઈને થાણે અને નવી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં યુતિ બાબતે ચર્ચા કરી હોવાનું માનવામાં આવે છે.

### પાંચ વર્ષ રાજકીય પક્ષો સત્તાથી દૂર રહ્યા

નવી મુંબઈમાં કુલ ૨૮ વોર્ડ છે અને નગરસેવકોની સંખ્યા ૧૧૧ છે. નવી મુંબઈમાં કોરોનાને કારણે નવી મુંબઈ મહાનગરપાલિકામાં સાત મે, ૨૦૨૦થી પ્રશાસક પાલિકાનો કારભાર સંભાળી રહ્યા છે. નવી મુંબઈ મહાનગરપાલિકાની સ્થાપના બાદ પહેલી વખત લાંબા સમય સુધી પ્રશાસક રહ્યા છે. આ પાંચ વર્ષના સમયગાળામાં નવી મુંબઈ મહાનગરપાલિકામાં ત્રણ કમિશનરે પ્રશાસક તરીકે સેવા આપી હતી અને હવે પાંચ વર્ષના લાંબા ગાળા બાદ નવી મુંબઈ મહાનગરપાલિકામાં દરેક રાજકીય પક્ષો સત્તા મેળવવા માટે એકબીજાને જોરદાર ટક્કર આપતા જોવા મળશે.

### કોની પાસે સત્તા જશે

અગાઉ નવી મુંબઈ મહાનગરપાલિકામાં સંયુક્ત રાષ્ટ્રવાદી કૉંગ્રેસની સત્તા હતી અને તે સમયે રાષ્ટ્રવાદીનું સુકાન ગણેશ નાઈક પાસે હતું. પક્ષના બાવન નગરસેવક હતા. સંયુક્ત શિવસેનાના ૩૮, કૉંગ્રેસના ૧૦ અને ભાજપના છ નગરસેવક તો અપક્ષના પાંચ નગરસેવક હતા. ■

## ઉદ્ધવ અને મનસેની યુતિથી પૂર્વ ઉપનગરમાં સમીકરણો બદલાશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ મરાઠી મતોના સહારે પોતાનું અસ્તિત્વ ટકાવવા બંને પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ અને રાજ ઠાકરેએ સંયુક્ત રીતે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડવાના છે. જોકે પૂર્વ ઉપનગરમાં વિધાનસભ્યો, ભૂતપૂર્વ નગરસેવક અને તમામ ભાષાના મતદારોના ગણિતને જોતા ભાજપ અને શિંદે સેનાનું જોર વધુ હોવાનું જણાઈ આવે છે. જોકે આ વિસ્તારોમાં મરાઠીઓનું પ્રભુત્વ વધુ હોવાથી તેમના મત કોની તરફ વળે છે તેના આધારે પૂર્વ ઉપનગરના સમીકરણો બદલાઈ શકે છે.

પૂર્વ ઉપનગરમાં ૧૧ વિધાનસભામાંથી મહાયુતિ પાસે આઠ વિધાનસભ્યો છે. ભાજપ પાસે મુલુંડ, ઘાટકોપર પૂર્વ, ઘાટકોપર પશ્ચિમ છે. તો શિંદે સેના પાસે ભાંડુપ, ચેમ્બુર, કુર્લા અને ચાંદિવલી તથા અણુશક્તિ નગરમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસનો (અજીત પવાર) વિધાનસભ્ય છે. તેથી એમ જોઈએ તો આ વિસ્તારમાં મહાયુતિ મજબૂત જણાઈ રહી છે. તો કલિના અને વિક્રોલી ઉદ્ધવની સેના પાસે અને માનખુર્દમાં સમાજવાદી પક્ષના વિધાનસભ્ય છે.

મુલુંડ અને ઘાટકોપરમાં ભાજપ તથા મરાઠી વિસ્તાર ગણાતા ભાંડુપ અને વિક્રોલીમાં ઉદ્ધવના નગરસેવકોને ફોડીને પોતાના પક્ષમાં પ્રવેશ કરાવનારા શિંદે સેનાનું જોર વધ્યું હોવાનું માનવામાં આવે છે.

ભાંડુપમાં શિંદે સેનાનો વિધાનસભ્ય છે, છતાં એક ભૂતપૂર્વ નગરસેવકને છોડીને ત્રણ ભૂતપૂર્વ નગરસેવક ઉદ્ધવ પાસે છે. વિક્રોલીમાં ઉદ્ધવનો વિધાનસભ્ય હોવા છતાં ચાર ભૂતપૂર્વ નગરસેવકો શિંદે સેનામાં જોડાઈ ગયા છે. ઘાટકોપર અને અણુશક્તિ નગરના ઉદ્ધવ સેનાના તમામ ભૂતપૂર્વ નગરસેવકો શિંદે સેનામાં જોડાઈ ગયા છે.

૨૦૧૭ની સાલમાં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પૂર્વ ઉપનગરમાં કુલ ૬૯ વોર્ડમાંથી મરાઠી મતદારોનું પ્રભુત્વ ૪૬ વોર્ડમાં રહ્યું છે. મુસ્લિમો ૧૭ અને પાંચ બેઠકોમાં ગુજરાતીઓ અને એકમાં ઉત્તર ભારતીઓનું પ્રભુત્વ એક વોર્ડમાં રહ્યું છે. હાલના તબક્કે પૂર્વ ઉપનગરની કુલ ૬૯ બેઠકોમાંથી શિંદે સેના પાસે ૨૪, ઉદ્ધવ સેના પાસે ૧૪, ભાજપ પાસે ૧૯, કૉંગ્રેસ પાસે પાંચ, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ ચાર, સમાજવાદી પાર્ટી પાસે ત્રણ ભૂતપૂર્વ નગરસેવકો છે.

મુલુંડ અને ઘાટકોપરમાં ભાજપનું જોર અને ઉદ્ધવની સેનાના ફોડેલા નગરસેવકોને કારણે શિંદે સેનાનું બળ વધ્યું છે.

જોકે આ વિસ્તારોમાં મરાઠી મતદારોનું પ્રભુત્વ વધારે હોવાથી ઉદ્ધવની સેના અને રાજ ઠાકરેની મનસે એક થઈને આ મરાઠી મતદારોને પોતાની તરફ વાળવામાં સફળ થાય છે તે ભાજપ-શિંદે સેનાને ફટકો પડવાની શક્યતા હોવાનું માનવામાં આવે છે. ■

## મુંબઈના ૩૫ લાખ ગુજરાતીઓના આ છે પ્રતિનિધિઓ

### ૨૦૧૭માં ચૂંટાયેલા ગુજરાતી નગરસેવકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની સવા કરોડની વસતીમાં મુંબઈના વિકાસમાં વર્ષોથી મહત્ત્વનો ફાળો આપનારા ગુજરાતીઓની દરેક રાજકીય પક્ષો દ્વારા હંમેશાથી અવગણના કરવામાં આવી છે. ૨૦૧૭ની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૨૨૭ વોર્ડ માટે થયેલી ચૂંટણીમાં રાજકીય પક્ષો માંડ ૩૬ ગુજરાતી ઉમેદવારોને ટિકિટ આપી હતી. તેમાંથી જુદા જુદા રાજકીય પક્ષોના ૨૬ ગુજરાતી નગરસેવકો ચૂંટાઈ આવ્યા હતા. આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી- ૨૦૨૬માં રાજકીય પક્ષો દ્વારા કયા ગુજરાતી ઉમેદવારોને ટિકિટ આપવામાં આવશે એ આગામી દિવસોમાં પિક્ચર ક્લીયર થઈ જશે.

### ૨૦૧૭ની ચૂંટણીમાં ચૂંટાયેલા ગુજરાતી નગરસેવકો

| વિધાનસભા | વોર્ડ નંબર | નગરસેવક | પક્ષ |
|---|---|---|---|
| દહિસર | ૨ | જગદીશ ઓઝા | ભાજપ |
| દહિસર | ૮ | હરિશ છેડા | ભાજપ |
| દહિસર | ૧૦ | જીતેન્દ્ર પટેલ | ભાજપ |
| બોરિવલી | ૧૫ | પ્રવીણ શાહ | ભાજપ |
| બોરિવલી | ૧૭ | બિના દોશી | ભાજપ |
| બોરિવલી | ૧૮ | સંધ્યા દોશી | ભાજપ |
| ચારકોપ | ૩૦ | લિના પટેલ-દેહેરકર | ભાજપ |
| મલાડ પશ્ચિમ | ૩૫ | સેજલ દેસાઈ | ભાજપ |
| કાંદિવલી પૂર્વ | ૩૬ | દક્ષા પટેલ | ભાજપ |
| કાંદિવલી પૂર્વ | ૪૫ | રામ બારોટ (દિવંગત) | ભાજપ |
| ગોરેગામ | ૫૫ | હર્ષ પટેલ | ભાજપ |
| ગોરેગામ | ૫૮ | સંદીપ પટેલ | ભાજપ |
| વર્સોવા | ૬૧ | રાજુલ પટેલ | શિવસેના શિંદે |
| વિલેપાર્લે | ૭૦ | સુનિતા મહેતા | ભાજપ |
| વિલેપાર્લે | ૭૬ | કેસરબેન પટેલ | ભાજપ (ગેરલાયક) |
| અંધેરી પૂર્વ | ૮૧ | મુરજી પટેલ | ભાજપ (ગેરલાયક) |
| બાન્દ્રા પશ્ચિમ | ૯૭ | હેતલ ગાલા | ભાજપ |
| મુલુંડ | ૧૦૩ | મનોજ કોટક | ભાજપ |
| મુલુંડ | ૧૦૮ | નીલ સોમૈયા | ભાજપ |
| ઘાટકોપર પૂર્વ | ૧૩૦ | બિંદુ ત્રિવેદી | ભાજપ |
| ઘાટકોપર પૂર્વ | ૧૩૨ | પરાગ શાહ | ભાજપ |
| વડાલા | ૧૭૭ | નેહલ શાહ | ભાજપ |
| મલબાર હિલ | ૨૧૭ | મિનલ પટેલ | ભાજપ |
| મલબાર હિલ | ૨૧૯ | જ્યોત્સના મહેતા | ભાજપ |
| મુંબાદેવી | ૨૨૦ | અતુલ શાહ | ભાજપ |
| કોલાબા | ૨૨૨ | રીટા મકવાણા | ભાજપ |

# નવી મુંબઈ એરપોર્ટ કાર્યરત થતાં, તેનું નામ ડી.બી. પાટીલ રાખવાની માગણી ફરી દોહરાવાઈ

થાણેઃ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ગુરુવારે કાર્યરત થતાં, તેનું નામ સ્વર્ગસ્થ સ્થાનિક નેતા, કાર્યકર અને રાજકારણી ડી.બી પાટિલ નામ રાખવાની માંગણીને નવો વેગ પકડ્યો હતો.

ગુરુવારે એરપોર્ટ પરથી કોમર્શિયલ ફ્લાઇટ શરૂ કરાતા, ઇન્ડિગો દ્વારા સંચાલિત બેંગલુરુથી પહેલી ફ્લાઇટ સવારે ૮ વાગ્યે રનવે પર ઉતરી હતી.

ભૂતપૂર્વ સંસદસભ્ય સંજીવ નાઈકે એરપોર્ટ પર કામગીરી શરૂ થવા પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, ''આ દિવસ જોવા માટે લગભગ ૧૫ વર્ષ રાહ જોઇ આ એરપોર્ટ ફક્ત નવી મુંબઈ માટે નથી, તે સમગ્ર દેશના વિકાસમાં ફાળો આપશે.''

વધુમાં તેમણે કહ્યું કે એરપોર્ટનું નામ સ્વર્ગસ્થ ડી. બી. પાટિલના નામ પરથી રાખવું જોઈએ.

''તમામ નવી મુંબઈગરાઓની ઈચ્છા છે કે આ એરપોર્ટનું નામ ડી. બી પાટિલ સાહેબનું હોય. આ ભાવના વ્યક્ત કરવા માટે, અમે પહેલી ફ્લાઇટમાં મુસાફરી કરી. જો આજે એરપોર્ટનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું હોત, તો અમારી ખુશી બમણી થઈ ગઈ હોત.'' તેમણે કહ્યું.

મુસાફરોનું સ્વાગત કરવા માટે એરપોર્ટ પર હાજર રહેલા ડી.બી. પાટિલના પરિવારના સભ્યોએ પણ આવી જ લાગણી વ્યક્ત કરી હતી. એરપોર્ટના ઉદ્દ્ઘાટન પર ખુશી વ્યક્ત કરતા તેમણે કહ્યું કે તેમને આશા છે કે એરપોર્ટના નામનો મુદ્દો ટૂંક સમયમાં ઉકેલાઈ જશે. ■



## નાયલોનના માંજા પર હાઈ કોર્ટ એક્શન મોડ પર

બુલઢાણાઃ મકરસંક્રાંતિનો તહેવાર નજીક આવતાં આકાશમાં ઊંચે પતંગો ઊડતી જોવા મળે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પતંગ માટે ઉપયોગમાં લેવાતા નાયલોન માંજાના કારણે અનેક અકસ્માતો થઈ રહ્યા છે. નાયલોન માંજા લોકોના શરીર પર ઈજા પહોંચાડે છે અને ઘણીવાર ગળું કપાઇ જવાનો ડર પણ રહે છે. તેથી, નાયલોન માંજાનો વિરોધ કરતા કેટલાકે કોર્ટના દ્વાર ખખડાવ્યા છે.

હવે, હાઈ કોર્ટે પણ આ બાબતને ગંભીરતાથી લઈને નાગરિકો પાસેથી સૂચનો અને વાંધાઓ મંગાવ્યા છે. અન્યથા, નાયલોન માંજાનો ઉપયોગ કરતાં બાળકોનાં માતા-પિતા અને

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીમાં વિજય એ જ વાજપેયીને સાચી શ્રદ્ધાંજલિઃ ફડણવીસ

મુંબઈ : બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) પર મહાયુતિનો ધ્વજ ફરકાવવો એ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને સાચી શ્રદ્ધાંજલિ હશે એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે તેમની જન્મજયંતી નિમિત્તે જણાવ્યું હતું.

ફડણવીસે મુંબઈ ભાજપ કાર્યાલયમાં આયોજિત 'અટલ ગુડ ગવર્નન્સ કોન્ફરન્સ'ને સંબોધતા જણાવ્યું હતું કે 'મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મહાયુતિ સરકાર બનાવવાનો અને' અંધારું ગાયબ થશે, 'સૂર્ય ઉગશે અને કમળ ખીલશે' સૂત્રને વાસ્તવિકતા બનાવવાનો સંકલ્પ છે. આ ચૂંટણી પાલિકામાં પારદર્શક અને પ્રામાણિક શાસન સ્થાપિત કરવાના ઉદ્દેશ સાથે લડવામાં આવી રહી છે.'

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે અટલજીનો વારસો રાષ્ટ્રને પ્રેરણા આપે છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'નવા ભારત'નો પાયો

(જુઓ પાનું ૪) ▸▸

## ઠાકરે બંધુ જોડાણઃ હાથી નીકળી ગયો, પૂંછડી અટકી છે

મુંબઈઃ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) વચ્ચે મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) ચૂંટણી માટે બે બેઠકની મડાગાંઠ હજુ સુધી નથી ઉકેલાઈ, કારણ કે બંને પક્ષ શહેરના એ વિસ્તારમાં પ્રભાવ ધરાવે છે એમ મનસેના એક કાર્યકર્તાએ જણાવી ઉમેર્યું હતું કે ભાંડુપમાં, ખાસ કરીને વોર્ડ નંબર ૧૧૪માં બેઠક અંગે મડાગાંઠ છે. મુંબઈના ભાંડુપ અને વિક્રોલી વિસ્તારમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને રાજ ઠાકરેના એમએનએસ બંનેનો પ્રભાવ છે. ઠાકરે ભાઈઓએ બુધવારે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા જોડાણની જાહેરાત કરી હતી, પરંતુ બેઠક

(જુઓ પાનું ૪) ▸▸

## નાશિકમાં ઉદ્ધવ - રાજના કેટલાક નેતા ભાજપમાં જોડાયા

નાશિકઃ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા ગુરુવારે મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના કેટલાક નેતાઓ ભારતીય જનતા પક્ષમાં જોડાયા હતા. પક્ષાંતર કરનારા નેતાગણમાં એમએનએસના ભૂતપૂર્વ વિધાનસભ્ય નીતિન ભોસલે, શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ મેયર વિનાયક પાંડે, એમએનએસના પહેલા મેયર બનેલા યતીન વાઘ, તેમજ કોંગ્રેસના નેતાઓ શાહુ ખૈરે અને સંજય ચવ્હાણનો સમાવેશ થાય છે. આશ્ચર્યજનક પક્ષાંતર એમએનએસના રાજ્ય મહાસચિવ દિનકર પાટીલનું હતું. હજુ દિવસ પહેલા રાજ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી અને શિવસેના (યુબીટી) વચ્ચેના જોડાણની તેઓ ઉજવણી કરી રહ્યા હતા. હવે તેઓ તેમના પુત્ર અને ભૂતપૂર્વ નાગરસેવિકા પત્ની લતા પાટીલ

(જુઓ પાનું ૪) ▸▸

## પ્રકાશ આંબેડકર સાથે જોડાણ કરવા કૉંગ્રેસ ઉત્સુકઃ સપકાળ

મુંબઈઃ આગામી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ માટે કોંગ્રેસ પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન આઘાડી (વીબીએ) સાથે જોડાણ બનાવવા માટે ચર્ચા કરી રહ્યો હોવાનું મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળએ ગુરુવારે જણાવ્યું હતું. દાદરના તિલક ભવનમાં કોંગ્રેસ રાજ્ય ચૂંટણી સમિતિની બેઠક બાદ સપકાળએ જણાવ્યું હતું કે બંને પક્ષએ સ્થાનિક નેતૃત્વને ગઠબંધન અંગે નિર્ણય લેવાની જવાબદારી સોંપી છે.

કોંગ્રેસ નેતાએ વધુમાં જણાવ્યું હતું કે 'કોંગ્રેસ અને વીબીએ જોડાણ માટે બંને પક્ષના નેતાઓ ઉત્સુક છે. નેતાઓ વચ્ચે સારો સંવાદ છે, અને કોર્પોરેશન ચૂંટણી માટે ગઠબંધન શક્ય બનાવવા માટે નિષ્ઠાવાન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.' ■

## અંધેરીમાં આગઃ ૪૦ જણને સુરક્ષિત ઉગારી લેવાયા

મુંબઈઃ અંધેરી વિસ્તારમાં આવેલી ૨૩ માળની રેસિડેન્શિયલ બિલ્ડિંગમાં ગુરુવારે સવારના આગ લાગ્યા બાદ અંદર ફસાયેલા ૪૦ જણને સુરક્ષિત ઉગારી લેવામાં આવ્યા હતા. અંધેરી પશ્ચિમમાં વીરા દેસાઇ રોડ પર કન્ટ્રી ક્લબ નજીક આવેલા સોરેન્ટો ટાવરમાં સવારે ૧૦ વાગ્યે આગ લાગી હતી. આગની જાણ થતાં પાલિકાના કર્મચારીઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ તથા અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે બિલ્ડિંગના

(જુઓ પાનું ૪) ▸▸

## સયાજી શિંદેની પ્રોજેક્ટ સાઈટ પર લાગેલી આગથી વૃક્ષોને નુકસાન

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં અભિનેતા સયાજી શિંદેના પ્રોજેક્ટ સાઇટ પર આગ લાગવાથી વૃક્ષોને નુકસાન થયું હોવાનું એક અધિકારીએ જણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે પાલવન ગામમાં 'સહ્યાદ્રી દેવરાઈ' પ્રોજેક્ટમાં બુધવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ લાગેલી આગમાં કોઈને ઈજા થઈ નથી. બિડમાં ફાયર એન્જિન બગડેલું હોવાથી, આગ ઓલવવા માટે ગેવરાઈ ફાયર સ્ટેશનની મદદ લેવામાં આવી હતી અને તેમણે દોઢ કલાકમાં આગને કાબૂમાં લાવી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પાલવન પ્લાન્ટેશન સાઇટ પર ઓગસ્ટ ૨૦૧૭માં કામ શરૂ થયું હતું. પ્રોજેક્ટ હેઠળ ૪૦ હેક્ટરમાં લગભગ ૧.૬૫ લાખ વૃક્ષો વાવવામાં આવ્યા હતા, એમ સહ્યાદ્રી દેવરાઈની વેબસાઇટ પર જણાવાયું છે.

અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીના સભ્ય અભિનેતા અને વૃક્ષપ્રેમી શિંદેએ ગયા મહિને કહ્યું હતું કે જો સરકાર ઓક્ટોબર ૨૦૨૬માં શરૂ થનારા કુંભ મેળા પહેલા નાસિકના તપોવન વિસ્તારમાં વૃક્ષો દૂર કરીને 'સાધુ ગ્રામ' બનાવવા પર અડગ રહેશે તો તેઓ તેનો વિરોધ કરશે. ■

## કોલ્હાપુરમાં ૬૦ કિલો ચાંદી સહિત સવા કરોડની લૂંટઃ બસના ક્લીનર સહિત સાત જણ ઝડપાયા

મુંબઈઃ કોલ્હાપુરથી મુંબઈ આવી રહેલી ખાનગી ટ્રાવેલ્સની બસને ચાકુની ધાકે બાનમાં લઇ હાઇવે પર ૬૦ કિલો ચાંદી સહિત સવા કરોડની મતાની લૂંટ ચલાવવાના કેસમાં પોલીસે બસના ક્લીનર સહિત સાત જણની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓ પાસેથી તમામ મતા જપ્ત કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બસના ક્લીનરની ઓળખ સૈફુ અફઘાની (૨૨) તરીકે થઇ હોઇ તે ઉન્હેગાંવની મદીના કોલોનીનો રહેવાસી છે. તે આંગડિયાના કર્મચારીને સારી રીતે ઓળખતો હતો, કારણ કે પાર્સલ લઇને વારંવાર આવતો હતો. તેણે કોલ્હાપુરના વિક્રમનગરના રહેવાસી અને મુખ્ય શકમંદ અક્ષય કદમ તથા અન્ય પાંચ જણ સાથે મળીને ગુનાને અંજામ આપ્યો હતો, એમ પોલીસે કહ્યું હતું.

પ્રાથમિક તપાસ અનુસાર ક્લીનર સૈફુ અફઘાની અને તેના ભાઇ ઝૈદના માથે આઠ લાખ રૂપિયાનું દેવું હતું. સૈફુએ બસમાં કીમતી વસ્તુઓ લઇ જવામાં આવતી હોવાનું તેના ભાઇને જણાવ્યું હતું. ઝૈદે બાદમાં અક્ષય

(જુઓ પાનું ૪) ▸▸

## 'ભ્રષ્ટ' ઇટાલિયન કંપનીની મશીનરી જોખમી રસાયણોનું ઉત્સર્જન કરે છેઃ રોહિત પવાર

પુણેઃ મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લામાં તાજેતરમાં સ્થાપિત કરવામાં આવેલા એક કેમિકલ પ્લાન્ટની મશીનરી સ્વાસ્થ્ય માટે જોખમી ગણાતા પીએફએએસ તરીકે ઓળખાતા સિન્થેટિક રસાયણો સાથે જોડાયેલી એક વિવાદાસ્પદ ઇટાલિયન કંપની પાસેથી ખરીદવામાં આવી હતી અને તે હવે આ મશીનરીને કારણે દરરોજ એ જોખમી સંયોજનો ઉત્સર્જન કરી રહી છે એવો દાવો રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી-એસપી)ના વિધાન સભ્ય રોહિત પવારે કર્યો છે.

જોકે, રાજ્યના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે જણાવ્યું હતું કે મુંબઈથી ૨૨૫ કિમી દૂર દક્ષિણમાં લોટે પરશુરામ ગામમાં મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી) વિસ્તારમાં લક્ષ્મી ઓર્ગેનિક કેમિકલ્સ દ્વારા શરૂ કરવામાં આવેલા પ્લાન્ટમાં જોખમી માનવામાં આવતાં રસાયણોનું ઉત્પાદન નથી થઈ રહ્યું. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં પવારે દાવો કર્યો હતો કે ઇટાલિયન કંપની મિટેની દ્વારા છોડવામાં આવેલા પીએફએએસ રસાયણોથી એક જળાશય દૂષિત થયું હતું અને એના કારણે ઈટલીના વિસેન્ઝા વિસ્તારમાં ત્રણેક લાખ લોકોને અસર થઈ હતી. વધુ જાણકારી આપતા પવારે કહ્યું હતું કે 'ત્યાંના નાગરિકોએ વિરોધ કર્યો અને કંપની

(જુઓ પાનું ૪) ▸▸

## 'ટેરર' કનેક્શન બદલ પકડાયેલા પુણેના સોફ્ટવેર એન્જિનિયરને એટીએસે ફરી કસ્ટડીમાં લીધો

પુણેઃ ભારતીય ઉપખંડમાં પ્રતિબંધિત સંગઠન અલ કાઇદા સાથે કડી અને કટ્ટરપંથી પ્રવૃત્તિઓ માટે બે મહિના અગાઉ ધરપકડ કરાયેલા પુણેના સોફ્ટવેર એન્જિનિયર ઝુબેર હંગરકેકરને ફરી મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડે (એટીએસ) કસ્ટડીમાં લીધો છે. અનલોફૂલ એક્ટિવિટીસ (પ્રિવેન્શન) એક્ટ (યુએપીએ)ના કેસ સંભાળતી વિશેષ કોર્ટે ઝુબેરને ૩ જાન્યુઆરી સુધીની એટીએસ કસ્ટડી ફટકારી હતી. ઝુબેર અગાઉ અદાલતી કસ્ટડીમાં હતો અને એટીએસે બુધવારે ફરી એક વાર તેને પોતાની કસ્ટડીમાં લીધો હતો. યુએપીએ હેઠળ આતંકવાદ સંબંધી કેસમાં પોલીસ કસ્ટડીનો મહત્તમ સમયગાળો ૩૦ દિવસનો હોય છે.

પ્રતિબંધિત આતંકવાદી સંગઠન સાથે કડી બદલ ૩૭ વર્ષના ઝુબેર હંગરકેકરની ૨૭ ઑક્ટોબરે ધરપકડ કરવામાં આવી હતી અને તે ૧૮ દિવસ સુધી એટીએસ કસ્ટડીમાં હતો. ગયા મહિના તેને એટીએસના કહેવાથી અદાલતી કસ્ટડી અપાઇ હતી. આથી એટીએસ કસ્ટડી બાકી હતી અને તેને એટીએસે બુધવારે ફરી કસ્ટડીમાં લીધો હતો.

એટીએસે અગાઉ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ઝુબેરના જૂના મોબાઇલમાં પાકિસ્તાની કોન્ટેક્ટ નંબર છે. મોબાઇલના કોન્ટેક્ટ લિસ્ટનું વિશ્લેષણ કરતાં પાંચ આંતરરાષ્ટ્રીય નંબરો મળી આવ્યા હતા, જેમાં એક પાકિસ્તાની, બે સાઉદી અરેબિયા અને એક-એક કુવૈત તથા ઓમાનના નંબરનો સમાવેશ હતો. જોકે આ નંબરો પર કોઇ કૉલ બતાવતા નથી.એટીએસે કોર્ટને જણાવ્યું હતું કે ઝુબેરને આ વિશે પૂછવામાં આવતાં તેને આ નંબરો વિશે કશું યાદ નથી, એવો તે જવાબ આપી રહ્યો છે. આરોપી કોંઢવા વિસ્તારમાં આક્રમક રીતે ઉશ્કેરણીજનક ધાર્મિક પ્રવચનો કરતો હતો. (પીટીઆઇ) ■

## મલાડના વેપારી પાસેથી પોલીસ અધિકારીના સ્વાંગમાં ૯૯ લાખ પડાવ્યા

મુંબઈઃ ટોચના પોલીસ અધિકારીના સ્વાંગમાં મલાડના વેપારીને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને તેની પાસેથી ૯૯ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. આરોપીઓના ત્રાસથી કંટાળીને વેપારી આત્મહત્યા કરવાના ઇરાદાથી ઘર છોડીને ચાલી ગયો હતો, પણ પોલીસે તેને બચાવી લીધો હતો અને બાદમાં આ પ્રકરણમાં ત્રણ જણની ધરપકડ કરાઇ હતી.

આરોપીઓમાં ફેરિયા ગણેશ ખેડેકર અને ખેલુરામ ખેડેકર તથા ડ્રાઇવર પ્રવીણ કાતેનો સમાવેશ થાય છે. વેપારીની દુકાન નજીક ખેડેકર રહેતો હતો, જ્યારે ખેલુરામ ગણેશોત્સવમાં ડોનેશન લેવા વેપારી પાસે ગયો હતો. બાદમાં સપ્ટેમ્બરમાં આર્થિક તંગી હોવાનું કહીં તે વેપારી પાસેથી ૨૧૦૦ રૂપિયા લઇ ગયો હતો. આમ બે-ત્રણ વાર મળીને વેપારીએ તેને ૧૦,૬૦૦ રૂપિયાની મદદ કરી હતી અને ચુકવણી યુપીઆઇ થકી કરી હતી. એક દિવસ વેપારીને જોઇન્ટ પોલીસ કમિશનરને નામે કૉલ આવ્યો હતો. ખેલુરામ હત્યાના કેસમાં સંડોવાયેલો છે અને તેને તમે હત્યા માટે ૧૦,૬૦૦ રૂપિયાની સુપારી આપી હતી, એવું સામે આવ્યું હોવાનું કૉલ કરનારે વેપારીને જણાવ્યું હતું. ■

## માતા-પિતાના મૃતદેહ ઘરમાં મળ્યાઃ બંને પુત્રોએ ટ્રેન સામે ઝંપલાવ્યું

નાંદેડઃ નાંદેડ જિલ્લામાં એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવતાં ગામવાસીઓમાં ખળભળાટ મચી ગયો હતો. ખેડૂત અને તેની પત્ની ગુરુવારે સવારે ઘરમાં મૃત અવસ્થામાં મળ્યાં હતાં, જ્યારે તેમના બંને પુત્રોએ ટ્રેન સામે ઝંપલાવી આયખું ટૂંકાવ્યું હતું.

જિલ્લાના મુદખેડ તહેસીલના જવાલા મુરાર ગામમાં રમેશ સોનાજી લાખે (૫૧) અને તેની પત્ની રાધાબાઇ લાખે (૪૫)ના મૃતદેહ ગુરુવારે સવારે તેમના ઘરમાંથી મળ્યા હતા. તો તેમના બંને પુત્ર બજરંગ (૨૩) અને ઉમેશે (૨૫) ટ્રેન સામે ઝંપલાવ્યું હતું. બંનેના મૃતદેહ રેલવે ટ્રેક નજીકથી મળી આવ્યા હતા. પોલીસ ઇન્સ્પેક્ટર દત્તાત્રય મંથાલેએ કહ્યું હતું કે આ ઘટના બાદ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમને અમે પુરાવા એકઠા કરવા માટે જણાવ્યું છે.

સંપૂર્ણ ટેક્નિકલ તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સત્ય સામે આવશે. ચારેય જણે આત્મહત્યા કરી લેવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. આ પરિવાર ખેડૂત સમુદાયનો હતો અને આર્થિક તંગી અથવા તો ઘરેલું સમસ્યાઓને કારણે તેમણે અંતિમ પગલું ભર્યું હોવાની પોલીસને શંકા છે. ■

## ૧૧૧ કરોડનો બોગસ પીડબ્લ્યુડી ચેક કેસઃ બેને પોલીસ કસ્ટડી

પાલઘરઃ જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી) સાથે સંકળાયેલા આર્થિક છેતરપિંડી અને ફોર્જરીના કેસમાં થાણેના જવ્હારની કોર્ટે બે જણને ૨૯ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ કેસ જાહેર બાંધકામ વિભાગ, જવ્હારના નામે કથિત રીતે જારી કરાયેલા ૧૧૧ કરોડ રૂપિયાના બોગસ ચેક સાથે સંબંધિત છે. આરોપી યજ્ઞેશ દિનકર અંભિરેએ ૨૮ નવેમ્બરે ઉપરોક્ત ચેક બૅન્કમાં ડિપોઝિટ કર્યો હતો, પરંતુ ચેક ક્લિયર ન થતાં કન્સ્ટ્રક્શન કંપનીના માલિક નીલેશ રમેશ પડવાલેએ એ જ ચેક ઍનકેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઉપરોક્ત ચેક પીડબ્લ્યુડી દ્વારા જારી કરવામાં આવ્યો ન હોવાની ખાતરી થયા બાદ છેતરપિંડી પ્રકાશમાં આવી હતી. આથી એક્ઝિક્યુટિવ એન્જિનિયર નીતિન ભોયેએ જવ્હાર પોલીસ સ્ટેશનમાં અંભિરે અને પડવાલે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. બંને વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો

(જુઓ પાનું ૪) ▸▸

## ડૅટિંગ ઍપ પર સંપર્કમાં આવેલી મહિલાએ વેપારીને ૫૩ લાખ રૂપિયાનો ચૂનો ચોપડ્યો

મુંબઈઃ ડૅટિંગ ઍપ થકી મિત્રતા કર્યા બાદ મહિલાએ બાવન વર્ષના વેપારીને છેતરામણી યોજનામાં રોકાણ કરવા માટે પ્રેરિત કરીને ૫૩ લાખ રૂપિયાનો ચૂનો ચોપડ્યો હતો.

ફરિયાદીનો લૉજિસ્ટિક્સનો વ્યવસાય છે અને તે માર્કેટિંગ કંપની ચલાવે છે. ફરિયાદી લગ્ન કરવા માગતો હોવાથી તેણે ડૅટિંગ ઍપ પર અકાઉન્ટ ક્રિયેટ કર્યું હતું. બાદમાં તેને એક મહિલા યુઝરની ફ્રેન્ડ રિકવેસ્ટ પ્રાપ્ત થઇ હતી, જેણે પોતાની ઓળખ જુહુ વિસ્તારની રહેવાસી પ્રિયંકા ગુપ્તા તરીકે આપી હતી. પ્રિયંકાએ કહ્યું હતું કે તે પોતાના પતિથી અલગ થઇ ગઇ છે અને છ વર્ષની પુત્રી સાથે રહે છે. બાદમાં બંને વચ્ચે વ્હૉટ્સઍપ પર ચેટિંગ શરૂ થઇ હતી.

મહિલાએ તેને કહ્યું હતું કે તે વેપારી સાથે પરણવા માગે છે, નોકરિયાત સાથે નહીં. આથી બંનેએ ટૂંક સમયમાં લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. ૧૩ ઑક્ટોબરે મહિલાએ ફરિયાદીને કહ્યું હતું કે તેણે 'માર્કેટ એક્સેસ કંપની' નામની ફર્મ થકી ગોલ્ડ ટ્રેડિંગ કર્યું છે અને તેને આકર્ષક વળતરો મળ્યાં છે. તેણે ફરિયાદીને પણ રોકાણ કરવા માટે કહ્યું હતું.

આરંભમાં ફરિયાદીએ ખચકાટ અનુભવ્યો હતો, પણ બાદમાં તે રોકાણ કરવા માટે તૈયાર થયો હતો. મહિલાએ કંપનીના પ્લેટફોર્મ પર તેને માટે અકાઉન્ટ નિર્માણ કર્યું હતું અને સમયાંતરે ફરિયાદીએ ૫૩.૩૦ લાખ રૂપિયા જમા કર્યા હતા. અકાઉન્ટમાં વર્ચ્યુઅલ બેલેન્સ ૧.૦૮ કરોડ પહોંચ્યું હોવાનું જણાયું હતું. ફરિયાદીએ રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે કંપનીના અધિકારીએ જમા રકમના ૩૦ ટકા પહેલા ડિપોઝિટ કરવા પડશે, એવું જણાવ્યું હતું. આટલી રકમની વ્યવસ્થા ન થતાં ફરિયાદીએ રોકાણની મૂળ રકમ રિફંડ કરવા કહ્યું હતું, પણ તેને કંપની તરફથી ઉડાઉ જવાબ આપવાનું શરૂ કરાયું હતું. દરમિયાન પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

## જળગાંવમાં ટ્રેક્ટર ઊંધું વળતાં પિતા-પુત્રનાં મોત

મુંબઈઃ જળગાંવ જિલ્લાના વરણગાંવ-કિન્હી માર્ગ પર ટ્રેક્ટર ઊંધું વળતાં ૪૮ વર્ષના શખસ અને તેના પુત્રનાં મોત થયાં હતાં. વરણગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારે બપોરે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા બંનેની ઓળખ સંજય શ્રવણ સાબળે અને તેના પુત્ર સંજય સાબળે તરીકે થઇ હતી, જેઓ સિદ્ધેશ્વર નગરના રહેવાસી હતા. બંને જણ બુધવારે ટ્રેક્ટરમાં જઇ રહ્યા હતા ત્યારે તે ઊંધું વળી ગયું હતું અને તેઓ તેની નીચે દબાઇ ગયા હતા. આ અકસ્માતમાં અન્ય એક વ્યક્તિને પણ ઇજા પહોંચી હતી.

દરમિયાન ગંભીર રીતે ઘવાયેલા પિતા-પુત્રને સારવાર માટે સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. વરણગાંવ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ પોલીસ મામલાની તપાસ કરી રહી છે. (પીટીઆઇ)

# સિક્કિમનો ખેલાડી રોહિત શર્માને પગે લાગી રહ્યો હતો કે પછી...

જયપુર: બુધવારે રાજસ્થાનમાં જયપુર શહેરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં ૨૦,૦૦૦ જેટલા પ્રેક્ષકો વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં ખાસ કરીને ૩૮ વર્ષીય રોહિત શર્માની દમદાર બૅટિંગ જોવા આવ્યા હતા અને એમાં તેમને સફળતા મળી હતી, કારણકે હિટમૅને એવી ફટકાબાજી કરી કે સિક્કિમની ટીમના ખેલાડીઓ પણ જોતા રહી ગયા હતા અને મૅચ પછી તેઓ વન-ડે ક્રિકેટના આ બેતાજ બાદશાહ રોહિતને મળવા આવ્યા ત્યારે એમાંનો સિક્કિમનો એક ખેલાડી થોડો મૂંઝાઈ ગયો હતો અને ફમ્બલ થતાં તેના હાથમાંથી કૅપ નીચે પડી ગઈ હતી. જોકે એ ઘટનાના જે ફોટા ઇન્ટરનેટ પર વાઇરલ થયા છે એના પરથી લાગે છે કે સિક્કિમનો એ પ્લેયર રોહિતને પગે લાગી રહ્યો હોય. જોકે કારણ જૂદું જ હતું. રોહિત શર્મા (૧૫૫ રન, ૯૪ બૉલ, નવ સિક્સર, અઢાર ફોર)ની ધમાકેદાર સદીની મદદથી મુંબઈએ ૨૩૭ રનનો લક્ષ્યાંક ૩૦.૩ ઓવરમાં ફક્ત બે વિકેટના ભોગે મેળવી લીધો હતો.

આ મૅચ પછીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો છે જેના પરથી બનેલી કેટલીક સ્ટોરીમાં દાવો કરવામાં આવ્યો હતો કે સિક્કિમનો ખેલાડી રોહિત સાથે હાથ મિલાવતી વખતે તેને પગે લાગ્યો હતો.



જોકે આ વીડિયો ક્લિપને બારીકાઈથી જોતાં જાણવા મળ્યું હતું કે રોહિતને મળતી વખતે સિક્કિમનો ખેલાડી એક હાથે રોહિત સાથે હાથ મિલાવી રહ્યો હતો ત્યારે એ ખેલાડીના બીજા હાથમાંથી પોતાની કૅપ નીચે પડી ગઈ હતી અને એ લેવા તે વાંકો વળ્યો હતો. ડોમેસ્ટિક ક્રિકેટમાં લિસ્ટ-એ વન-ડે ક્રિકેટ તમામ મર્યાદિત ઓવર (વન-ડે)નું સર્વોત્તમ ફૉર્મેટ ગણાય છે અને એમાં સૌથી વધુ ૧૫૦-પ્લસ સ્કોર્સમાં રોહિતે બુધવારે ડેવિડ વૉર્નરની બરાબરી કરી હતી. રોહિતના છેલ્લા ૧૫૦-પ્લસ રન ૨૦૧૯માં હતા જેમાં તેણે વેસ્ટ ઇન્ડિઝ સામે ૧૫૯ રન કર્યા હતા. ■

# વિજય હઝારે ટ્રોફીમાં વન-ડેના બે બેતાજ બાદશાહ રોહિત-વિરાટની આજે છેલ્લી મૅચ?

જયપુર/બેંગલૂરુ: વન-ડે આંતરરાષ્ટ્રીયના વર્લ્ડ નંબર-વન રોહિત શર્મા અને નંબર-ટૂ વિરાટ કોહલી આજે (સવારે ૯.૦૦ વાગ્યાથી) વિજય હઝારે ટ્રોફી ટૂર્નામેન્ટમાં અંતિમ વાર રમતા જોવા મળે એવી સંભાવના છે. બીસીસીઆઇએ કૉન્ટ્રૅક્ટ હેઠળના તમામ ખેલાડીઓને સૂચના આપી છે કે તેમણે બુધવારે શરૂ થયેલી આ ટૂર્નામેન્ટની ઓછામાં ઓછી બે મૅચ રમવી પડશે.

બુધવારે રોહિત જયપુરમાં મુંબઈ વતી સિક્કિમ સામેની મૅચમાં અને વિરાટ બેંગલૂરુમાં દિલ્હી વતી આંધ્ર સામેની મૅચમાં રમ્યો હતો. રોહિતે ૯૪ બૉલમાં નવ સિક્સર અને અઢાર ફોરની મદદથી ૧૫૫ રન કર્યા હતા અને મુંબઈને જિતાડ્યું હતું. વિરાટે ૧૦૧ બૉલમાં ત્રણ સિક્સર અને ૧૪ ફોર સાથે ૧૩૧ રન કર્યા હતા અને દિલ્હીની જીતમાં તેનું મોટું યોગદાન હતું.

હવે એવું માનીને ચાલીએ બીસીસીઆઇએ ઓછામાં ઓછી બે મૅચ રમવાની સૂચના આપી છે એટલે રોહિત-વિરાટ આજની બીજી મૅચમાં પણ રમશે.

આજે જયપુરમાં જ મુંબઈનો મુકાબલો ઉત્તરાખંડ સામે થશે અને એમાં પણ રોહિતનો દમદાર પર્ફોર્મન્સ જોવા મળી શકે. દિલ્હીની આજે બેંગલૂરુમાં ગુજરાત સામે મૅચ છે જેમાં વિરાટના પર્ફોર્મન્સ પર સૌની નજર રહેશે. અન્ય મૅચોમાં સૌરાષ્ટ્રનો મુકાબલો હરિયાણા સામે, મહારાષ્ટ્રનો સિક્કિમ સામે અને બરોડાનો બેંગાલ સામે થશે. ■

# વર્લ્ડ ચૅમ્પિયનોએ નાતાલ ઉજવી



સ્મૃતિ, જેમિમા અને અરુંધતી રેડ્ડીએ ગઈ કાલે ક્રિસમસ ઉજવી હતી. ભારતીય મહિલા ટીમ એક મહિના પહેલાં વન-ડેમાં પહેલી વાર વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. ભારતીય ટીમ હાલમાં તિરુવનંતપુરમના પ્રવાસે છે જ્યાં આજે ભારતની શ્રીલંકા સામે ત્રીજી ટી-૨૦ છે. ભારત શ્રેણીમાં ૨-૦થી આગળ છે.



વડા પ્રધાને ૨૦૩૦ની અમદાવાદની કૉમનવેલ્થ ગેમ્સનો ઉલ્લેખ કરતા કહ્યું કે...



# સાંસદ ખેલ મહોત્સવમાં મોદીના મહત્ત્વનાં નિવેદનો

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સાંસદ ખેલ મહોત્સવના સમાપન સમારોહમાં હાલમાં ચાલી રહેલી વિજય હઝારે ટ્રોફી ટૂર્નામેન્ટનો ઉલ્લેખ કરવા ઉપરાંત કહ્યું હતું કે 'આ મહોત્સવમાં શહેરોથી લઈને નાનાં ગામડાં સુધીના ભાગોમાંથી (ગરીબ વિસ્તારોમાંથી) લોકોએ ભાગ લીધો એ જ બતાવે છે કે દેશમાં હવે રમતગમત ક્ષેત્રનો કેટલો બધો વિસ્તાર થઈ ગયો છે.'

**એક દિવસમાં ડબલ સહિત ૨૦ સેન્ચુરી**

વિજય હઝારે ટ્રોફીમાં એક દિવસમાં ૧૯ મૅચમાં ૨૦ સેન્ચુરી અને એક ડબલ સેન્ચુરી ફટકારવામાં આવી હતી. એમાં પણ ખાસ કરીને બિહાર વતી રમતો ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી ૧૯૦ રનના સ્કોર સાથે લિસ્ટ-એ વન-ડે ડોમેસ્ટિક ક્રિકેટ જગતનો સૌથી યુવાન સેન્ચુરિયન બન્યો હતો. અરુણાચલ પ્રદેશ સામે બિહારે છ વિકેટે ૫૭૪ રન કર્યા હતા અને લિસ્ટ-એમાં હવે આ હાઇએસ્ટ ટીમ-ટોટલ છે. વૈભવે ૩૬ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. ઝારખંડના કૅપ્ટન ઇશાન કિશને ૩૩ બૉલમાં અને બિહારના સુકાની સાકિબુલ ગનીએ ૩૨ બૉલમાં સદી પૂરી કરી હતી. લિસ્ટ-એમાં હવે ગનીની ૩૨ બૉલની સેન્ચુરી નવો ભારતીય વિક્રમ છે.

પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપ સહિતના એનડીએના સુશાસનની ૨૦૧૪ના વર્ષમાં શરૂઆત થઈ હતી. ગુરુવારે સુશાસન દિવસ ઉજવવામાં આવ્યો હતો. વડા પ્રધાને ગુરુવારના સમારોહમાં વિજય હઝારે ટ્રોફીના બુધવારના યાદગાર દિવસનો એક રીતે ઉલ્લેખ કરતા કહ્યું, '૨૦૧૪ની સાલ પહેલાં દેશના ખેલ ક્ષેત્રે, ટીમો પસંદ કરવામાં તેમ જ પાયાના ક્ષેત્રે રમતગમતના નામે જે બધી ગરબડ ચાલતી હતી એ બંધ થઈ ચૂકી છે. હવે ગરીબ પરિવારોનાં બાળકો પણ નાની ઉંમરે શિખર પર પહોંચી શકે છે. ગઈ કાલે (બુધવારે) પંદરથી વીસ વર્ષના ઉંમરના ક્રિકેટરોએ ખેલના મેદાન પર કમાલ કરી હતી. કોઈએ ૩૨ બૉલમાં સદી ફટકારી તો કોઈએ ૪૦ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. આ છે તેમની તાકાત. આપણે આપણા યુવાનોને રમવા માટે બને એટલા વધુ મંચ આપી રહ્યા છીએ. ખેલો ઇન્ડિયાની વિવિધ રમતો તથા સાંસદ ખેલ મહોત્સવ દ્વારા પ્રતિભાઓની ઓળખ થઈ રહી છે.'

**માતા-પિતાને હવે અહેસાસ થઈ ગયો છે કે...**

વડા પ્રધાને એવું પણ કહ્યું કે 'દેશના દૂર-દૂરના ભાગોમાંથી અનેક ઉદાહરણો મળી રહ્યાં છે જે આખા દેશને પ્રેરિત કરે છે. કોઈક વિસ્તારનો કોઈ દિવ્યાંગ ખેલાડી પડકારોને નાના બનાવીને ઊંચાઈઓ સર કરે છે તો કોઈક મેદાન પર કોઈ દીકરી પોતાના સપનાં પૂરા કરવામાં વ્યસ્ત છે. સાંસદ ખેલ મહોત્સવ આવા ખેલાડીઓ અને ઍથ્લીટોને પોતાની પ્રતિભા બતાવવાનો મોકો આપે છે. હવે માતા-પિતાને અહેસાસ થઈ ગયો છે કે ખેલકૂદથી જીવન બરબાદ નથી થતું, પણ બાળકો રમતગમતમાં આગળ વધીને પોતાના પરિવારનું જ નહીં, આખા ગામનું અને સમાજનું ભાગ્ય પણ બદલી શકે છે.'

**૨૦૩૬ની ઑલિમ્પિક્સનો કર્યો ઉલ્લેખ**

વડા પ્રધાન મોદીએ ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનું યજમાનપદ માણવા મળનારી સંભવિત તક બાબતમાં કહ્યું, 'વર્ષ ૨૦૧૪ પહેલાં દેશનું રમતગમત માટેનું બજેટ ૧,૨૦૦ કરોડ રૂપિયાથી પણ ઓછું હતું જે હવે ૩,૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ હોય છે. ટૉપ્સ (ટાર્ગેટ ઑલિમ્પિક પૉડિયમ) યોજના મારફત ખેલાડીઓને દર મહિને ૨૫થી ૩૦ હજાર રૂપિયા સુધીની મદદ મળે છે. આ તમામ પ્રયાસોનો લાભ મળી રહ્યો છે. છેલ્લાં થોડાં વર્ષોમાં આપણા ખેલાડીઓએ વિશ્વ સ્તરે અસાધારણ પ્રદર્શન કર્યું છે. ટોક્યો ઑલિમ્પિક્સમાં સાત મેડલ અને પૅરિસ ઑલિમ્પિક્સમાં ૨૯ મેડલ જીતીને આપણે સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. એશિયાની સૌથી મોટી સ્પર્ધામાં આપણે ૧૦૦થી પણ વધુ ચંદ્રક જીતીને અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. આપણા ખેલાડીઓ અને ઍથ્લીટો વૈશ્વિક સ્તરે દેશને નવી ઓળખ આપી રહ્યા છે. ૨૦૩૦માં અમદાવાદ કૉમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે અને આખી દુનિયાની નજર ભારત પર રહેશે. દેશના યુવા વર્ગ માટે આ બહુ મોટું મંચ બની રહેશે. ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સના યજમાન બનવા માટે પણ ભારત પ્રયત્નશીલ છે અને એમાં ભારતનો એવો યુવા વર્ગ પ્રતિનિધિત્વ કરશે જેઓ અત્યારે ૧૦થી ૧૨ વર્ષના છે. આપણે અત્યારથી તેમની ટૅલન્ટ પારખવાની છે, તેમને તાલીમ આપવાની છે અને રાષ્ટ્રીય સ્તરે તેમને ટોચ સુધી લઈ આવવાના છે. એમાં સાંસદ ખેલ મહોત્સવ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. હું આજે આપણા દેશના દરેક ખેલાડી-ઍથ્લીટને કહેવા માગું છું કે તમે માત્ર પોતાની જીત માટે નથી રમી રહ્યા, તમે તમારા દેશ માટે અને તિરંગાના સન્માન માટે તેમ જ એની ગરિમા માટે રમી રહ્યા છો.' ■

# વિરાટની જર્સીમાં સજ્જ બાળ-ચાહક રોહિતને પગે લાગવા આવ્યો

જયપુર: સચિન તેન્ડુલકર, મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહલી પછી હવે રોહિત શર્માને પણ ભારતીય ક્રિકેટ ચાહકોમાં જાણે 'ભગવાનની પદવી' મળી રહી હોય એવું લાગે છે. બુધવારે જયપુરમાં વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં સિક્કિમ સામે રોહિત શર્માએ ૯૪ બૉલમાં નવ સિક્સર અને અઢાર ફોરની મદદથી ૧૫૫ રન કરીને મુંબઈને શાનદાર વિજય અપાવ્યો ત્યાર બાદ મેદાન પર એક બાળક દોડી આવ્યો હતો અને રોહિતને પગે લાગવા ગયો ત્યારે રોહિતે તેને રોક્યો હતો અને તેની પીઠ થાબડીને માનપૂર્વક અને વહાલપૂર્વક તેને પાછો મોકલ્યો હતો.

## રોહિતે ૧૫૫ રન બનાવીને જિતાડ્યા

મુંબઈએ આ મૅચ ૧૧૭ બૉલ બાકી રાખીને આઠ વિકેટે જીતી લીધી હતી. મૅચ બાદ બન્ને ટીમના ખેલાડીઓ એકમેકને મળી રહ્યા હતા ત્યારે અચાનક આ બાળક રોહિત પાસે દોડી આવ્યો હતો. તે રોહિતને પગે લાગવા વાંકો વળ્યો હતો, પણ ત્યારે રોહિતે તેને રોકી લીધો હતો અને વહાલપૂર્વક પાછા જતા રહેવા તેને કહ્યું હતું. શાંત સ્વભાવનો રોહિત શર્મા વિનમ્રતા માટે જાણીતો છે.

## એક દિગ્ગજના ટી-શર્ટમાં, બીજા મહારથીને મળ્યો

આ બાળક વિરાટ કોહલીનો પણ ફૅન છે અને તેણે વિરાટના નામવાળું જર્સી પહેર્યું હતું. ટૂંકમાં, તે એક દિગ્ગજના નામવાળા ટી-શર્ટમાં સજ્જ થઈને બીજા દિગ્ગજને મળ્યો અને આ મિલનની પળો એ બાળક જિંદગીભર નહીં ભૂલે.

## પિન્ક સિટી બન્યું ક્રિકેટમય

બુધવારની મૅચ જયપુરમાં હોવાથી આ પિન્ક સિટીમાં સર્વત્ર ક્રિકેટનો માહોલ હતો. આ જ શહેરમાં શુક્રવારે મુંબઈ વિરુદ્ધ ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર વિરુદ્ધ સિક્કિમ, ગોવા વિરુદ્ધ હિમાચલ પ્રદેશ તથા છત્તીસગઢ વિરુદ્ધ પંજાબની મૅચ રમાવાની છે.

## 'મુંબઈચા રાજા, રોહિત શર્મા'

સિક્કિમ સામેની મૅચ વખતે સ્ટેડિયમમાં મુંબઈ તરફી ઘણા ક્રિકેટપ્રેમીઓ હતા અને એમાંના એક વર્ગના લોકો જ્યારે રોહિત શર્મા બાઉન્ડરી લાઇનની નજીક ફીલ્ડિંગ માટે આવ્યો ત્યારે 'મુંબઈચા રાજા, રોહિત શર્મા'ના સૂત્રો પોકારીને વાતાવરણને સંગીન બનાવી દીધું હતું. રોહિત હળવા સ્મિત સાથે તેમનું અભિવાદન કર્યું હતું. ■

હિટમૅને પીઠ થાબડીને તેને માનપૂર્વક પાછો મોકલ્યો





નૅથન લાયને મંગળવારે જમણા ઘૂંટણના પાછળના ભાગમાં તાકીદે ઑપરેશન કરાવ્યું છે જેને કારણે તે ઍશિઝ સિરીઝની બાકીની બે ટેસ્ટમાં નહીં રમે.

# બૉક્સિંગ-ડે ટેસ્ટ: ઇંગ્લૅન્ડ ક્રિસમસના ચમત્કારની તલાશમાં, ઑસ્ટ્રેલિયાની નજર ૫-૦ના વાઇટવૉશ પર

મેલબર્ન: શુક્રવારે (૨૬મી ડિસેમ્બરે) બૉક્સિંગ-ડે છે અને એ દિવસે ઍશિઝ ટેસ્ટ સિરીઝની બે કટ્ટર ટીમ ભિન્ન ઇરાદા સાથે મેદાન પર ઊતરશે. સિરીઝમાં પહેલી ત્રણેય ટેસ્ટ હારી ગયા પછી હવે ઇંગ્લૅન્ડની ટીમ ક્રિસમસના ચમત્કારની ખોજમાં છે, જ્યારે ઑસ્ટ્રેલિયાનો મનસૂબો સાવ જુદો જ છે. અહીં શુક્રવારે (ભારતીય સમય મુજબ સવારે ૫.૦૦ વાગ્યાથી) શરૂ થનારી ઍશિઝ ટેસ્ટ શ્રેણીની ચોથી મૅચમાં ઑસ્ટ્રેલિયા ઇજાગ્રસ્ત મુખ્ય સ્પિનર નૅથન લાયન વિના રમશે એટલે ટીમને તેની ખોટ જરૂર વર્તાશે, પરંતુ આ મૅચમાં કાંગારુઓની ટીમ પેસ આક્રમણ સાથે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) પર રમવા ઊતરશે અને આ યજમાન ટીમનો સંકલ્પ આ ચોથી ટેસ્ટ પણ જીતીને ૪-૦થી સરસાઈ મેળવવા ઉપરાંત પછીથી અંતિમ મૅચ પણ જીતીને પ્રવાસી ટીમનો ૫-૦૯થી વાઇટવૉશ કરવા કોઈ કસર નહીં છોડે. નૅથન લાયને ઍડિલેઇડમાં ત્રીજી ટેસ્ટમાં કુલ પાંચ વિકેટ લીધી હતી અને ઑસ્ટ્રેલિયાની જીતમાં તેનું પણ મહત્ત્વનું યોગદાન હતું. મંગળવારે લાયને તાકીદે જમણા પગમાં સર્જરી કરાવવી પડી હતી. ■

## એમસીજીની પિચ કેવી છે? વરસાદ પડવાની આગાહી

મેલબર્નના એમસીજી ગ્રાઉન્ડની પિચ પર ઘણું ઘાસ છે. એમસીજીના પિચ ક્યૂરેટર મૅટ પેજના જણાવ્યા મુજબ તેમણે આ ટેસ્ટ માટેની પિચ ગઈ સીઝનમાં ભારત સામે રમાયેલી ટેસ્ટ-પિચ જેવી બનાવવાની કોશિશ કરી છે. ભારત સામેની ઑસ્ટ્રેલિયાની એ મૅચ પૂરા પાંચ દિવસ ચાલી હતી અને ઑસ્ટ્રેલિયાએ એ ટેસ્ટ ૧૮૪ રનથી જીતી લીધી હતી. ભારત ત્યારે ૩૪૦ રનના લક્ષ્યાંક સામે ૧૫૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયું હતું. એ મૅચમાં ઘાસ સાત મિલીમીટર જેટલું ઊંચું હતું. આ વખતે પિચ પર ઘાસ ૧૦ મિલીમીટર જેટલું ઊંચું હોવાનું કાર્યવાહક કૅપ્ટન સ્ટીવ સ્મિથે પત્રકારોને કહ્યું હતું. મેલબર્નની પિચ ફાસ્ટ બોલર્સને વધુ અનુકૂળ પડે એવી છે. જોકે શુક્રવારના પ્રથમ દિવસે તેમ જ છેલ્લા દિવસોમાં વરસાદ પડવાની આગાહી છે. ■

## ટેસ્ટ કેમ બૉક્સિંગ-ડે તરીકે ઓળખાય છે?

નાતાલ (ક્રિસમસ) પછીનો દિવસ ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા સહિતના કેટલાક દિવસોમાં બૉક્સિંગ-ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને બૉક્સિંગ (મુક્કાબાજી)ની રમત સાથે કંઈ જ લેવાદેવા નથી. આ દિવસે (૨૬મી ડિસેમ્બરે) કંપનીઓ અને સંસ્થાઓના માલિકો પોતાના કર્મચારીઓને તેમ જ સમાજના ધનિક લોકો ગરીબ લોકોને બૉક્સમાં ભેટ-સોગાદ મોકલે છે એટલે એ બૉક્સિંગ-ડે તરીકે ઓળખાય છે. બીજી લોકકથા એવી છે કે ચર્ચમાં ગરીબો તથા જરૂરતમંદો માટે રાખવામાં આવેલા બૉક્સ ૨૬મી ડિસેમ્બરે ખોલવામાં આવે છે એટલે એ બૉક્સિંગ-ડે કહેવાય છે. ■

# મમ્મી સાથે રમીને ક્રિકેટ શીખ્યો અને પપ્પાએ પૈસાનું મૂલ્ય સમજાવ્યું: આઇપીએલનો નવો કરોડપતિ મંગેશ યાદવ

આરસીબીના નવા ફાસ્ટ બોલરના પિતા ટ્રક ડ્રાઇવર છે, પણ હવે પુત્ર તેમને આરામની જિંદગી અપાવવા માગે છે



ઇન્દોર: ૨૩ વર્ષના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર મંગેશ યાદવને આઇપીએલના ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ તાજેતરમાં હરાજીમાં ૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો એને અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે, પણ હજીયે તે જીવન બદલી નાખતા અને સ્વપ્ન સમાન આ કૉન્ટ્રૅક્ટ મેળવ્યાના ઉત્સાહ અને રોમાંચની બહાર નથી આવી શક્યો, કારણકે તેને સગાંસંબંધીઓ અને મિત્ર વર્તુળમાંથી હજી પણ ફોન-કૉલ આવ્યા રાખે છે. ખુદ મંગેશે એક જાણીતી વેબસાઇટને મુલાકાતમાં કહ્યું છે કે અગાઉ મેં ક્યારેય રિસીવ નહીં કર્યા હોય એટલા કૉલ્સ એક અઠવાડિયામાં રિસીવ કર્યા છે. મંગેશે આ ઇન્ટરવ્યૂમાં કહ્યું, 'હું નાનપણમાં મમ્મીની મદદથી ક્રિકેટ રમતા શીખ્યો હતો અને પપ્પા પાસેથી મને પૈસાનું ખરું મૂલ્ય સમજાયું હતું.'

**પપ્પા પર બોજ નહોતો બનવા માગતો**

મંગેશ હજી સાત વર્ષ પહેલાં (૧૬ વર્ષનો હતો ત્યારે) માત્ર ટેનિસ બૉલથી જ રમતો હતો. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ તથા છત્તીસગઢમાં લાંબી મુસાફરી વખતે તે અનરિઝર્વ્ડ ડબ્બામાં તથા એસ. ટી. બસમાં જ પ્રવાસ કરતો હતો અને આ રાજ્યોમાં મૅચ રમીને જે કમાણી કરતો એનાથી તે આર્થિક રીતે પોતાને સ્વતંત્ર માનતો હતો. તેણે મુલાકાતમાં કહ્યું છે કે 'હું મારા પપ્પા પાસે પૈસા નહોતો માગતો અને મારી પોતાની જ કમાણીથી મારું કામ પૂરું કરી લેતો એને હું મોટી સિદ્ધિ માનતો હતો. હવે હું આઇપીએલની એક સીઝન રમીને આટલી મોટી કમાણી (૫.૨૦ કરોડ રૂપિયા) કરવાનો છું એ રોમાંચમાંથી હજી બહાર નથી આવી શક્યો. હું મારા મમ્મી-પપ્પાને હવે સંઘર્ષભરી જિંદગીમાંથી મુક્ત કરાવવા માગું છું અને એ માટે મારે તનતોડ મહેનત કરવી પડશે અને પૈસાના પાવરમાં તણાઈ ન જાઉં એનું હું ખાસ ધ્યાન રાખીશ.'

**પપ્પા સવારે ઊઠીને ટ્રક ચલાવવા જતા રહેતા**

મંગેશ યાદવના પિતા ટ્રક ચલાવે છે. જોકે પુત્ર મંગેશ હવે તેમને એ કામ છોડાવી દેશે. મંગેશે મુલાકાતમાં કહ્યું, 'હું નાનપણમાં બોરાગાંવમાં રહેતો હતો. હું સાત વર્ષનો હતો ત્યારે ઘરની બહાર મારી મમ્મી સાથે ક્રિકેટ રમતો હતો. મમ્મી હળવેકથી બૉલ ફેંકતી અને હું શૉટ મારતો હતો. જોકે પછીથી હું મિત્રો સાથે રમીને ફાસ્ટ બોલિંગ શીખ્યો હતો. મારા પપ્પા ટ્રક ડ્રાઇવર છે. તેમની પાસેથી હું પૈસાની ખરી વૅલ્યૂ શીખ્યો હતો. બે પૈસા કમાવવા તેઓ તનતોડ મહેનત કરતા હતા. પરોઢિયે ત્રણ વાગ્યે તેઓ જાગી જતા અને નિત્યક્રમ બાદ ટ્રક લઈને નીકળી પડતા હતા અને આખો દિવસ જોખમી માર્ગો પર ટ્રક હંકારીને મોડી રાત્રે ઘેર પાછા આવતા હતા.' ■

# વૈશ્વિક સોના-ચાંદીમાં થાક ખાતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ આજે ક્રિસમસની જાહેર રજાને કારણે સત્તાવાર ધોરણે બંધ રહ્યા હતા. જોકે, ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીમાં તેજી થાક ખાતી હોય તેમ ઊંચા મથાળેથી સાધારણ પીછેહઠ જોવા મળી હતી. તેમ છતાં એકંદરે અન્ડરટોન તો મજબૂતીનો જ પ્રવર્તી રહ્યો હોવાનું બજાર વર્તુળો જણાવી રહ્યા છે. વધુમાં આજે સ્થાનિક સ્તરે પણ ક્રિસમસની જાહેર રજાને કારણે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન બંધ હોવાથી આજે હાજર ભાવની સત્તાવાર ધોરણે કોઈ જાહેરાત થઈ ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૪૫૨૫.૧૮ સુધી ક્વૉટ થયા બાદ અંતે આગલા બંધ સામે સાધારણ ૦.૨ ટકા ઘટીને ૪૪૭૯.૩૮ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ૪૫૦૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધીને ઔંસદીઠ ૭૨.૭૦ ડૉલર સુધી ક્વૉટ થયા બાદ અંતે આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ૭૧.૯૪ ડૉલર આસપાસના મથાળે બંધ રહ્યા હતા.

એકંદરે હાલમાં વૈશ્વિક સોનામાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીના દબાણ સાથે કોન્સોલિડેશન જોવા મળી રહ્યું હોવાનું કિટકો મેટલ્સના વિશ્લેષક જિમ વાઈકોફે જણાવતા ઉમેર્યું હતું કે હળવા અથવા તો નીચા વ્યાજદર અને અનિશ્ચિતતાના માહોલમાં સોના અને ચાંદી જેવી વ્યાજની ઉપજ ન આપતી અસ્કયામતોમાં રોકાણકારોના આકર્ષણને ટેકે સારી કામગીરી જોવા મળતી હોય છે.

ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે જો અર્થતંત્ર સારી કામગીરી દાખવતું હોય તો વ્યાજદરમાં કાપ મૂકે તેવા ફેડરલ રિઝર્વના નવા અધ્યક્ષને હું પસંદ કરું છું. નોંધનીય બાબત એ છે કે વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં અમેરિકી ફેડરલ રિઝર્વે ત્રણ વખત વ્યાજદરમાં કાપ મૂક્યો છે, જ્યારે આગામી વર્ષમાં બે વખત વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

વધુમાં ભૂરાજકીય સ્થિતિ અંગે જોઈએ તો વેનેઝુએલાથી સંલગ્નિત તેલના ટેન્કરો સિલ કરવા માટે અમેરિકી તટરક્ષકો વધુ દળની રાહ જોઈ રહ્યા છે, એમ રોઈટર્સે એક અહેવાલમાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૪૯ ટકાનો અને સોનાના ભાવમાં ૭૦ ટકાનો વધારો નોંધાયો છે. ■

# ભારતીય નિકાસકારો ન્યૂ ઝીલેન્ડની ચીનની નિર્ભરતા ઘટાડવા મદદ કરશેઃ જીટીઆરઆઈ

નવી દિલ્હીઃ ન્યૂઝીલેન્ડ સાથેના મુક્ત વેપાર કરાર થકી ભારતના કૃષિ, પેટ્રોલિયમ, ફાર્મા, એપરલ, ઈલેક્ટ્રોનિક્સ અને ઑટો સહિતનાં ક્ષેત્રના નિકાસકારોના શિપમેન્ટ વધારવામાં મદદરૂપ નહીં થાય, પરંતુ ન્યૂઝીલેન્ડની ચીન પરની નિર્ભરતા ઘટાડવામાં પણ મદદરૂપ થશે.

થિન્ક ટૅન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઍન્ડ ઈનિશિએટીવ (જીટીઆરઆઈ)ની આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪-૨૫માં ન્યૂઝીલેન્ડે ચીનથી ૧૦ અબજથી વધુ મૂલ્યના માલની આયાત કરી હતી, જ્યારે ભારતથી માત્ર ૭૧.૧૦ કરોડ ડૉલરની આયાત થઈ હતી અને તે વર્ષમાં વેલિંગ્ટનની કુલ આયાત ૫૦ અબજ ડૉલરની રહી હતી. જીટીઆરઆઈએ અહેવાલમાં જણાવ્યું હતું કે ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેનાં દ્વીપક્ષીય મુક્ત વેપાર કરાર થવાથી હવે ભારતનાં વિવિધ ક્ષેત્રના નિકાસકારો માટે વધુ તક અસ્તિત્વમાં આવી છે.

આ કરાર થકી જે ક્ષેત્રો માટે તકો નિર્માણ થઈ છે તેમાં ખાદ્ય અને કૃષિ સંલગ્નિત ઉત્પાદનો, પેટ્રો પેદાશ અને ઔદ્યોગિક રસાયણ, ફાર્માસ્યુટિકલ્સ અને હૅલ્થકૅર, પ્લાસ્ટિક્સ, રબર, કન્ઝ્યુમર ગૂડ્સ, ટેક્સ્ટાઈલ અને એપરલ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ્સ, ઑટોમોબાઈલ અને ટ્રાન્સપોર્ટ ઈક્વિપમેન્ટ્સ, એરોસ્પેસ અને ઊંચાં મૂલ્યવાળાં ઉત્પાદનો, ફર્નિચર અને લાઈટિંગનો સમાવેશ થાય છે.

ભારત બેકરી ઉત્પાદનોનો વૈશ્વિક ૬૦.૨ કરોડ ડૉલરની નિકાસ સાથે નોંધપાત્ર વૈશ્વિક નિકાસકાર દેશ છે અને ન્યૂઝીલેન્ડ વર્ષે ૨૫ કરોડ ડૉલરના મૂલ્યની આયાત કરે છે, જેમાં ભારત ૬૫ લાખ ડૉલરના મૂલ્યનો પુરવઠો પૂરો પાડે છે, જ્યારે ચીન ૨.૧ કરોડ ડૉલરનો પુરવઠો પૂરો પાડે છે. આજ પેટર્ન ફૂડ પ્રિપરેશનમાં જોવા મળે છે. ભારત વૈશ્વિક સ્તરે ૮૧.૭ કરોડ ડૉલરની નિકાસ કરે છે, ન્યૂઝીલેન્ડ ૪૫.૫ કરોડ ડૉલરની આયાત કરે છે અને ભારતનો હિસ્સો માત્ર ૭૭ લાખ ડૉલરનો છે.

વધુમાં તેલખોળ અને પશુઆહારમાં ભારતની નિકાસની રેન્જ ૩૮.૨ કરોડ ડૉલરથી ૫૦.૭ કરોડ ડૉલરની છે અને ન્યૂઝીલેન્ડની આયાતની રેન્જ ૩૪થી ૩૭.૯ કરોડ ડૉલરની છે. જોકે, ચીન સાથેની અત્યંત ઓછી સ્પર્ધા છતાં ભારતની ન્યૂઝીલેન્ડ ખાતેની નિકાસ એકથી પાંચ લાખ ડૉલર જેવી નગણ્ય છે જે સૂચવે છે કે બજાર કોઈ મજબૂત પુરવઠાકારથી અવરોધિત નથી આથી બજાર અંકે કરી શકાય તેમ છે, એમ જીટીઆરઆઈના સંસ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું.

વધુમાં ઉમેર્યું હતું કે તે જ પ્રમાણે ભારત રિફાઈન્ડ પેટ્રોલિયમ પેદાશનો પણ ૬૯.૨ અબજ ડૉલરની નિકાસ સાથે વૈશ્વિક અગ્રણી નિકાસકાર દેશ છે અને ન્યૂઝીલેન્ડ આ ઉત્પાદનોની વર્ષે ૬.૧ અબજ ડૉલરની આયાત કરે છે, પરંતુ તેમાંથી ભારતથી આયાત માત્ર ૨૩ લાખ ડૉલરની હોય છે, જ્યારે ચીનથી આયાત ૧૮.૧ કરોડ ડૉલરની હોય છે. આ જ પ્રકારનો તફાવત એલ્યુમિનિયમ ઑક્સાઈડમાં છે. ભારતની વૈશ્વિક નિકાસ ૧.૧ અબજ ડૉલરની છે અને ન્યૂઝીલેન્ડની આયાત ૨૫.૫ કરોડ ડૉલરની છે, પરંતુ ન્યૂઝીલેન્ડ ખાતે ભારતની નિકાસ માત્ર બે લાખ ડૉલરની જ છે.

તે જ પ્રમાણે ભારતની ફાર્માસ્યુટિકલની વૈશ્વિક નિકાસ ૨૦.૬ અબજ ડૉલરની છે અને ન્યૂઝીલેન્ડ વર્ષે ૯૬.૨ કરોડ ડૉલરની આયાત કરે છે, પરંતુ તેમાં ભારતથી આયાત માત્ર ૭.૫ કરોડ ડૉલરની છે, જ્યારે ચીનથી આયાતનો હિસ્સો ૯૬ લાખ ડૉલરનો છે. વધુમાં ભારત ૧.૬ અબજ ડૉલરના મૂલ્યની બાયોલોજિકલ અને વેક્સિન્સની નિકાસ કરે છે અને ન્યૂઝીલેન્ડ ૩૨.૮ કરોડ ડૉલરના મૂલ્યની આયાત કરે છે. તેમાં ભારતથી આયાત માત્ર ૭.૫ કરોડ ડૉલરની છે, જ્યારે ચીનથી આયાત ૯૬ લાખ ડૉલરની છે.

વધુમાં ભારતની મહિલાઓનાં વસ્ત્રોની વૈશ્વિક નિકાસ ત્રણ અબજ ડૉલરની છે ન્યૂઝીલેન્ડની આયાત ૧૭.૯ કરોડ ડૉલરની છે જેમાં ભારતથી થતી નિકાસનો હિસ્સો માત્ર ૯૮ લાખ ડૉલરનો છે, જ્યારે ચીનથી થતી આયાતનો હિસ્સો ૧૧.૨ કરોડ ડૉલરનો છે. નોંધનીય બાબત એ છે કે ભારત ગાર્મેન્ટ્સની નિકાસમાં સારું સ્પર્ધાત્મક સ્થાન ધરાવે છે છતાં નિકાસ હિસ્સો ઓછો છે. આ જ પ્રમાણે ટેલિકોમ, ટ્રાન્સફોર્મર, બેટરી, સ્વિચગીઅર અને કેબલ્સ, ઑટો ક્ષેત્ર અને ઑટો પાર્ટસ જેવાં ક્ષેત્રોમાં ભારત નિકાસ હિસ્સો વધારી શકે તેમ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# રૂપિયાનું ધોવાણઃ વર્ષ ૨૦૨૬માં દર ત્રિમાસિક ધોરણે મર્સિડિઝ બૅન્ઝ ઈન્ડિયા ભાવવધારો કરશે

નવી દિલ્હીઃ સ્થાનિક વિનિમય બજારમાં તાજેતરમાં યુરો સામે રૂપિયામાં થયેલા ધોવાણની માઠી અસરો ખાળવા માટે મર્સિડિઝ બૅન્ઝ ઈન્ડિયા આગામી કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં પ્રત્યેક ત્રિમાસિકગાળામાં તેના ઉત્પાદનોના ભાવમાં વધારો કરવા અંગે વિચારણા કરી રહી હોવાનું કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સંતોષ અય્યરે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે કંપનીએ આગામી પહેલી જાન્યુઆરીથી તેના ઉત્પાદનોના ભાવમાં બે ટકા સુધીનો વધારો કરવાની જાહેરાત કરી છે. વર્ષ ૨૦૨૫માં યુરો સામે રૂપિયો સરેરાશ ૧૦૦ની ઉપરની સપાટીએ નબળો પડ્યો હોવાથી આયાતી માલ અર્થાત્ ઈનપૂટ ખર્ચમાં થયેલા વધારાની અસરો સરભર કરવા માટે અમે આગામી વર્ષે પ્રત્યેક ત્રિમાસિકગાળામાં ભાવ વધારવાની વિચારણા કરી રહ્યા છીએ, એમ તેમણે અત્રે યોજાયેલ ફિક્કિ મર્સિડિઝ-બેન્ઝ ભારત ઈનોવેશન બિઝનૅસ આઈડીઆઝ ચેલેન્જ પ્રોગ્રામ પશ્ચાત્ પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું.

વધુમાં તેમણે કહ્યું હતું કે ૧૮ મહિના પૂર્વે યુરો સામે ભારતીય રૂપિયાનું મૂલ્ય ૮૯ હતું જે હવે વધીને ૧૦૪-૧૦૫ આસપાસ છે તે જોતા યુરો સામે રૂપિયામાં અંદાજે ૧૫થી ૧૮ ટકા જેટલું ધોવાણ થયું છે. કંપનીએ આગામી જાન્યુઆરીથી ભાવવધારાની જાહેરાત કરી છે, પરંતુ રૂપિયામાં થયેલા મોટા ઘસારાની અસર હળવી કરવા માટે તુરંત ભાવમાં વધારો કરવામાં આવશે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે રૂપિયાના અવમૂલ્યન અને ભાવવધારાની અસર વચ્ચે ૧૦થી ૧૫ ટકા કરતાં વધુ માત્રાનો તફાવત છે તેથી અમે તબક્કાવાર ભાવવધારો કરી રહ્યા છે અન્યથા માગ પર પણ માઠી અસર પડી શકે છે.

જોકે, આગામી વર્ષે પ્રત્યેક ત્રિમાસિકગાળામાં કેટલી માત્રામાં ભાવવધારો કરવામાં આવશે તે અમે નિર્ધારિત નથી કર્યું, પરંતુ તે લગભગ બે ટકા આસપાસ હોઈ શકે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

# મથકો પાછળ ખાંડમાં ₹ ૧૬થી ૨૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ તેમ જ આજે ક્રિસમસની જાહેર રજા હોવાથી રિટેલ સ્તરની મર્યાદિત માગ અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૨નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી રૂ. ૧૬નો ઘટાડો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે મર્યાદિત માગ અને મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૨ના ઘટાડા સાથે રૂ. ૩૭૮૬થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૬થી ૩૯૯૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું. ■

# ધાતુમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ગઈકાલે પુરવઠાખેંચની સ્થિતિ વચ્ચે કોપર સહિતની અન્ય ધાતુઓમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો હતા. જોકે, આજે ક્રિસમસની જાહેર રજાને કારણે બજારો બંધ હોવાથી વૈશ્વિક અહેવાલની ગેરહાજરી હતી. તેમ છતાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિકમાં કોપર વાયરબારમાં જોવા મળેલા ઘટાડાને બાદ કરતાં અન્ય વેરાઈટીઓ, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો સુધારો આગળ ધપ્યો હતો.

જોકે, આજે ટીન, નિકલ, લીડ ઈન્ગોટ્સ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩થી ૩૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચોક્કસ ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૬૫૫, કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૦૮૧ અને રૂ. ૭૫૩, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૧૦૫, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૦૯૫ અને રૂ. ૯૭૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૧૫ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૯૪ના મથાળે રહ્યા હતા.

જોકે, તાજેતરની એકતરફી તેજી પશ્ચાત્ આજે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૫ ઘટીને રૂ. ૧૩૯૮ અને રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૯૬૮ના મથાળે રહ્યા હતા, જ્યારે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ .ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૭૩ અને રૂ. ૧૮૩ના મથાળે ટકેલા રહ્યા હતા અને એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૬ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

## દેશ વિદેશ

# એચ-વનબી વિઝા ફીમાં વધારાના ટ્રમ્પ સરકારના નિર્ણયને કોર્ટની બહાલી

વોશિંગ્ટન ડીસીઃ અમેરિકામાં નોકરી કરવાનું સપનું જોતા વિદેશી વ્યાવસાયિકો, ખાસ કરીને ભારતીયો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કડક ઇમિગ્રેશન એજન્ડાને અમેરિકી અદાલત તરફથી લીલી ઝંડી મળી ગઈ છે. ફેડરલ જજે ટ્રમ્પ પ્રશાસનના એ નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે જેમાં એચ-વનબી વિઝાની ફીમાં તોતિંગ વધારો કરવાની જોગવાઈ છે. આ નિર્ણયથી અમેરિકી ટેક કંપનીઓ અને વિદેશી કામદારો બંનેમાં ફાળ પડી છે, કારણ કે હવે અમેરિકામાં કામ કરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડશે.

અમેરિકી ડિસ્ટ્રિક્ટ જજે મહત્વના ચુકાદામાં જણાવ્યું છે કે ટ્રમ્પ પ્રશાસન નવા એચ-વનબી વિઝા અરજીઓ પર ૧૦૦૦૦૦ ડોલરની ફી વસૂલવાની પ્રક્રિયા આગળ ધપાવી શકે છે. કોર્ટે યુએસ ચેમ્બર ઓફ કોમર્સની દલીલોને ફગાવી દેતા કહ્યું કે રાષ્ટ્રપતિ પાસે આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં આવા નિર્ણયો લેવાની કાયદેસરની સત્તા છે. અત્યાર સુધી આ ફી ૨૦૦૦ થી ૫૦૦૦ ડોલરની આસપાસ રહેતી હતી, જે હવે સીધી એક લાખ ડોલર કરી દેવામાં આવી છે.

આ નવા નિયમની સૌથી માઠી અસર ભારતીયો પર પડશે તે નક્કી છે. આંકડા મુજબ, દર વર્ષે જારી કરવામાં આવતા એચ-વનબી વિઝામાં ભારતીયોનો હિસ્સો અંદાજે ૭૦ ટકા જેટલો હોય છે. ભારતની મોટી આઈટી કંપનીઓ પોતાના કર્મચારીઓને અમેરિકા મોકલવા માટે આ વિઝાનો ઉપયોગ કરે છે. ફીમાં થયેલો આ અસહ્ય વધારો કંપનીઓના ખર્ચમાં જંગી વધારો કરશે, જેના કારણે ભારતીય આઈટી સેક્ટરના માર્જિન પર દબાણ આવશે અને ભરતી પ્રક્રિયા પણ પ્રભાવિત થઈ શકે છે.

# ભારતે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં થોડો મોડો પ્રવેશ કર્યો છે, પરંતુ તે ટૂંક સમયમાં નિકાસ શરૂ કરશેઃ અમિત શાહ

ગ્વાલિયરઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે કહ્યું કે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં ભારતનો પ્રવેશ થોડો મોડો હોવા છતાં મજબૂત છે અને તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાષ્ટ્ર ટૂંક સમયમાં આ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે અને નિકાસ શરૂ કરશે.

તેમણે એમ પણ કહ્યું કે મધ્ય પ્રદેશનું ભૌગોલિક સ્થાન એટલું આકર્ષક છે અને તેની જમીન એટલી ફળદ્રુપ છે કે રાજ્યમાં થોડી રકમનું રોકાણ કરીને પણ કરોડો રૂપિયા કમાઈ શકાય છે.

અભ્યુદય મધ્યપ્રદેશ ગ્રોથ સમિટ'ને સંબોધતા તેમણે કહ્યું કે, અમે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં મજબૂત પ્રવેશ કર્યો છે, જોકે થોડા સમયમાં, અમે સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં આત્મનિર્ભર જ નહીં, પરંતુ તેની નિકાસ પણ શરૂ કરીશું.

આ પ્રસંગે, એમણે ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહાર વાજપેયીની ૧૦૧મી જન્મજયંતિ નિમિત્તે બે લાખ કરોડ રૂપિયાના ઔદ્યોગિક પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો.

વાજપેયીજીને યાદ કરતાં તેમણે કહ્યું કે, અટલજી એક મહાન વક્તા, સંવેદનશીલ કવિ, જન કલ્યાણ માટે સમર્પિત નેતા હતા અને રાજકારણમાં અજાતશત્રુ રહ્યા.

શાહે પંડિત મદન મોહન માલવિયાને તેમની જન્મજયંતિ પર અને સી રાજગોપાલાચારીને તેમની પુણ્યજયંતિ પર શ્રદ્ધાંજલિ પણ આપી હતી.

આ પ્રસંગે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવ, કેન્દ્રીય સંદેશાવ્યવહાર પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા, વિધાનસભા અધ્યક્ષ નરેન્દ્ર સિંહ તોમર અને અન્ય ઘણા નેતાઓ હાજર રહ્યા હતા.

એમણે પ્રાદેશિક રોકાણ પરિષદોનું આયોજન કરવા બદલ મુખ્ય પ્રધાન યાદવની પ્રશંસા કરી હતી અને કહ્યું કે જ્યારે કોઈ રાજ્ય પ્રાદેશિક સંતુલન સાથે વિકાસ કરે છે, ત્યારે જનતા અને રોકાણકારોને સૌથી વધુ ફાયદો થાય છે.

# ભારતીય લશ્કરના જવાનોના ઇન્સ્ટાગ્રામના ઉપયોગ પર બંધી

નવી દિલ્હીઃ ભારતીય લશ્કરના સોશ્યલ મીડિયાના વપરાશને લઈને કડક નિયમો અમલમાં મુકાયા છે. આની હેઠળ પર ઇન્સ્ટાગ્રામના વપરાશ પર રોક લગાવી છે.

ભારતીય સેના સમયાંતરે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મના ઉપયોગને લઈને દિશા-નિર્દેશો જાહેર કરતી રહી છે. સુરક્ષાના કારણોસર તાજેતરમાં એક નવા દિશા-નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. નવા આદેશ અનુસાર, સેનાના જવાનો અને અધિકારીઓ હવેથી ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકી શકશે નહીં. તેઓ કોઈ પોસ્ટને લાઇક કરી શકશે નહી તથા કમેન્ટ પર કરી શકશે નહીં.

હવેથી ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ અન્ય લોકોની પોસ્ટ જોવા માટે અને દેશ વિરોધી ગતિવિધિઓ પર દેખરેખ રાખવાના હેતુથી કરી શકશે. આ આદેશ તમામ વિભાગોને લાગુ પડશે. નવા નિયમ મુજબ, સૈનિકોને જો સોશ્યલ મીડિયા પર કોઈ ખોટી, ગેરમાર્ગે દોરનારી અને શંકાસ્પદ પોસ્ટ દેખાય તો તેઓ પોતાના ઉપરી અધિકારીને જાણકારી આપી શકશે.

# ઉન્નાવ બળાત્કાર કેસઃ સેંગરના જામીનના વિરોધમાં સુપ્રીમમાં અરજી

નવી દિલ્હી : ૨૦૧૭ના ઉન્નાવ બળાત્કાર કેસમાં ભાજપમાંથી હાંકી કાઢવામાં આવેલા નેતા કુલદીપ સિંહ સેંગરની જેલની સજા સ્થગિત કરવાના દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. વકીલ અંજલે પટેલ અને પૂજા શિલ્પકર તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં હાઈ કોર્ટના આદેશ પર સ્ટે મૂકવાની માગ કરવામાં આવી છે. તેઓએ કહ્યું હતું કે હાઈ કોર્ટે એ ધ્યાનમાં લીધા વિના આદેશ પાસ કરી દીધો છે કે ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે સેંગરને પોતાની બાકીનું જીવન જેલમાં રહેવું જોઈએ

તેમણે જણાવ્યું હતું કે હાઈ કોર્ટે સેંગરના ગંભીર ગુનાઇત ભૂતકાળ અને બળાત્કારના જઘન્ય ગુનાઓમાં તેની સંડોવણી હોવા છતાં તેને જામીન/સજા સ્થગિત કરીને કાયદાની સાથે સાથે તથ્યોમાં પણ ગંભીર ભૂલ કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે હાઇ કોર્ટે ફરિયાદ પક્ષ દ્વારા આપવામાં આવેલા પુરાવાઓ સમજવામાં નિષ્ફળ રહી છે જે સ્પષ્ટપણે આરોપીની બર્બરતા અને ક્રૂરતા દર્શાવે છે. સાથે જ તેના બાહુબલ અને રૂપિયાની તાકાત અને ગુનાઇત વૃત્તિ પણ દર્શાવે છે. એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે જ્યારે પીડિતાના પિતા ન્યાયિક કસ્ટડીમાં હતા ત્યારે પણ આરોપીએ પરિવારને ચૂપ કરવા અને ન્યાયના યોગ્ય માર્ગમાં અડચણ પેદા કરવા માટે પીડિતાના પિતાની હત્યાનું કાવતરુ રચ્યું અને તેને અંજામ પણ આપ્યો હતો.

નોંધનીય છે કે ૨૩ ડિસેમ્બરના રોજ હાઇકોર્ટે ઉન્નાવ બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા સેંગરની જેલની સજા સ્થગિત કરી દીધી હતી અને કહ્યું હતું કે તે પહેલાથી જ સાત વર્ષ અને પાંચ મહિના જેલમાં રહી ચૂક્યો છે. સેંગરની સજા હાઇકોર્ટ દ્વારા બળાત્કાર કેસમાં તેની દોષિત ઠેરવવામાં આવેલી સજા અને સજાને પડકારતી તેની અપીલ પેન્ડિંગ રહે ત્યાં સુધી સ્થગિત કરવામાં આવી છે. તેણે આ કેસમાં ડિસેમ્બર ૨૦૧૯ના ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર્યો છે. જોકે, તે જેલમાં રહેશે કારણ કે તે પીડિતાના પિતાના કસ્ટોડિયલ ડેથ કેસમાં પણ ૧૦ વર્ષની જેલની સજા ભોગવી રહ્યો છે અને તે કેસમાં તેને જામીન આપવામાં આવ્યા નથી.

અનેક શરતો લગાવતા હાઈ કોર્ટે સેંગરને ૧૫ લાખ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ અને એટલી જ રકમની ત્રણ શ્યોરિટી આપવાના નિર્દેશ આપ્યા હતા.સેંગરે પીડિતાનું અપહરણ અને બળાત્કાર કર્યો હતો ત્યારે તે સગીર હતી. હાઈ કોર્ટે એમ પણ કહ્યું હતું કે તે દિલ્હીમાં પીડિતાના ઘરની પાંચ કિમીની ત્રિજ્યામાં ન જાય અને તેણીને અથવા તેણીની માતાને ધમકી ન આપે. કોઈપણ શરતોનું ઉલ્લંઘન કરવાથી જામીન રદ કરવામાં આવશે. પીડિતાના પિતાના કસ્ટોડિયલ મૃત્યુના કેસમાં તેની સજા સામે સેંગરની અપીલ પણ પેન્ડિંગ છે, જ્યાં તેણે જેલમાં નોંધપાત્ર સમય વિતાવ્યો હોવાના આધારે સજા સ્થગિત કરવાની માંગ કરી છે.

# કેલિફોર્નિયામાં વાવાઝોડાનો વિનાશઃ અનેક ભેખડો ધસી

લોસ એન્જલસઃ કેલિફોર્નિયામાં બુધવારે એક શક્તિશાળી શિયાળુ વાવાઝોડું આવ્યું હતું, જેમાં ભારે વરસાદ અને તેજ પવન સાથે કાદવનું ભૂસ્ખલન અને કાટમાળના પ્રવાહને કારણે કેટલાકને પાણીમાં ડૂબતા બચાવાયા અને સ્થળાંતરના આદેશો આપવામાં આવ્યા છે.

આગાહીકારોએ જણાવ્યું હતું કે દક્ષિણ કેલિફોર્નિયા વર્ષોમાં આ સૌથી વધુ ભીનું ક્રિસમસ છે. અચાનક પૂર અને કાદવના ભૂસ્ખલન વિશે ચેતવણી અપાઇ હતી.

જાન્યુઆરીની જંગલી આગથી સળગી ગયેલા વિસ્તારો ખાલી કરાવવાની ચેતવણી હેઠળ હતા, અને લોસ એન્જલસ કાઉન્ટીના અધિકારીઓએ અગાઉના દિવસે જણાવ્યું હતું કે તેઓએ ખાસ કરીને સંવેદનશીલ ૩૮૦ ઘરને લગભગ સ્થળાંતરના આદેશો પહોંચાડ્યા હતા.

સૅન બર્નાર્ડિનો કાઉન્ટીના અગ્નિશામકોએ જણાવ્યું હતું કે જ્યારે કાદવ અને કાટમાળ લોસ એન્જલસથી લગભગ ૧૩૦ કિલોમીટર ઉત્તરપૂર્વમાં સાન ગેબ્રિયલ પર્વતોમાં આવેલા પર્વતીય રિસોર્ટ શહેર રાઈટવૂડ તરફ જતા રસ્તા પર ધસી આવ્યા ત્યારે તેઓએ કારમાં ફસાયેલા લોકોને બચાવ્યા હતા. કેટલા લોકોને બચાવવામાં આવ્યા તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી.

અગ્નિશામકોએ રહેવાસીઓની તપાસ કરવા માટે ઘરે ઘરે જઈને પણ આશ્રયસ્થાનમાં જવાનો આદેશ આપ્યો હતો,

અધિકારીઓએ જણાવ્યું હતું. સૅન ગેબ્રિયલ પર્વતોમાં આવેલા લિટલ ક્રીકમાં પણ બપોર પછી વરસાદ ચાલુ રહ્યો હોવાથી સ્થળાંતરનો આદેશ આપવામાં આવ્યો હતો.

કાઉન્ટી ફાયર અધિકારીઓ દ્વારા પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં રાઈટવુડમાં રસ્તા પર કાટમાળ અને કાદવ ઢોળાઈ રહ્યો હતો. બીજા એક વીડિયોમાં ઘણા ઘરોના આગળના ભાગમાંથી ઝડપથી વહેતું પાણી જોવા મળ્યું હતું.

માલિબુ સહિત દરિયાકાંઠાના વિસ્તારો સાંજ સુધી પૂરની ચેતવણી હેઠળ હતા, અને સેક્રેમેન્ટો ખીણ અને સૅન ફ્રાન્સિસ્કો ખાડી વિસ્તારનો મોટાભાગનો ભાગ પણ પવન અને પૂરની સલાહ હેઠળ હતો. ■

# એપસ્ટીન ફાઈલ્સ સંબંધિત ૧૦ લાખ દસ્તાવેજો મળ્યા, જાહેર કરવામાં હજુ કેટલાક સપ્તાહ લાગશે

વોશિંગ્ટન : અમેરિકામાં જેફ્રી એપસ્ટીન કેસ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. ન્યાય વિભાગે બુધવારે જાહેરાત કરી હતી કે એપસ્ટીન કેસ સંબંધિત ૧૦ લાખથી વધુ નવા દસ્તાવેજો મળ્યા છે જેને સાર્વજનિક કરવામાં હજુ વધુ સમય લાગી શકે છે. આટલા બધા દસ્તાવેજોની સમીક્ષા અને જરૂરી ફેરફાર કરવામાં હજુ થોડા અઠવાડિયા લાગી શકે છે. ન્યાય વિભાગે જણાવ્યું હતું કે જાતીય અપરાધી જેફરી એપસ્ટીન પરના તેના તમામ રેકોર્ડ્સ જાહેર કરવા માટે થોડા અઠવાડિયા લાગી શકે છે, કારણ કે અચાનક તેને દસ લાખથી વધુ સંભવિત રીતે સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા હતા, જેના કારણે ગયા શુક્રવારે કોંગ્રેસ દ્વારા નક્કી કરવામાં આવેલી સમયમર્યાદાનું પાલન કરવામાં વધુ વિલંબ થયો હતો.

ક્રિસ્મસ અગાઉ આ જાહેરાત ત્યારે થઈ જ્યારે એક ડઝન અમેરિકન સિનેટરોએ ન્યાય વિભાગના વોચડોગને સમયમર્યાદા પૂરી કરવામાં તેની નિષ્ફળતાની તપાસ કરવાની વાત કરી હતી. ૧૧ ડેમોક્રેટ્સ અને એક રિપબ્લિકનના ગ્રુપે કાર્યકારી ઇન્સ્પેક્ટર જનરલ ડોન બર્થિયૂમને એક પત્રમાં જણાવ્યું હતું કે પીડિત સંપૂર્ણ ખુલાસો અને સ્વતંત્ર ઓડિટના મનની શાંતિને પાત્ર છે.

ન્યાય વિભાગે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે મૈનહટનમાં ફેડરલ પ્રોસિક્યૂટર અને એફબીઆઈના દસ લાખથી વધુ દસ્તાવેજો શોધી કાઢ્યા છે જે એપસ્ટીન કેસ સાથે સંબંધિત હોઈ શકે છે. વિભાગના અધિકારીઓએ મહિનાઓ પહેલા સૂચવ્યું હતું કે તેઓએ એક વ્યાપક સમીક્ષા હાથ ધરી છે જેમાં એપસ્ટીન સંબંધિત દસ્તાવેજોની તપાસ કરી છે. માર્ચમાં એટોર્ની જનરલ પામ બોન્ડીએ ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે એફબીઆઈએ એપસ્ટીનની તમામ ફાઈલો મારી ઓફિસમાં પહોંચાડવાનો આદેશ આપ્યા બાદ પુરાવાઓનો ટ્રક રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે આ નિર્દેશ જાહેર કર્યા પછી કહ્યું કે તેમને એક અજાણ્યા સ્ત્રોત પાસેથી જાણવા મળ્યું કે ન્યૂયોર્કમાં એફબીઆઈ પાસે હજારો પાનાના દસ્તાવેજો છે.

ગયા અઠવાડિયે એક પત્રમાં ડેપ્યુટી એટોર્ની જનરલ ટોડ બ્લેન્ચે જણાવ્યું હતું કે મેનહટનના ફેડરલ પ્રોસિક્યુટર્સ પાસે પહેલાથી જ એપ્સ્ટિન અને તેમના લાંબા સમયના વિશ્વાસુ ઘિસ્લેન મેક્સવેલ સામે સેક્સ ટ્રાફિકિંગ તપાસના ૩.૬ મિલિયનથી વધુ રેકોર્ડ છે, જોકે ઘણા બધા એફબીઆઈ દ્વારા પહેલાથી જ સોંપવામાં આવેલા દસ્તાવેજોની નકલો હતી.

ન્યાય વિભાગે જણાવ્યું હતું કે તેમના વકીલો એપ્સટિન ફાઇલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ હેઠળ જરૂરી દસ્તાવેજોની સમીક્ષા કરવા અને પીડિતોના નામ અને અન્ય ઓળખ માહિતી હટાવવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છે. અમે શક્ય તેટલી વહેલી તકે દસ્તાવેજો જાહેર કરીશું. આ પ્રક્રિયામાં થોડા વધુ અઠવાડિયા લાગી શકે છે. ■

# શૅરબજારમાં નફાના નામે ભુજના નોકરિયાત યુવકે ૧૬,૦૫,૪૯૦ લાખ રૂપિયા ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ફાસ્ટ ઈન્ટરનેટના આજના ‘ડિજિટલ એરા’માં નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધીનાઓ સતત ઓનલાઇન ઠગીના શિકાર બની રહ્યા છે અને ખાસ કરીને ભારતીય શૅરબજારમાં ઓપ્શન ટ્રેડિંગ, બલ્ક ટ્રેડિંગ, ઇન્ટ્રા-ડે ટ્રેડિંગ પ્રત્યે રોકાણકારોમાં રુચિ વધવાની સાથે ટીપ આપીને વધુ નફો કમાવી આપવાના નામે બની બેઠેલા ટ્રેડિંગ ગુરુઓ કમ ઓનલાઇન ચીટરોનો વ્યાપ પણ સતત વધી રહ્યો છે તેવામાં ભુજ શહેરના નોકરિયાત યુવક સાથે શૅરબજારમાં નફો કમાવી આપવાના બહાને સાયબર ક્રિમિનલોએ રૂ.૧૬ લાખની છેતરપિંડી આચરતાં ભારે ચકચાર પ્રસરી હતી.

આ ફ્રોડ અંગે મૂળ અબડાસા તાલુકાના મંજલ રેલડિયાના વતની અને હાલ ભુજ રહેતા અને ખાનગી નોકરી કરતા અજિતસિંહ ખેંગારજી જાડેજાએ ભુજ બોર્ડર રેન્જના સાયબર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ ગત તા. ૨૧-૪ના તેની જાણબહાર એક વોટ્સ ગ્રૂપમાં એડ કરવામાં આવ્યો હતો. આ ગ્રૂપના એડમિન એવા આદિત્ય શર્મા અને સાઇ મરાઠાવાળાએ પોતાની ‘દક્ષી એલાઇટ ઇન્વેસ્ટમેન્ટ સર્ક’ નામના ફર્મ તરફથી હોવાની ઓળખ આપી હતી.

તેમનું આ કહેવાતું ફર્મ સ્ટોક માર્કેટ ઇન્વેસ્ટમેન્ટ તથા આઇપીઓને લગતા કામમાં માર્ગદર્શન આપવાનું કામ કરે છે તેમ જણાવાયું હતું. આ ગ્રૂપમાં આવતાં રહેતા સંદેશાઓ જોતા રહેતા હતા. ત્યારબાદ ગત તા. ૪-૭ના રોજ શેરબજારમાં રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં એડમીન દ્વારા ‘ફિઇર્સ મેકસ’ નામના થર્ડ પાર્ટી સોફટવેરની તેમને લિંક મોકલવામાં આવતાં આ સોફટવેરને સ્માર્ટફોનમાં ડાઉનલોડ કરી, રજિસ્ટ્રેશન માટેની જરૂરી અંગત માહિતી ભરી હતી અને પ્રથમ રૂ. પાંચ હજારનું રોકાણ કરતાં ફાયદો થયો હતો. જે વિડ્રોઅલ કરાવતાં ખાતામાં જમા પણ થયા હતા. વિશ્વાસ આવતાં ફરિયાદીએ બાદમાં બે માસ દરમ્યાન જુદા જુદા ટ્રાન્ઝેક્શન કરીને કુલ મળીને રૂ. ૧૬,૦૫,૪૯૦નું રોકાણ કર્યું હતું. આ બાદ આઇપીઓ ભરવાની સલાહ આપતાં ફરિયાદી સહમત થયા હતા, પરંતુ એપની પૂરતી બેલેન્સ ન હોવાથી ના પાડી હતી. આથી તેમણે એપમાંથી લોન લેવાનો વિકલ્પ આપતાં લોન લેતાં રૂ. ૧૮ લાખની રકમ લોન પેટે વોલેટમાં જમા થઈ હતી અને ફરિયાદની આઈપીઓ પણ લાગ્યા હતા. જેમાં સારો એવો ‘પ્રોફિટ’ જમા થયો હતો. ફરિયાદીને રૂપિયાની જરૂરત ઊભી થતાં પૈસા ઉપાડવા ગયો હતો, પરંતુ પૈસા લઈ શક્યો ન હતો. પૂછપરછ કરતાં તમારું પેમેન્ટ કંપનીની એડવાઈઝરી કમિટી સમક્ષ છે અને ત્યાંથી એપ્રુવલ મળ્યાં બાદ નાણાં વિડ્રો કરાવી શકશો તેવા બહાના કર્યાં હતાં.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું પામી ગયેલા યુવકે ઓનલાઈન સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ આપી જેના પગલે બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વીતેલા છ માસ દરમ્યાન મૂળ કોલકાતાના અને કચ્છના આદિપુર મધ્યે એક ખાનગી કંપનીમાં એચ.આર. મેનેજર તરીકે ફરજ બજાવનારા આધેડ સાથે પણ આ જ રીતે શૅરબજારમાં નફો કમાવવાના નામે ૩૦ લાખથી વધુની ઠગાઈ સાયબર ક્રિમિનલો દ્વારા આચરવામાં આવી હતી. તેમ જ ભુજ શહેરના જાણીતા તબીબ સાથે શૅરબજારમાં નફો કમાવી આપવાના બહાને સાયબર ક્રિમિનલોએ ૩૫ દિવસના ટૂંકા સમયગાળામાં રૂા.૪૧ લાખની છેતરપિંડી આચરી હતી. સાયબર પોલીસે આવા બની બેઠેલા ટ્રેડિંગ ગુરુઓથી સાવધાન રહેવા અને ઓથોરિટીને રિપોર્ટ કરવા નાગરિકોને અપીલ કરી હતી. ■



**સ્વદેશી સાયક્લોથોનઃ** રાજકોટમાં મનપા દ્વારા યોજવામાં આવેલી સ્વદેશી સાયક્લોથોનમાં ૩૨૦૦ લોકોએ ભાગ લીધો હતો. પાંચ કિલોમીટર માટે યોજાયેલી સાયક્લોથોનમાં લોકોએ સ્વાસ્થ્ય અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો સંદેશ આપ્યો હતો. (પ્રવિણ સેદાની)

# અંજારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે દુકાનદારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મકરસંક્રાંતિ પર્વના શરૂ થઇ ચૂકેલા કાઉન્ટડાઉન વચ્ચે માનવો અને પશુ-પક્ષીઓ માટે ઘાતક એવી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વપરાશ અને વેંચાણને નાથવા માટે રાજ્યસ્તરે ચાલી રહેલાં કોમ્બિંગ અંતર્ગત કચ્છ પોલીસે અંજારના ૬ મીટર રોડ પર આવેલી રમકડાંની એક દુકાનમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાને જપ્ત કરી આરોપી સામે જાહેરનામા ભંગની કાયદેસરની કાર્યવાહી કરી હતી.

થોડા દિવસ પૂર્વે રાપરમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાની હડફેટે પાંચ મોટરસાઇકલ ચાલકો ઘવાયા હોવાની ઘટનાના ગણતરીના દિવસો બાદ હરકતમાં આવેલી કચ્છ પોલીસ ભુજ, અંજાર,ગાંધીધામ, રાપર, માંડવી સહિતના મથકોએ વ્યાપક કોમ્બિંગ હાથ ધર્યું છે એ વચ્ચે અંજાર શહેરના ૬ મીટર રોડ પર આવેલી ટોયમોલ એન્ડ સિઝનેબલ નામની દુકાનમાં ચાઈનીઝ દોરી વેચાતી હોવાની પૂર્વ બાતમીના આધારે અહીં દરોડો પાડવામાં આવ્યો હતો. દુકાનની તપાસ દરમ્યાન ‘ફોર ઈન્ડસ્ટ્રીયલ યુઝ ઓન્લી’ મોનો સ્કાય લખેલી, રૂ.૩૦૦૦ની ૬ ચાઈનીઝ દોરીની ફિરકી મળી આવતાં અંજાર પોલીસે લિયાકતઅલી ઈકબાલ મેમણની ધરપકડ કરી, તેના વિરુદ્ધ કાયેદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# રાપરના ભુટકિયા નજીક કારે હડફેટમાં લેતાં એકનું મોત : એક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં અપમૃત્યુના બનેલા વિવિધ બનાવોમાં ત્રણ લોકોના અકાળે મોત નિપજતાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી.

રાપરના ભુટકિયા નજીક મોટરકારની હડફેટે ચડેલા અશોક ધીરુ મકવાણા નામના યુવકનું મોત થયું હતું જયારે અન્ય એકને ગંભીર ઇજાઓ પહોંચી હતી. જયારે સામખિયાળી-રાધનપુર માર્ગ પરના લાકડિયા નજીક અજાણ્યાં વાહનની ટક્કરે હિરા રાજા કોળી (ઉં.વ.૨૫)એ જીવ ખોયો હતો તથા ગાંધીધામ ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં સીડી પરથી પટકાતાં ડાયા ગોવિંદ સેનમા (ઉં.વ. ૩૭)નું મોત થયું હતું. ભીમાસરમાં મામાના ઘરે રહેનાર ફરિયાદી સંદીપ સુરા પરમાર (રાજપૂત) અને તેની સાથે ગેરેજમાં કામ કરનાર અશોક મકવાણા પ્રાગપરથી મોટરસાઇકલ પર સવાર થઈને ભીમાસર પરત આવી રહ્યા હતા. આ વેળાએ ભુટકિયા નજીક તેમનું વાહન બંધ પડી જતાં તેઓ રોડની બાજુએ ઊભા રહીને મોટરસાઈકલને ચાલુ કરવા પ્રયત્ન કરી રહ્યા હતા, ત્યારે પાછળથી આવેલી મોટરકારે બંને યુવકોને હડફેટમાં લેતાં બંને ફૂટબોલની જેમ રસ્તા પર ફંગોળાયા હતા, જેમાં અશોકને ગંભીર ઇજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું જયારે ઘવાયેલા ફરિયાદીને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઇ જવાયો હતો. પોલીસે મોટરકાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુ એક જીવલેણ સડક દુર્ઘટના સામખિયાળી-રાધનપુર ધોરીમાર્ગ પરના લાકડિયા નજીક બનવા પામી હતી જેમાં આડેસરમાં રહેનાર હિરા કોળી અને તેના મામાનો પુત્ર હરેશ ભચાઉ ખાતે નવી મોટરસાઇકલ નોંધાવવા શો-રૂમ ગયા હતા. બંને રાત્રિના સમયે દ્વિ-ચક્રી વાહન લઇને પરત આવી રહ્યા હતા, તેવામાં પાછળથી ધસી આવેલા અજાણ્યાં વાહને ટક્કર મારી દેતાં હિરા કોળીનું ગંભીર ઇજાઓને પગલે સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જયારે ફરિયાદી ભરત રાજા કોળીનો ચમત્કારિક બચાવ થયો હતો.

દરમ્યાન, અપમૃત્યુનો વધુ એક બનાવ ગાંધીધામના કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ખાતેની એક કંપનીમાં બન્યો હતો જેમાં સીડી પર ચડી રહેલા ડાયા ગોવિંદ સેનમા નામનો યુવક નીચે પડી જતાં તેને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચી હતી. તેને સારવાર અર્થે લઇ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પોરબંદરમાં ભરશિયાળે કેસર કેરીનું આગમન

## પ્રતિ કિલોએ ૧૧૫૧ રૂપિયા ભાવ બોલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરના માર્કેટયાર્ડમાં એક અનોખું કુતૂહલ સર્જાયું હતું. કેસર કેરીનો સ્વાદ માણવા લોકો ઉનાળાની રાહ જોતા હોય છે, પરંતુ પોરબંદરમાં ભરશિયાળે કેસર કેરીનું આગમન થયું હતું. અમરેલીના ખાંભા પંથકમાંથી ૧૦ કિલો કેસર કેરી પોરબંદર યાર્ડમાં આવી હતી. સામાન્ય રીતે એપ્રિલ-મે મહિનામાં કેસર કરી બજારમાં આવતી હોય છે, પરંતુ અત્યારે ડિસેમ્બરની ગુલાબી ઠંડીમાં કેસર કરી આવી હોવાથી કેરી રસિકોમાં આનંદ વ્યાપ્યો હતો

પોરબંદરના માર્કેટયાર્ડમાં આ કેસર કેરીનો પ્રતિ કિલોએ ૧૧૫૧ રૂપિયા ભાવ બોલાયો હતો. પોરબંદર યાર્ડમાં ખેડૂતોને કેરીના સારા ભાવ મળી રહ્યા હોવાથી સૌરાષ્ટ્રના અન્ય પંથકમાંથી પણ ખેડૂતો અહીં માલ મોકલી રહ્યા છે. પોરબંદરના વેપારીઓએ આ મોંઘીદાટ કેસર કેરીની ખરીદી કરીને તેને ખાસ પેકિંગમાં યુકેમાં એક્સપોર્ટ કરી હતી. અમરેલીની વાડીઓમાં પાકેલી કેરી પોરબંદરના માધ્યમથી સાત સમંદર પાર પહોંચવાની છે. ગીર-તાલાળા બાદ હવે અમરેલી અને બરડા વિસ્તારના બગીચાઓમાં પણ શિયાળુ કેરીનો પાક જોવા મળી રહ્યો છે.

પોરબંદર માર્કેટિંગ યાર્ડ ખાતે આવેલ સુદામા ફ્રૂટ કંપની ખાતે છેલ્લા ૧૫ દિવસ દરમિયાન પોરબંદર, ગીર સોમનાથ તથા અમરેલી જિલ્લાની એમ ત્રણ જિલ્લાઓમાંથી કેસર કેરીનું આગમન થયું છે. અમરેલી જિલ્લાના કંટાળા ગામથી ૧૦ કિલો કેસર કેરી આવી હતી. આ કેરીની હરાજી દરમિયાન ૧ કીલો કેરીનો ભાવ ૧૧૫૧ રૂપિયા એમ ૧૦ કીલોનું ૧ બોક્સ ૧૧૫૧૦ રૂપિયામાં વેચાયું હતું. ■

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ખ્રિસ્તી સમુદાયના મહાપર્વ નાતાલની ઉજવણી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ખ્રિસ્તી સમુદાયના તહેવાર ક્રિસમસની સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઉજવણી થઈ હતી. રાજકોટ, જામનગર, જૂનાગઢ સહિતનાં શહેરો સાથે કચ્છનાં વિવિધ શહેરોમાં પણ ચર્ચને શણગારવામાં આવ્યા હતા અને લોકોએ પ્રેયર કરી હતી.

રણપ્રદેશ કચ્છના દેવળોમાં મધ્યરાત્રીની પ્રાર્થનાની સાથે જ નાતાલ પર્વની ઉમંગભેર ઉજવણી શરૂ કરાઈ હતી અને ભુજિયા ડુંગરની તળેટીમાં આવેલા દેવળોમાં રંગબેરંગી રોશની કરવામાં આવી હતી. ઠંડીમાં આંશિક રાહત મળવા છતાં એકંદરે નાતાલની ઉજવણી વ્હાઇટ ક્રિસમસ જેવા માહોલમાં જ થઇ રહી છે.



જૂનાગઢમાં ચર્ચને શણગારવામાં આવ્યું હતું- હરેશ સોની)

ભુજના વિક્ટોરિયન સમયગાળાના સેન્ટ એન્ડ્રુઝ ચર્ચ ખાતે નાતાલની પૂર્વ મધ્યરાત્રીએ ‘મીડ નાઈટ પ્રેયર’ યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં ભુજમાં સ્થાયી થયેલા ખ્રિસ્તી પરિવારો ઉમટ્યાં હતા. આ ઉપરાંત ધાણેટી તેમજ નાડાપા ખાતે મિશનરી શાળાઓમાં નાતાલની ઉજવણી કરાઈ હતી. ભુજ, ગાંધીધામ,મુંદરા અને કંડલા ખાતે પણ આજે દેવળોમાં નાતાલની ચમક દેખાઈ રહી છે. કચ્છમાં ભૂકંપ બાદ થયેલા ઔદ્યોગિકીકરણ બાદ ખ્રિસ્તી પરિવારોની સંખ્યામાં વધારો થયો છે જેને લઈને નાતાલના તહેવારોની રંગત વધી રહી છે. ભુજની બજારોમાં સાન્ટાક્લોઝના કટ-આઉટ, ક્રિસ્મસ ટ્રીની રોશની પણ જોવા મળી રહી છે. આજે ઠેર ઠેર ગિફ્ટ આર્ટીક્લ્સની અને સ્ટેશનરીની દુકાનોમાં તેમજ હોટલ-રેસ્ટોરાંમાં પણ નાતાલની રંગત વર્તાઈ રહી છે. લોકો પ્લાસ્ટિકની ક્રિસમસ ટ્રીને બદલે સાચી ક્રિસમસ ટ્રી તરફ વળ્યાં છે.

દરમ્યાન, કચ્છના ધોરડો ખાતેના સફેદ રણ ખાતે ચાલી રહેલા રણોત્સવમાં પણ નાતાલની અસર વર્તાઈ હતી. ■

# સફેદ માખીઓના કારણે ગીર સોમનાથમાં નારિયેળીના બગીચા નષ્ટ કરવા ખેડૂતો મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લામાં સફેદ માખીના ઉપદ્રવથી નારિયેળીના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે છેલ્લા પાંચ વર્ષથી આ સમસ્યાના કારણે ૧૪ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર કરનારા ખેડૂતો પરેશાન છે. સફેદ માખીઓ ખેડૂતો માટે નુકસાનીનું મોટું કારણ બની ગયું છે. ‘લીલી નાઘેર’ તરીકે ઓળખાતા સોરઠ પ્રદેશમાં અગાઉ નારિયેળીનું મબલખ ઉત્પાદન થતું હતું. પરંતુ હવે ઉત્પાદનમાં ભારે ઘટાડો નોંધાઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

સોરઠ પ્રદેશમાં છેલ્લા પાંચેક વર્ષથી સફેદ માખીનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે નારિયેળીના પાકને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વેરાવળ તાલુકાના સોનારીયા ગામમાં પણ ખેડૂતો નારિયેળીના વૃક્ષોનું કટિંગ કરીને બગીચા નષ્ટ કરી રહ્યા છે. સોનારીયા ગામના એક ખેડૂતે જણાવ્યું હતું કે, સફેદ માખીઓ નારિયેળીના પાક સતત નિષ્ફળ કરી રહી છે. સફેદ માખીના નિયંત્રણ માટે અનેક દવાઓનો ઉપયોગ કર્યો છે, તેમ છતાં પણ ઉપદ્રવ ઓછો થતો નથી. જેથી હવે થાકીને નારિયેળીના બગીચા નષ્ટ કરીને મોસમી ખેતી જ એક માત્ર ઉપાય બની ગયો છે. ■

# ભાવનગરના ચકચારી ત્રિપલ મર્ડર કેસમાં શૈલેષ ખાંભલાની પ્રેમિકાને કોર્ટમાં રજૂ કરાઈ

ભાવનગર : ભાવનગરના તળાજા રોડ પર આવેલી ફોરેસ્ટ કોલોનીમાં ૧૬ નવેમ્બરના રોજ જમીનમાં દફન કરાયેલી હાલતમાં શૈલેષ ખાંભલાના પત્ની નયનાબેન તથા તેમના બે સંતાનો ભવ્ય અને પૃથાના મૃતદેહો મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં હત્યારા પતિના પ્રેમ પ્રકરણને કારણે હત્યા કરવામાં આવી હોવાની શંકા પોલીસને ગઈ હતી. ત્રિપલ હત્યા કેસમાં આરોપી સાથે પ્રેમિકાનો શું રોલ હતો, તે દિશામાં પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. આ માટે પોલીસે જૂનાગઢથી આરોપીની પ્રેમિકાની તપાસ સંદર્ભે ભરતનગર પોલીસે ભાવનગર કોર્ટમાં રજૂ કરી હતી. એડિશનલ સિવિલ જજની કોર્ટમાં કલમ ૧૮૩ મુજબ બંધબારણે જજની હાજરીમાં તેમનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. ■

# પ્રકૃતિ અને પરમેશ્વરનો સંગમ માણવા ગિરનાર પર્વત પર રજાઓમાં ઉમટ્યું માનવ મહેરામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિરનાર પર્વત પર નાતાલના વેકેશનને લઈ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા હતા. ગુલાબી ઠંડી અને રજાઓના સંગમે જૂનાગઢને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. ગિરનારની તળેટીથી લઈને માં અંબાના શિખર સુધી જય ગિરનારીના નાદ સાથે આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. જૂનાગઢમાં માત્ર ગુજરાત જ નહીં, પરંતુ મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દેશના ખૂણેખૂણેથી પ્રવાસીઓ આવતા હોય છે. પ્રવાસીઓ માટે ગિરનાર ચઢવા માટે રોપ-વેની સુવિધા પણ રાખવામાં આવી છે.

ગિરનાર પર્વત તેની અદ્‌ભુત પ્રાકૃતિક સુંદરતા અને આધ્યાત્મિક શક્તિને કારણે પ્રવાસીઓની પહેલી પસંદ છે. અહીં પ્રકૃતિ અને પરમેશ્વરના અદ્‌ભુત સમન્વયની અનુભૂતિ થાય છે. ગિરનાર અહીં આવતા લોકોના મનને શાંતિ આપે છે. એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ-વેની સુવિધા શરૂ કરવામાં આવતા યાત્રિકો માટે માં અંબાના દર્શન અત્યંત સરળ બન્યા છે.

અત્યારે નાતાલની રજાઓ ચાલી રહી છે જેથી રોપ-વે માટે પ્રવાસીઓની લાંબી કતારો જોવા મળી હતી. રોપ-વે સંચાલકો દ્વારા પ્રવાસીઓ માટે પીવાના પાણી, જમવા અને ખાસ કરીને વૃદ્ધો માટે અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. માત્ર ૧૦ મિનિટની રોપ-વે સફર દરમિયાન ગિરનાર અને જંગલનાં દ્રશ્યો જોઈ પ્રવાસીઓ આનંદીત થઈ જતા હોય છે. આ સાથે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આવતા યાત્રિકો માટે ચા-પાણી અને પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. આ દરમિયાન લોકોની સુરક્ષા અને ટ્રાફિકના નિયમન માટે વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

ગિરનાર ઉપરાંત જૂનાગઢ, વેરાવળ, ગીર-સોમનાથ પણ પર્યટકોના પ્રિય સ્થળ છે. અહીં સામાન્ય દિવસોમાં પણ પ્રવાસીઓ આવતા રહે છે. ■

ભાવનગરના ચકચારી ત્રિપલ મર્ડર કેસમાં શૈલેષ ખાંભલાની પ્રેમિકાને કોર્ટમાં રજૂ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : ભાવનગરના તળાજા રોડ પર આવેલી ફોરેસ્ટ કોલોનીમાં ૧૬ નવેમ્બરના રોજ જમીનમાં દફન કરાયેલી હાલતમાં શૈલેષ ખાંભલાના પત્ની નયનાબેન તથા તેમના બે સંતાનો ભવ્ય અને પૃથાના મૃતદેહો મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં હત્યારા પતિના પ્રેમ પ્રકરણને કારણે હત્યા કરવામાં આવી હોવાની શંકા પોલીસને ગઈ હતી.

ત્રિપલ હત્યા કેસમાં આરોપી સાથે પ્રેમિકાનો શું રોલ હતો, તે દિશામાં પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. આ માટે પોલીસે જૂનાગઢથી આરોપીની પ્રેમિકાની તપાસ સંદર્ભે ભરતનગર પોલીસે ભાવનગર કોર્ટમાં રજૂ કરી હતી. એડિશનલ સિવિલ જજની કોર્ટમાં કલમ ૧૮૩ મુજબ બંધબારણે જજની હાજરીમાં તેમનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. ■

# તળાજી નદી પરના રાજાશાહી વખતના પુલમાં તિરાડ પડતાં જ તાત્કાલિક બંધ કરવાની ફરજ પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તળાજી નદી પરનો એક સમયે તળાજા શહેર અને હાઇવેને જોડતો રાજાશાહી વખતનો પુલ વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો હતો. તંત્ર તરફથી અગાઉ કોઈજ જાહેર સૂચના આપ્યા વગર જ ઓન ધ સ્પોટ પુલ પરથી વાહનો ન ચાલે તે માટે પુલ પર ચડતા પહેલાનો રસ્તો જ ખોદી નાખવામાં આવતા તમામ વાહનોને દરબાર ગઢ, તળાજી નદી પરના ભીડભંજન મહાદેવ મંદિર પાસેથી ચાલવાની ફરજ પડી હતી. જેના પગલે નગરવાસીઓમાં પુલ તૂટ્યાની વાતના ફોન રણકતા થયા હતા.

સ્થળ પરની મુલાકાત દરમિયાન વાસ્તવિકતા એ જોવા મળી હતી કે આ પુલની બાજુમાં જ નવો બીજો પુલ બનાવવાની કાર્યવાહી ચાલુ હોય તેને લઈ જૂના પૂલને સ્પોર્ટ કરતી કુદરતી માટીની ભેખડ ખોદી નાખવામાં આવતા વર્ષો જૂનો રાજાશાહી વખતનો પુલ આગળના ભાગેથી નબળો પડ્યો હોય અને રોડ પર તિરાડ જોવા મળી હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળ પર હાજર ઈજનેરે જણાવ્યું હતુ કે આ દુર્ઘટના નથી. નવા પુલના નિર્માણ માટેની કામગીરી ચાલુ હોય બાજુમાં જ પુલ બનાવવાનો હોય, કોઈ મોટી દુર્ઘટના ન ઘટે તેના અગમચેતીના ભાગરૂપે પુલ પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. ■

# જૂનાગઢમાં દીપડાએ બાળક પર હુમલો કર્યો

અમદાવાદઃ સાસણ ગીરના સિંહો આસપાસના ગામડાઓમાં સતત દેખાયા કરે છે. સિંહ સાથે દીપડા સહિતના અન્ય વન્ય પ્રાણી પણ દેખાતાં રહે છે. આ દીપડાઓ માનવ વસાહતોમાં ટહેલતા નજરે ચડે છે અને ઘણીવાર લોકોને ઘાયલ કરે છે, અથવા તેમને ફાડી પણ ખાય છે. આવો જ કિસ્સો જૂનાગઢના બગડું ગામે નોંધાયો હતો. અહીં દીપડાએ એક નવ વર્ષના બાળકને નિશાન બનાવ્યું હતું. આ ઘટનાને રહીશોમાં ડરનો મોહાલ પેદા થયો હતો. અહીંના વાડીવિસ્તારમાં રહેતા શ્રમિક પરિવાર પોતાના કામમાં વ્યસ્ત હતો ત્યારે અચાનક દીપડો આવી ચડ્યો હતો અને તેણે નવ વર્ષના બાળકને શિકાર બનાવ્યો હતો. બાળકે ચીસાચીસ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. દીપડો ભાગી ગયો હતો, પરંતુ બાળક લોહીલુહાણ થઈ ગયું હતું. હાલમાં હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■